# વાર્તા વિહાર

- લેખક -


વર્ધમાન તપોનિધિ-ન્યાય વિશારદ

**આચાર્યદેવ શ્રીમદ્ વિજય**

**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**





-: પ્રકાશક :-

**શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ**

૩૯, કલિકુંડ સોસાયટી,

મફલીપુર ચાર રસ્તા,

ધોળકા-૩૮૭૮૧૦

**www.jainonline.org**




### -: સૌજન્ય :-

અમારા પરિવારના પરમોપકારી પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિશ્રી

**જયઘોષ સૂરીશ્વરજી મહારાજા**ના શુભ આશિર્વાદથી

માતુશ્રી **નાજુદેવી**, સ્વ. પિતાશ્રી **મોતીલાલજી પાલરેચા (જૈન)**

હસ્તેઃ **ભંવરલાલજી, મીઠાલાલજી, સુમેરજી, અશોકજી**

મોકલસર (રાજ.), હાલ : ભીવંડી


• સંવત ૨૦૭૦ • કિંમત : રૂા. ૬૦/-

-: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :-

**દિવ્યદર્શન ટ્રસ્ટ - કુમારપાળ વિ. શાહ**

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા, ધોળકા-૩૮૭૮૧૦

**www.jainonline.org**

**ભાનૂદય ધામ**

**પિયુષભાઈ સી. શાહ**

સી /૨, દિકશાંતિ ઍપાર્ટમેન્ટ,

રજવાડું હૉટલ પાસે,

જીવરાજ પાર્ક,અમદાવાદ-૫૧

મો. ૦૯૯૨૪૫૧૨૯૨૯

**ઉર્મિલભાઈ શાહ**

ડિ/૨/૩, નૂતનજીવન કો.હા.સો.

કૃપાનગર, વિલેપાર્લા (વે),

મુંબઈ ૪૦૦ ૦૫૬

મો. ૦૯૮૨૦૫૨૭૭૧૦

*ટાઈપ સેટીંગ* : **સમીર પારેખ - *ક્રિએટીવ પેજ સેટર્સ*** ફોન : ૯૮૬૯૦૦૮૯૦૭

*મુદ્રણ* : **નિલેશ પારેખ - *પારસ પ્રિન્ટ્સ,*** ગોરેગામ, મુંબઈ

ફોન : ૯૯૬૯૧ ૭૬૪૩૨

## પ્રકાશકીય નિવેદન

જીવનનો ઝીણવટ ભર્યો અભ્યાસ કરીએ,
સરળતાથી સ્પષ્ટ સમજાશે કે
જીવનમાં અનેક રંગો ઉભરાય છે. ઉમેરાય છે. ઉલેચાય છે.

તડકા છાંયડાનો ખેલમાત્ર છે.
ક્યારેક જીવન સ્વપ્ન જેવું.
ક્યારેક સિનેમા જેવું તો
કોઈવાર ડિટેકટીવ કથા જેવું લાગે.

સાગરના ઉછળતા ઉભરા તો વળી...
ક્યારેક શાંત સરિતાના નીર જેવું..
દુઃખના દાવાનળ ફાટે...
સુખના સંગીત વાગે...
પુષ્પો અને પ્રશંસા...

પરેશાની અને પથ્થરના માર...
કોઈવાર ગાળોના તીર તો
ક્યારેક વળી ગુણગાનના ગણગણાટ, ગળે ફાંસો તો ક્યારેક પગની પૂજા...
આમ,
જીવનનું ટેકનીકલર ચલચિત્ર ૫૦-૭૦ વર્ષો એકાએક પડદા
પરથી આઉટ The End થઈ જાય છે.
ફરી પાછી જીવની બેહાલી બરબાદી
નવો જન્મ, નવું જીવન...
ફૂટબોલ ફેંકાય તેમ બીજે કયાંય કયાંક ફેંકાય.
સાયકલનું ચક્ર ચાલ્યું...
સંસાર ચક્ર અવિરત ચાલે...
એક જન્મમાંથી બીજા જન્મમાં...
એક ભવમાંથી બીજા ભવમાં...
એક ભાવમાંથી બીજા ભાવમાં...

જીવ અવિરતપણે પીસાય છે, પીડાય છે...
રાગ અને દ્વેષની ઘંટીમાં દળાય છે...
તૃષ્ણા અને તાપના અગ્નિમાં શેકાય...
વિષયોના ઝેરી સાપના ડંખથી ડંખાય...
કામનાઓના વીંછી પીંખી નાંખે...

ધોબી કપડાં ટીપે તેમ જીવ નવાં નવાં.

શરીરનાં ઝભલાં પહેરી નીચોવાઈ જાય...

ક્યારેક લપટાય...

ક્યાંય લપસી જાય...

જ્યાં ત્યાં લલચાય...

જ્યારે ત્યારે લસોટાઈ જાય...

આમ,

લબડતો અને લથડતો આ જીવ...

અનાદિકાળથી અજ્ઞાનવશ ચોર્યાશી લાખ જીવાયોનિ

ચારગતિ અને ચૌદરાજલોકમાં સતત ભટકે છે...

આ કથા

આપણી છે. સૌની છે.

મારી પણ છે.

કથા વ્યથાભરી દર્દનાક અને હૃદયદ્રાવક પણ ખરી. આ બિહામણી સ્થિતિ સોહામણી પણ બની શકશે.

ભયાનકતા ભવ્યતામાં પલટાઈ શકશે.

ભવ્યતા અને દિવ્યતા લાવવા આપણે જીવન જીવવું પડશે. આપણે આપણી કથા બનાવવી પડશે.

એ માટે

આત્માની અનંત શક્તિ,

ધર્મની અચિંત્ય શક્તિ
સમજવી રહી.
ધર્મસત્તા મહાન
કર્મસત્તા બળવાન
ધર્મને શરણે જવું
કર્મને તોડતા જવું

આ તત્ત્વને અને તથ્યને પૂજ્યપાદ આચાર્યશ્રીએ કથાઓ દ્વારા સુપેરે સમજાવ્યું છે. વાર્તા વિહારમાં પૂજ્યશ્રીના પ્રવચનોમાં ઉપદેશાયેલ આ કથાઓ છે. આ કથાઓ આપણી છે. આપણી પોતાની. આપણી સ્થિતિ માટે આપણને વેદના થાય તેવું આપણું સ્વરૂપ છે. ખેર! કથાઓનું વાંચન તત્ત્વ અને તથ્યને કેન્દ્રમાં રાખી કરાશે તો આપણો બિહામણો ચહેરો સોહામણો કરવા ધર્મ સાધનાનું સાહસ આરંભ થશે.

પ્રત્યેક કથાઓને કંઈક કહેવું હોય છે. આપણને કંઈક કહી રહી છે. કથા કહેવા માટે કે વાંચવા માટે હરગીઝ નથી. કરવા માટે જીવવા માટે હોય તો જ કથાની સાર્થકતા. એમાંથી દિશા મેળવી ધર્મસાધના માટે દોટ મૂકાય તો જ આપણી કથા જીવંત બને.

પૂજ્યશ્રીની કથાઓમાં આરાધનામાં જોમ પૂરવાની તાકાત છે. જીવંત કરવાની કળા ભંડારાયેલ છે. આ કથાઓ આપણા

આત્માને શી રીતે રૂપાળો બનાવી શકાય તેની ગાઈડ બુકની ગરજ સારશે. લોકસુલભ ભાષા તો છે જ, રસપ્રદ શૈલી આરંભથી અંત સુધી જકડી રાખશે. કેમ કે **પૂજ્યપાદ આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ** અનુભવજ્ઞાનના અને આગમસારના સાગર છે. સાહિત્યકાર શાસ્ત્રજ્ઞ તો છે જ. તેથી કલમમાં માર્મિકતા અને મધુરતા પણ છલકાય છે. પૂજ્યશ્રીની આ કથાઓમાં નર્યું તત્ત્વજ્ઞાન નીતરે છે. એમાં બોધનો ધીંગો ધબકાર સાંભળવા મળે છે. સાંભળતા આવડે તો !

આ કથાઓ આપણે વાંચીએ.

કથા પાછળ રહેલું તત્ત્વ પકડીએ.

રાગ છોડી વૈરાગ્યનું અમૃત ચાખીએ.

પ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી પદ્મસેનવિજય મ. સાહેબ તથા મુનિપ્રવરશ્રી કલ્પરત્નવિજય મ. સાહેબે શુદ્ધિ, સંકલન માટે કરેલ શ્રમ બદલ વંદના કરું છું.

આપનો આભાર શી રીતે માનું?

લિ.

**કુમારપાળ વિ. શાહ**



# અનુક્રમણિકા


| નં. | પ્રકરણ | પાના નં. |
|---|---|---|
| ૧. | જીવરામ પટેલ | ૯ |
| ૨. | આંધળીયા દોટ | ૨૯ |
| ૩. | હીરાનો હાર | ૩૭ |
| ૪. | બે અમેરિકન | ૫૧ |
| ૫. | લોભનો કરુણ અંજામ !! | ૭૧ |
| ૬. | શિખામણ | ૯૩ |
| ૭. | વાહ રે સંસાર !! | ૧૦૬ |
| ૮. | બહિર્દર્શનની લીલા | ૧૩૪ |
| ૯. | ચંબૂજી ચપ્પણીયાવાળા | ૧૪૬ |
| | કથાનો ઉપનય | ૧૮૭ |

૧.

# જીવરામ પટેલ

*(જીવનનું એક અને અનુપમ મહાકર્તવ્ય જો કોઈ હોય તો તે ધર્મસાધના છે. ભારતવર્ષ જે આત્મકલ્યાણને પ્રાધાન્ય આપી દિગંતવ્યાપી યશનું ભાગી બન્યું છે, તે આત્મકલ્યાણ સમાયેલું છે ધર્મસાધનામાં.*

*અનંતકાળથી અવિરત મુસાફરી કરતો જીવ પુણ્યના પ્રાગ્‌ભારથી જ્યારે આ માનવજીવનના પગથારે આવે છે ત્યારે તેને ધર્મસાધનાનો મોકો પ્રાપ્ત થાય છે. પરંતુ દીર્ઘકાળની અભ્યસ્ત અપ્રશસ્ત વાસનાઓના પાપે જીવ પોતાનું કર્તવ્ય ચૂકી જાય છે અને જે નથી આચરવાનું તે આચરે છે, તેમાં ખુશાલી મનાવે છે, આનંદમગ્ન બને છે તથા તેમાં જ ઈતિ કર્તવ્યતા સમજે છે.*

*આ છે જીવનની મહામૂર્ખાઈ ભરી અવસ્થા ! પરંતુ કાળની ઉદધિમાં જ્યારે માનવજીવનની નૈયા હાલમડોલમ થાય છે ત્યારે જીવ બેબાકળો બને છે. તેની આંખો ફાટી પડે છે... પણ હવે મોડું થઈ ગયું હોવાથી નિરાશાનું રુદન કરતો એકલો અટૂલો કાળના ઊંડા ઉદધિમાં સમાધિ લે છે.*

*અહીં અપાતું કથાનક ઉપરોક્ત બાબતને દર્શાવતું એક ઉપનય-કથાનક છે. તેમાં મુખ્યત્વે જીવરામ પટેલનું એક જ પાત્ર છે. પરંતુ વાંચકને રસ તરબોળ કરવા માટે એક જ પાત્ર બસ છે ! કથામાં પૂ. લેખક ગુરુદેવશ્રીની ઊર્મિનો નૈસર્ગિક આવેગ ઉછળી રહેલો છે. તેમાં હવે નિમજ્જન કરો એટલે તેની મધુરતાનો આપોઆપ ખ્યાલ આવી જશે. ‘‘પ્રિયદર્શન’’)*

એક નગરમાં કર્મચતુર નામે એક વાણિયો રહેતો હતો. તેની દુકાને ઘરાકી જોરદાર રહેતી. અને તેથી એ ખૂબ પૈસા કમાતો. વેપારની શરૂઆત તો એણે બહુ નાના પાયા પર અને ઉધાર મૂડી પર કરેલી, પરંતુ વખત જતાં એ ખૂબ કમાયો, ને મોટો શ્રીમંત બન્યો. શહેરની વચ્ચોવચ્ચ એણે પોતાનો એક આલિશાન બંગલો ઊભો કર્યો. બસ, શ્રીમતાંઈના મદમાં કર્મચતુર મસ્ત થઈ રહે છે લક્ષ્મીના જોર પર કંઈકને બનાવીને લક્ષ્મી કમાયે જાય છે ! હવે ગુણને સાચવવાનું સત્ત્વ ગયું!

ખરેખર, સંસારનો રસ મનુષ્યને નિ :સત્ત્વ બનાવી દે છે. પૈસા પાછળની પાગલતા અને બંગલા વગેરેના ભોગ પાછળની લંપટતા જીવને માનવજીવનના મહાકર્ત્તવ્ય વિસરાવી દે છે. સત્ત્વહીનતાને લીધે જીવ અનુકૂળતામાં ગળીયો બની જાય છે. ત્યાગ-તપ-બ્રહ્મચર્ય-સદાચાર- સત્ય-નીતિ વગેરે આચરવાનું સત્ત્વ કેળવી શકતો નથી.

એકવાર એવું બન્યુ કે બાજુના ગામમાંથી એક પટેલ આ નગરમાં આવ્યા. એમનું નામ હતું જીવરામ પટેલ. શહેરમાં ફરતા ફરતા તે બજારની વિવિધતા જોઈ રહ્યા છે. એમ ફરતા ફરતા શહેરના ચોકમાં આવ્યા ત્યાં તેમની નજર કર્મચતુર શેઠના બંગલા પર પડી. તે જોઈને ચકિત થઈ ગયા! તેમાં વળી નગરવાસી સાથે વાતચીત કરતાં ખબર પડી કે આ તો ગરીબીમાંથી





શ્રીમંતાઈ સર્જનાર કર્મચતુર વણિકની કળા છે ! ત્યારે પટેલને મનમાં થઈ ગયું કે 'માળો બડો હોંશિયાર ! આજ સુધીમાં એણે ઘણાને બનાવ્યા, પણ આજે તો હું એને બનાવું ત્યારે ખરો !' જો જો જીવરામ પટેલના તરંગ ! એમને ક્યાં ખબર છે કે 'આ તો આખી દુનિયાને ખીસ્સામાં રાખીને ફરનારો વાણિયો છે ! ત્યાં પટેલગીરીનું કાંઈ જ નહિ વળે.'

પટેલ તો પહોંચ્યા વાણિયાની દુકાને, ઈધર- ઉધરની વાતો જમાવતા જમાવતા, એવી હાસ્ય મશ્કરીમાં બંનેય ચઢયા કે પટેલે લાગ જોઈ હસતાં હસતાં કહ્યું : 'જુઓ કર્મચતુર શેઠ ! તમે જો મને માત્ર સવારથી સાંજ સુધીમાં તમારા બંગલા- દુકાન વગેરેમાંથી જેટલું લઈ જવાય તેટલું લઈ જવા દો, તો એના બદલામાં તમે કહો તે કરૂ!'

વણિક કહે છે : 'શું કહો છો પટેલ ? પહેલાં મને ભિખારી બનાવવા ધાર્યો છે કે શું ? ત્યાર પછી મારે કરવાનું બાકી રહ્યું'ય શું?'

પટેલ કહે છે : 'બસ કે ? દુનિયા તો તમને મહાચતુર કહે છે, તે કયાં ગઈ તમારી ચતુરાઈ ? કેમ આટલામાં જ અટકી પડ્યા ? કાંઈક તો કાઢો ભેજામાંથી. બોલો, શું કહો છો ?'

વાણિયો કહે : 'એમ તો જીવરામ પટેલ રહેવા દેજો. લ્યો કહો ત્યારે, બદલામાં તમારે સહકુટુંબ જીવનભર મારા ગુલામ

થઈને રહેવાનું. છે કબૂલ ?'

પટેલ જરા ખચકાયા તો ખરા ! 'શું જીવનભર ગુલામી ?' પણ હાય લક્ષ્મીના લાર ! પાછો તરંગ સ્ફૂર્યો, મનને થયું કે એકવાર વાણિયાનું બધું સાફ કરીને મારા ઘરભેગું કરવા દે ને ? પછી કાકો ભલેને અમને ગુલામીમાં રાખે. રહીશું, પણ તે વખતે એને તો જાતને માટેય ખાવાના સાંસા હશે, તો અમને ખાવા-પીવા કે પગાર કયાંથી આપી શકવાનો હતો ? ઉલટું એને અમારી પાસે માગવું પડશે. તે વખતે તો હું જ એને ગુલામ બનાવીશ. બાકી મારી પાસે ધન નહિ માગી શકે. કેમકે ગુલામી મારી જાત માટેની જ છે. ધન માટેની નહિ.'

પટેલ પોતાના આ શેખચલ્લીના ઘાટ પર ખુશ થઈ, વાણિયાને કહે છે : 'હા, હા, કબૂલ છે કબૂલ ! ગુલામી કબૂલ છે; પણ જો જો હોં. તમારા કરોડોનો ધનમાલ મને માનભેર લઈ જવા દેવો પડશે. શું ? સમજ્યા ને ? માનભેર હોં ?'

વાણિયો કહે છે : 'હા ભાઈ, હા ! સન્માનપૂર્વક.'

પંચની વચ્ચે કરાર નક્કી થયો. અને અમુક એક દિવસ ઠરાવવામાં આવ્યો, જ્યારે કર્મચતુર વાણિયાએ બધો ધનમાલ, બંગલા અને દુકાનમાં રાખવાનો; અને જીવરામ પટેલને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં જેટલું લઈ જઈ શકે તેટલું લઈ જવા





દેવાનું, પછી બીજા દિવસથી પટેલે સહકુટુંબ વાણિયાની ગુલામીમાં આવી જવાનું.

કહો જોઉં, આ શરતમાં કોણ ચતુર લાગે છે ? ને કોણ મૂર્ખ લાગે છે ? જો જો, એકદમ નિર્ણય બાંધતા નહિ. પટેલને બધું ધનમાલ-દાગીના વગેરે ઉપાડી જવાનો આખા દિવસનો સમય છે. એ ઉપાડી ગયા પછી પેલાની કેવી દુર્દશા ? ત્યાર પછી વાણિયાને પટેલ પર જીવનભરની માલિકીનો અધિકાર છે. તે'ય એકલા એના પર નહિ, એના આખા કુટુંબ પર અધિકાર ! તો બધાની સાથે પટેલ એમાં ફસાયા પછી કેવા બેહાલ ભોગવશે ! પણ અહીં જુઓ કે કોણ ભૂલે છે અને કોણ ભૂલાવે છે !

નક્કી કરેલા દિવસના પૂર્વે વાણિયાએ બંગલાને ખૂબ શણગાર્યો. ધનમાલ વગેરેને કબાટોમાં અને તિજોરીઓમાં ભરી દીધાં. તાળાં મારી ત્યાં જ ઉપર ચાવીઓ લટકાવી દીધી, કે જેથી કરાર મુજબ પટેલ ખોલીખોલીને ખુશીથી માલ લઈ જઈ શકે. સારા મુલાયમ સ્વભાવના માણસો અને સ્ત્રીઓને પણ પટેલના માનપાન અને સેવા-સ્વાગતાર્થે મૂકી દીધા. પટેલની સરભરા માટે બીજીય અનેક સામગ્રી બંગલામાં ભરપૂર ભરી દીધી.

નિર્ણીત કરેલો દિવસ આવ્યો ત્યારે સૂર્યોદય પહેલાં જ જીવરામ પટેલ વાણિયાના બંગલે મોટી મોટી ચાદરો લઈને

આવી પહોંચ્યા. સૂર્યોદય થતાં જ અંદર પ્રવેશ મળી ગયો. દરવાજા પર હસતા ખીલતા માણસો ઊભા હતા. તેમણે પટેલનું આનંદભેર સ્વાગત કર્યું.

'આવો, આવો ! પધારો જીવરામ પટેલ ? ધન્યભાગ્ય અમારાં ! આપે અમ ગરીબના આંગણાં પાવન કીધાં !' દેવકુંવરી જેવી નાજુક યુવતીઓના કોયલ જેવા કંઠમાંથી આ સુરીલા શબ્દો સરી પડતાં વાતાવરણ અધિક ખુશનૂમાભર્યું થઈ ગયું. પટેલ તો એમાં ત્યાંથી જ એવા ભીના થઈ લપસ્યા કે સૂર્યોદયની પહેલી મિનિટથી ગાંસડા પોટલાં બાંધવાની જે ઉતાવળ હતી તેમાં સહેજ મંદતા આવી. એટલે ? વિચાર માંડી વાળ્યો એમ નહિ, પરંતુ સ્વાગતના શબ્દસંગીતમાં જરા મગ્ન થઈ ગયા. ત્યાં તો પેલી લટકાવાળીઓએ આગળ ચલાવ્યું.

'અહો ! કેવું આપનું મધુરૂં મુખ ! આપનાં મુખડાં જાણે જોયા જ કરીએ ! એમ થાય છે. આંખો ધરાતી જ નથી. કેવું આકર્ષણ ! કેવી મોહીની ! લ્યો, અમે લાખ લાખવાર તમારાં ઓવારણાં લઈએ છીએ...' એમ કહેતી પટેલના ઓવારણાં લે છે. માખણ જેવાં મુલાયમ હાથથી પટેલના હાથ-પગ-મોં ધુએ છે. કોમળ હોઠથી પટેલના હાથ ચુમે છે અને અંદર લઈ જઈ પટેલની ઈચ્છા હોય તો નાસ્તા પાણી કરવા ગદ્‌ગદ્‌ કંઠે વિનવે છે. પટેલના મનને 'હજી તો ઘણો સમય છે; વળી અહીં સ્વાગત સારૂં





છે ! આમના બિચારાના આટલા બધા ભાવ છે, તો થઈ જવા દો !' એમ કરીને નિષેધ નથી કરતા, એટલે પેલી સુંદરીઓમાંની કેટલીક કોમળ કરથી પટેલને નાસ્તા પાણી કરાવે છે, તો કેટલીક વળી ગીતો ગાય છે. કેટલીક તો પટેલનું શરીર પંપાળે છે ! આમાંથી બિચારા પટેલ કયાંથી બચે !

સમય તો વહી રહ્યો છે. પટેલને હવે ચટપટી થવા માંડી કે 'મારે જે કરોડોનો માલ ઉપાડી જવો છે, એ ટૂંકા સમયમાંથી આ સમય ચોરાઈ રહ્યો છે.' પટેલને વિચારમાં પડેલા જોઈ સુંદરીઓ પટેલની વિહ્‌વળતા કળી ગઈ. તરત જ એ કાર્યક્રમ પતાવીને કહે છે :

'ચાલો, હવે તિજોરીઓ કબાટો બતાવીએ, તે સંભાળી લો.' એમ કહી પટેલને અંદરના ઓરડામાં લઈ ગઈ. પટેલ ત્યાં સ્તબ્ધ જ બની ગયા ! કેમ વારુ ! કારણ એ હતું કે મોટા ઓરડામાં ચારે બાજુ અભરાઈઓ અને ટેબલો પર વાણિયાએ દુનિયાભરનાં અવ્વલ અવ્વલ રમકડાં અને બીજી અનેક ફેન્સી જાતની ચીજો ગોઠવી દીધી હતી. એ વસ્તુઓ જ એવી અદ્‌ભુત હતી કે માણસ એમને એમ ત્યાંથી જઈ શકે જ નહિ ! જોવાનું મન થઈ જ જાય ! પટેલ પણ જોવા લાગ્યા. રમકડાં પણ કેવાં હતાં ! લાકડાની પાંખવાળા ઉડતા ઘોડા ! ડોલતા હાથી ! ઝગમગતા મહેલો ! ગોળ ચક્કર ફરતું વિમાન ! પટેલે જન્મારામાં કયાં

આવું બધું જોયું હોય ? એટલે એમને તો એમ જ થાય કે 'વાહ ! આ દુનિયામાં આવું બધું મળે છે. ત્યાં બીજા માણસો કહે છે : 'ભાઈ! પટેલે સાહેબ તો ધનનાં ગાંસડાં બાંધી લઈ જવા આવ્યા છે, તો એમને હેરાન ન કરો.' પણ આ બધું જોવાની લાલચ પટેલ પોતે જ મૂકી શકતા નથી ત્યાં બીજાનો શું વાંક ? ઉલ્ટુ પોતે જ બચાવ કરે છે. ના, ના, આ તો સારૂં સારૂં જોવાનું છે. એમાં હેરાનગતિ શી ?' માત્ર આ એક ઓરડામાં ભરેલી પડેલી ચીજો જોતાં જોતા જ દસ વાગવા આવ્યા; તોય બરાબર જોઈ શકાયું નહિ, એટલો બધો વિસ્તાર અને નવીનતાઓ ભરી પડી હતી.

* * *

હવે પટેલને ભોંયમજલાથી ઉપર ચઢાવ્યા. દૂરથી એક બાજુ રહેતી તિજોરીઓ અને કબાટો બતાવ્યા. જેમાં ધનમાલ ભરેલા હતા. પરંતુ તેની આગળ અવનવી ખાનપાનની અઢળક ચીજો હતી. કેવી ? માત્ર એક દૂધમાંથી જ પચાસ જાતની વાનગીઓ તૈયાર કરેલી. તેમાંની એક પેંડાની જાત, તેથીય અનેક તરેહની બનાવટો ! આવી આવી તો કેટલીય જાતો અને અનેકાનેક ભાતની વસ્તુઓ ! પટેલજીએ તો જીંદગીમાં જોયેલું નહિ, ચાખવાની વાતેય શી ! અહીં આ બધું જોતાં જ જીભમાંથી પાણીના ફૂવારા તો છૂટયાં. હાથમાં લઈ ચાખી શકાય કે કેમ ?





એ માટે આડા અવળાં ફાંફાં મારે છે ત્યાં નીચે જે સરભરા કરનારીઓ હતી તે પાછી અહીં આવી તૈયાર ઉભી હતી ! તેણે રકાબીઓમાં લઈ લઈને પટેલ આગળ ધરવા માંડયું. પટેલને સારા ચાંદીના પાટલા પર બેસાડી ખૂબ જ મમતાથી અને પ્રેમથી ખવરાવે છે અને કહે છે :

'શેઠજીનો અમને કડક હુકમ છે કે 'આજે પટેલ સાહેબને બહું લઈ જવા દેવાનું છે, તે પણ માનભેર.' તેથી આજ તો જાણે આપ અહીંના માલિક છો, એ રીતે માની અમારે આપની બરદાસ્ત કરવાની છે. માટે અમારી ખાસ વિનંતી છે કે આ બધું આપનું જ છે. તો એને વાપરો. સંકોચ કરશો નહિ. બધી વસ્તુઓ આ સેવિકાઓ હાજર કરવા તૈયાર છે. શરમ કંઈ જ રાખશો નહિ. જેમ જેમ આપ ફરમાવતા જશો. તેમ તેમ 'અમારા પર વધુ ને વધુ કૃપા થઈ, એમ માની અને કૃતાર્થ થઈશું. અમારી જાતને ધન્ય માનીશું. કેટલા બધા પુણ્યશાળી આપ ! પ્રતાપી આપ !... લ્યો... લ્યો, આ લ્યો, અને આ તો લેવું જ પડશે... અરે ! આ રહી ગયું... આ લીધા વગર જરાય નહિ ચાલે...' એમ મહાસન્માન સાથે કોમળ હાથે પટેલના મોંમા મૂકે છે.

આટલી બધી સરભરા પર પટેલ તો ફૂલી ફૂલીને ફાળકો થયા ! દાઢ ગળતી તો હતી જ, એમાં આટઆટલા આગ્રહ !

તેય ગોરીના ગાલેથી વેરાતાં હાસ્ય-સ્મિતના ફૂલડા યુક્ત વચનોથી ! પછી તો પૂછવું જ શું ? પટેલે તો એક પછી એક નવીનવી વાનગીઓ ચાખ્યે રાખી. એકેક ચીજ એવી તો રોચક લાગે છે કે જાણે એનાથી જ આખું પેટ ભરી લેવાનું મન થાય ! પરંતુ પટેલને પાછી બીક છે કે ગોરીઓએ તો બધું ખવરાવવાનું કહ્યું છે; અને અહીં જો એમ પેટ પૂરૂં ભરી લઈશ તો પછી ચીજાનો સ્વાદ પણ કરવાનો રહી જશે. તેથી મન મારીને થોડું થોડું ખાઈને છોડી દેતા.

સ્વાદના ટેસમાં ચઢેલા પટેલ શું મુખ્ય કામ ભૂલી ગયા છે ? ના કદાચ ભૂલે તો પણ ત્યાં શેઠે એવા માણસો ઉભા રાખ્યા છે કે જે કહે છે કે 'પટેલસા' બ પોટલાં બાંધી લ્યો !' એટલે પટેલને સાવચેત તો કરે છે, પરંતુ પટેલ એ વિશ્વાસમાં છે કે વાણિયાનું ધન ઉપાડી જવું એમાં શી મોટી વાત હતી ? આ એક જ પોટલામાં એનું બધું ઝવેરાત, રોકડ અને દાગીના બાંધી એક જ ધકકે ભેગું કરી દઈશ ! પટેલ ભાયડા વિશ્વાસમાં તણાયા !

એમણે તો જુદા જુદા રસાસ્વાદ લેવા શરૂ કર્યા ! બધા સ્વાદ કરી લીધા, ત્યાં સાથેના ઓરડામાંની ચિત્રશાળા ખૂલી.

પટેલને થયું કે 'અરે, આ તો વળી અદ્‌ભુત દેખાય છે ! લાવ, લાવ, આ તો ખાસ જોઈ લેવા દે.' એમ કરી એ તો ઘુસ્યા





ચિત્રશાળામાં. દેશ દેશના વિવિધ જાતના એવા તો અદ્‌ભુત ચિત્રો ટાંગેલા છે કે જેમાંના કેટલાક તો આબેહુબ સાચી વસ્તુ જેવાં જ ભાસે ! દા. ત. બગીચાના ચિત્રમાં ચિતરેલા આંબાના ઝાડે પાકી કેસરી રંગની કેરીઓ ખરેખર સાચી માની પટેલ તો લેવા દોડયા ! પણ હાથ ચિત્રના કપડાં પર અથડાયા. ત્યાં હસાહસ થઈ પડી ! પણ પટેલ બિચારા ભોંઠા ન પડે એ માટે શેઠના માણસોએ સમાધાન કર્યું કે 'પટેલ સા'બ ! એ તો ભલભલા ગવન્ડર જેવા પણ અહીં ભૂલા પડે છે ! ચિત્રો જ એવાં છે, ત્યાં શું થાય ? હજી આગળ તો મજા જુઓ.'

પટેલ ચાલ્યા આગળ નવનવા ચિત્ર ! જાણે સિનેમા જેવા દશ્યો ! બીજી પણ અનેક કલાત્મક વસ્તુઓ એવી એવી જોવા મળી કે કેટલાક સ્થાને તો પટેલ એનું સાયન્સ શીખવા રોકાતા ગયા. એમાં ગમાર પટેલને એ ખબર ન રહી કે 'મારે તો ઝવેરાત વગેરેના પોટલાં ઘર ભેગા કરવાનાં છે અને એનો સમય તો આ લહેરમાં ચાલ્યો જાય છે...' મધ્યાહ્ન પસાર થઈ ગયો તોય પટેલને ત્યાંથી ખસવાનું મન નથી થતું. એમને હવે ખાવા કરતાં અધિક આનંદ ત્યાંનું જોવા જાણવામાં આવવા લાગ્યો. એટલે તો ત્યાં નિરાંતે થોભ્યા.

* * *

હવે પટેલને ઉપરનાં મજલે ચઢાવવામાં આવ્યાં ત્યાં તો

પટેલનું કલેજું જ ગેપ થઈ જાય એવી યોજના હતી. પટેલ અંદર દાખલ થતાં જ મોટારાજાની પટ્ટરાણીનેય ટપી જાય એવા નીતરતા સૌન્દર્યવાળી, ઉપરથી વેશ અલંકાર વગેરેના આડંબરવાળી, મૃગનયની મુગ્ધાઓએ એમનું સ્વાગત કર્યું. એણે નયનના હૃદયવેધી કામકટાક્ષ અને અંગના લટકાળા હાવભાવથી પટેલના દિલને પાણીપાણી કરી નાખ્યું. પટેલની આંખોમાં લચબચતું યૌવન, ગુલાબીગાલ, વગેરે સોંસરૂં પેસે છે. રેશમ જેવા કોમળ કરે પટેલના હાથ ઝાલીને અંદર સોનેરી સિંહાસને લઈ ગઈ. ત્યાં પટેલના હાથ-પગ-માથું-શરીર વગેરેની ચંપી કરવા લાગી ! કેવી લુચ્ચી ! એનો શો વાંક ? મૂર્ખા તો પટેલ છે : ખરબચડી કાયાના પટેલ પર ભલા કોમલાંગીની ગલગલીયાં કરે એવી સુંવાળી નાજુક હથેલી ફરવા માંડી, પછી લપસવાનું પૂછવું જ શું ? આગળ વધીને મૃદુ માખણ જેવા કોમળ અંગના આલિંગન પટેલને મળ્યા ત્યાં તો પટેલ સાવ જ લ્હેવાઈ ગયા! હં, પણ સામેથી પોકાર સંભળાય છે : 'પટેલ ! પોટલા બાંધી લેજો, પણ અત્યારે પટેલ સાવ કામપરવશ બન્યા છે. તેથી સારી જીંદગી અને સર્વ ઝવેરાત આ આનંદ આગળ કુરબાન લાગે છે. તેથી પટેલને તો બીજાું કાંઈ સુઝતું જ નથી ! એમાં વળી નવીનવી જાતના શરબતો, ખુશ્બોદાર આસવો, બીજા માદક મધુરાં પીણાં અને વિવિધ કોટિની લહેજતો મળી ! તે ય પેલી





વેશ્યા જેવી સ્ત્રીઓના નયનકટાક્ષ સહિત હસ્તે. પટેલ તો લયલીન બની ગયા છે ! ભાન ભૂલી ગયા છે ! પટેલ મનમાં વિચારે છે કે 'આપણે પટેલભાઈ, ને આ દેવકુંવરીઓ ! બેનો મેળ ક્યાંથી ખાય ? માટે મળી છે, તો હમણાં બીજું વિચારો મા. હમણાં તો એના રસ લૂંટી લેવા દો અને એ બિચારીઓને બીજો શું સ્વાર્થ છે ? કેવળ આપણા પર નિર્દોષ અને નિ :સ્વાર્થ પ્રેમ કરે છે એને કેમ તરછોડાય ? અત્યારે તો શું પણ જીંદગીભર છેહ ન દેવાય. પછી ભલેને ઝવેરાતના પોટલાં ન બાંધી લેવાય ! જોકે, હું તો હમણાં જ પોટલાં બાંધી લઉં છું. કેમકે હવે આ બિચારીઓ પોતે જ એના કામમાં પડશે પછી મારે બીજું શું કરવું જ છે ?' આમ ઝવેરાતના પોટલા બાંધી લો' નો પોકાર બિચારો કયાં સંભળાય ?

આમને આમ પટેલને બપોરના ચાર વગાડી દીધા. ત્યાં સુધીમાં રાતી પાઈ જેટલું ય લીધું નહિ. આમાં ચતુર વણિકનો વાંક કે ગમાર પટેલનો ?

ભારે ગીતરસમાં, મધુર કામરસમાં અને ઉંચા પાનરસમાં તરબોળ થયા પછી પટેલને થયું કે 'લાવને ચોથા મજલે શું છે, તેય જોઈ લઉં.' પટેલ તો ચઢયા ચોથે મજલે. સમય શો થયો તે જાણો છો ? દિવસના ત્રણ ભાગ વીતી ગયા છે. સાંજ પસાર થઈ રહી છે.

* * *

ત્યાં હવે આ છેલ્લો મજલો છે. ત્યાંની મઝા ઓર જ છે, કેમકે એક બાજુ દેશપરદેશથી બોલાવેલા મહાન સંગીતકારો સંગીતની રમઝટ મચાવી રહ્યા છે. વિવિધ જાતના વાંજિત્રો એવા મનોરમ વાગી રહ્યા છે કે સ્વર્ગીય આનંદનો અનુભવ કરાવી રહ્યાં છે ! પટેલ ભાયડા તો આમાં મુગ્ધ જ બની ગયા. ત્યાં સ્વાગતકારો એમને પલંગ પર બેસાડે છે, એ પલંગ એવી સ્પ્રીંગોવાળા હતા કે એમાં સુનાર-બેસનારને લાગે છે, જાણે આપણે ઉડતા એરોપ્લેનમાં બેઠા છીએ ! એમાં વળી પાથરેલી મખમલની ભરાવદાર ગાદીઓ કામાંધોને જુદાં જ સ્મરણો કરાવે એવી છે. પટેલને તેમાં બેસાડીને સાથે જ નાનાં નાનાં બે-ચાર વર્ષના ગુલાબી હૃષ્ટપુષ્ટ અને હસમુખા બાળકોને રમતાં મૂક્યાં. તે તો પટેલને 'કાકા ! કાકા ! દાદા ! દાદા ! એમ કહેતા પટેલના ખોળામાં પડે છે, કુદે છે અને દાઢી તાણતા પૂછે છે : 'દાદા ! આ શું ? ! પટેલને એકબાજુ જે મસ્તી મળી છે એનો સ્વાદ જાગ્યો. એમાં વળી મખમલની ગાદી. વિમાન જેવા પલંગ, ઠંડી પવનની લહેરી, પૂર્વે કરેલાં માદક ખાનપાન વગેરે મળ્યું. આ બધાની મોહકતામાં પટેલને ઊંઘ આવી ગઈ, તે ક્યાં સુધી ? સૂર્યાસ્તની તૈયારી સુધી !

હવે સૂર્ય અસ્ત પામવાને ૫-૧૫ સેકન્ડ બાકી હશે ત્યાં





વણિકે આવીને પટેલને જગાડ્યા. પટેલને પગે લાગીને કહે છે કે :

'પટેલ સા'બ ! હવે માફ રાખો ભાઈ સાહેબ ! હું તો સાવ લૂંટાઈ ગયો.' વાણિયો જાણે છે ખરો કે પટેલ કશું જ નથી લઈ ગયા. છતાં ઢોંગથી કહે છે : 'સવારથી માંડીને, મારા લાલ ! તમે તો ઘણું ઘણું લઈ ગયા હશો, તે હવે લેવાનું રહેવા દો મારા બાપ ! અને પધારો ઘરે. નહિતર મારે તો કુટુંબ સાથે સાવ ભીખ માંગવાની થશે. તમે આજે મને પૂરો નવરાવી નાખ્યો. હવે સૂર્યાસ્ત થાય છે. કરારનો એક અંશ પૂરો થાય છે, તો હવે સીધાવો ઘરે.'

પટેલ તો બિચારા મૂઢ બની વાણિયા સામું જુવે છે ! 'અરે ! શી વાત કરો છો ? હજી તો મેં ક્શું જ લીધું નથી.' 'અરે ! એમ તે હોય ભાઈસા'બ ? બાર-બાર કલાક વીતી ગયા અને ન લઈ ગયા હો. એ કેમ બને ? ઝવેરાત ભરી મોટી મિલક્ત લૂંટવાની હોય ત્યાં ક્શું લઈ ન ગયા હો તે બનવા જોગ છે ? વળી તિજોરીઓ, ચાવીઓ બધી તમારી સેવામાં છૂટી મૂકી હતી. પછી લઈ જવામાં શું બાકી રાખ્યું હોય. ?'

'સાચું કહું છું કર્મચતુરભાઈ ! કે હજી તો આ બધું જોવામાં રહ્યો છું, ત્યાં કયાંથી લેવાનું બન્યું હોય' ?

'તે પટેલ ! રંગરાગ જોવા આવ્યા હતા કે મિલ્કત લેવા ?'

'અરે ભાઈ ! આવ્યો તો તો માલ લેવા, પણ આ બધું તમારૂં એટલું બધું લોભાવે એવું હતું કે એણે મને ભૂલો પાડી દીધો.'

'એટલે શું કહેવા માગો છો પટેલ ? જોવાનો મેં બળાત્કાર કર્યો હતો ? આ તો તમે શરત કરી હતી કે બધું માનભેર લઈ જવા દેવાનું; તે મેં તમારા માન સન્માનની સામગ્રી ગોઠવી હતી. એમાં તમને લોભી જવાનું કોણે કહ્યું હતું ? એટલું ભાન ન રહ્યું ? તે મહામિલ્કત લઈ જવાનું ખાસ કાર્ય ભૂલી ગયા. કલેજું ક્યાં ખસી ગયું હતું ?'

'હવે જે થયું તે થયું, વળી આ વાતમાં સમય જશે. તો લાવો હવે હમણાં ને હમણાં જેટલું લેવાય તેટલું લઈ જાઉં.'

'અરે મારા ભાઈ ! હવે શું લઈ જવાનું ? સૂર્યાસ્ત તો થઈ ગયો. કરારનો સમય ભરાઈ ગયો. ઉતરો નીચે અને આવતી કાલથી કુટુંબ સાથે આવી જાઓ ગુલામીમાં.'

પટેલની છાતીના તો પાટીયા જ બેસી ગયા !

એમાં વળી નીચે ઉતરતાં વાણિયાએ ખુલ્લા મૂકેલાં કબાટ, તિજોરીઓમાં અઢળક ઝવેરાત ખડકેલું જોયું. અને લાખો-કરોડોની સોનામહોરા અને દાગીના જોયા. તેથી તો પટેલની આંખ સામે તરવરી રહ્યું કે પોતે કેવી અતિ મહાન નુકસાની કરી ! જોવા ખાવામાં શું બહુ મળી ગયું ? અને ગુમાવ્યું





કેટલું ? પટેલની છાતી ભરાઈ આવી, આંખમાં આંસુ ભરાઈ આવ્યા. કરૂણ સ્વરે રડી ઉઠે છે, પોકે પોકે રડે છે, પણ હવે શું થાય ? હાથના કર્યાં હૈયે વાગ્યા. દિવસભર જે મહા આનંદ માણ્યો, તેના કરતાં કેઈ ગુણા ભયંકર શોકમાં પટેલ ડૂબ્યાં ! એટલું જ નહિ, પરંતુ બીજા દિવસથી કુટુંબ સહિત પટેલને વાણિયાની ગુલામીમાં આવી જવું પડયું. ગુલામી કેવી ? મહાકડક અને તેય જીવનભરની અડધા દિવસની લહેજતમાં વર્ષોનાં દુ :ખો, ત્રાસ અને અપમાનનાં આંધણ મૂકાયાં ! ! હવે આંમાંથી રહસ્ય શું નીકળે છે તે જુઓ.

**ઉપનય :**

જીવરામ પટેલ તે આપણો જીવ છે. કર્મચતુર વણિક તે પૂર્વોપાર્જિત કર્મ છે. જીવ જાણે કે હું કર્મને બનાવું; પણ કર્મ જીવને બનાવે છે. એ જીવને માનવ ભવનાં પુણ્યનાં બધાં ફળ લૂંટવાની છૂટ આપે છે. અર્થાત્ મનુષ્યભવરૂપી બંગલામાં પુણ્યસામગ્રીથી ઉંચામાં ઉંચી ધર્મ સાધનાનું ઝવેરાત અને પાપક્ષયની લક્ષ્મી તથા દાગીના કમાઈ જવાની છૂટ આપે છે. સમય માત્ર જન્મરૂપી સૂર્યોદયથી મૃત્યુરૂપી સૂર્યાસ્ત સુધીનો. તે પછી કર્મની ગુલામીમાં જીવને આવી જવાનું. પરંતુ જો ખરે જ તે મિલ્કત કમાઈ જાય તો કહેવાય ખરૂં કે કર્મ જ્યાં લઈ જાય ત્યાં જીવને જવું પડે ? પરંતુ વસ્તુગત્યા સ્વર્ગાદિ ઉચ્ચ ભવોમાં

કર્મે સારામાં સારૂં એના માટે ગોઠવી રાખ્યું હોય; ત્યાં બીજાના માથે શેઠ તરીકે જીવને જવાનું અને શેઠાઈ ભોગવવાની. ત્યારે જો ધર્મ કમાઈ કરતાં ન આવડી તો દુર્ગતિઓમાં કર્મની ગુલામીના ભયંકર ત્રાસ જીવને વેઠવાના.

પરિસ્થિતિ આવી છે ત્યારે જીવરામ પટેલની મૂર્ખાઈ જુઓ. માનવભવરૂપી બંગલાના ભોંયમજલા રૂપી બાલ્ય અવસ્થામાં ભાઈ પધાર્યા. ત્યાં પુણ્યકર્મે બા- બાપાજી, ભાઈ-ભાડું, વગેરેનાં સ્વાગત તૈયાર રાખ્યા હતાં. મધુરાં હાલરડાં, સ્નેહના ચુંબન, ગુલાબી સેવા, શુશ્રૂષા, પ્રેમના વરસાદ વગેરે એવા વરસ્યા કે જીવ ત્યાં જ ઠંડો પડી ગયો. પાછી રમકડાં વગેરેની મોહિની એવી મળી કે એમાં જીવરામ પટેલને ધર્મ કમાઈના પોટલા બાંધી લેવાનું સૂઝયું નહિ.

પછી બીજા મજલારૂપી કુમાર અવસ્થા આવી. ત્યાં વિવિધ ખાવાની વાનગી મળી. તે ય પાછા કુટુંબીઓના વ્હાલપૂર્વક મળે, તો પછી શું બાકી રહે ? વધારામાં બીજી બાજુ સુંદર ચિત્રો અને કલાત્મક વસ્તુઓ જોવા મળી. સંસારકળાનાં શિક્ષણ મળ્યાં. એ બધામાં સમય પસાર થઈ રહ્યાનું ભાન ન રહ્યું. વચમાં સદ્ગુરુઓ પુણ્યના પોટલાં બાંધી લેવાનું કહે છે, પણ તે કોને સાંભળવું છે ? નિશાળનો ટેસ, રમત ગમતનો ટેસ, જોવા જાણવાનો ટેસ, એમાં જીવરામ પટેલ સાવ ખોવાઈ ગયો !





હવે ત્રીજા મજલારૂપી યુવાવસ્થામાં જીવે પ્રવેશ કર્યો ત્યાં તો કામના ઉન્માદ જાગ્યા છે. તેથી સુંદર યુવતીઓના હાવભાવ, કોમળ વચનો ચેનચાળા અને કામક્રીડામાં લોભાયા ! ત્યારે જાણો જ છો ને કે કામના સંબંધ જગતમાં બહુ ભૂંડા છે ? ઈશ્વર જેવાને ય ભૂલાવી દે. ઉપરથી વલી ત્યાં ગીતગાન અને સુરાપાન વગેરે મળ્યા. પછી ત્યાં જીવરામ પટેલ ગુરુઓની પોટલાં બાંધી લેવાની ચેતવણીને સુક્કી લુખ્ખી સમજી સાવ બેભાન બને એમાં શી નવાઈ !

ત્યાંથી ચોથા મજલારૂપ વૃદ્ધાવસ્થા આવી. એમાં સંગીતની બહાર, સુકોમળ શય્યાઓ, નાના પોતરાં વગેરે રમાડવાનું- આ બધાએ પટેલને ઠીક ઠીક આવજર્યો. ત્યાં ગુરુની ચેતવણી પટેલે કાન ન ધરી, સૂર્યાસ્તરૂપી મૃત્યું આવતાં પહેલાં છેલ્લે છેલ્લે પણ ધર્મ ઝવેરાતને જરાય ઘર ભેગું ન કર્યું !

અને ત્યાં તો સૂર્યાસ્તરૂપી મૃત્યુકાલ આવ્યો. પટેલ ચોંક્યા ! આંખ સામે ખડું થયું કે આ રંગરાગમાં ન પડયા હોત અને દાન, શીલ, તપ, ભાવરૂપી ધર્મની સાધનાથી તથા અહિંસા, સંયમ અને તપરૂપી મોક્ષમાર્ગની આરાધનાથી મહાન પાપક્ષય અને અબજો વર્ષની સ્વર્ગની સુખશાતા તથા ભાવી મોક્ષ સાધનોપયોગી મહાન પુણ્યાઈ કમાયા હોત તો કેવા ન્યાલ થયા હોત ! આંખ સામે કરોડોની કિંમતનું ધર્મ ઝવેરાત મૃત્યુ સમયે

ગુમાઈ જતું જોઈ ખૂબ પસ્તાય ! ખૂબ પસ્તાય !

પણ હવે શું થાય ? હવે તો ઘણું મોડું થઈ ગયું હતું. મૃત્યુના સૂર્યાસ્ત સમયે જીવ થોડું પણ પાપક્ષય અને પુણ્ય ઉપાર્જનનું પોટલું બાંધવાનું માગે તોય હવે કોણ તેમ કરવા દે ? કોઈનું'ય ત્યાં ચાલે એવું નથી; અને કર્મ સાફ ના પાડે છે.

અને અંતે જીવરામ પટેલને કર્મની ગુલામીમાં ભવોભવની દુર્ગતિમાં ભયંકર દુઃખ ત્રાસની ભટ્ઠીમાં શેકાવા ઉપડી જવું પડે છે. એક દિન જેવા ટુંકા માનવભવમાંથી અસંખ્યકાળની દુઃખ ગુલામી સર્જાય છે ! જીવને પુણ્યે આપેલી સુખ, સગવડો, એમાંથી સારૂં ખૂબ કમાઈ લેવાના કોડ છતાં, બાલ્ય-કુમાર-યુવાન અને વૃદ્ધ અવસ્થામાં વિવિધ લાલચોમાં જીવની લપટામણ, એ લાલચોના પ્રકારની લપટામણ વચ્ચે 'પટેલ ! ઝવેરાતના પોટલા બાંધી લેજો' ના મળેલા ગુરુ પોકાર, એની ઉપેક્ષા, અંતે કર્મની શિક્ષા અને સજા વગેરે બરાબર સમજવા હવે ફરીથી આ કથાના અક્ષરે અક્ષરને રહસ્યને વિચારવાપૂર્વક યાદ કરજો.





## ૨.

## આંધળિયા દોડ... !

*(જીવનનું પારમાર્થિક લક્ષ જો ચૂકાઈ જતું હોય તો તેના અનેક કારણો પૈકી 'આંધળીયા દોડ' પણ એક મુખ્ય કારણ છે.*

*ઉચ્ચ, ઉન્નત અને ઉત્ક્રાન્તિમય જીવનના પગથારે પહોંચવા માટે આંખ ખોલીને જોવું પડે છે. તે આંખ પણ ચર્મચક્ષુ ન ચાલે, તે તો દિવ્ય દૃષ્ટિ જોઈએ ! અજ્ઞાનતાનો રાહ પિછાની તેને હૃદયતઃ તિલાંજલી આપી જ્ઞાનીકથિત સજ્ઞાનતાનો ભવ્યતર માર્ગ અખત્યાર કરવો જોઈએ.*

*હાય ! જીવની જો મહાબરબાદી સર્જાતી હોય તો તેની જડ આ જ છે કે જીવ અજ્ઞાન જગતને રવાડે ચઢી સજ્ઞાનીઓનો સાથ નથી લેતો.*

*આ કથાનક ઉપરોક્ત હકીકતને સીધી કે આડકતરી રીતે ચીંધે છે. તે એક રમૂજી દૃષ્ટાંત-દ્વારા પૂ. ગુરુદેવશ્રી આપણને કહી જાય છે. તેમાં ''જોગેશ્વર મહારાજ'' કેવો ઉલ્કાપાત મચાવે છે તે તો તમે આ કથા વાંચશો ત્યારે જ સમજાશે !!...*

*''પ્રિયદર્શન'')*

**એ**ક વાંચેલા પ્રસંગ પરથી આ કહેવાય છે.

એક કુંભારના ઘરની પાસે એક પંડિત રહેતા. સવારે ઉઠીને એ નિયમિત ગાયત્રીનો મંત્ર જપે; અને જોગાનુજોગ બાજુમાં કુંભારને પાસે બાંધેલો ગધેડો પણ બરાબર તે સમયે ભૂંકતો હોય. ગધેડાનું નામ 'જોગિયો' રાખેલું. જડી ગયું હશે ગમે ત્યાંથી નામ ! ને એક દિવસે ભૂંકયો. બીજે દિવસે ભૂંકયો. ત્રીજે દિવસે ભૂંક્યો... આમ રોજને રોજ ગધેડાને ભૂંકતો જોઈ પંડિતને લાગ્યું કે 'આ જીવ કોઈ ઊંચો લાગે છે, પરભવની કમાઈ સારી કરીને આવ્યો લાગે છે, કેમકે ગાયત્રીમાં રસ લે છે !'' આમ ભૂંકવાનું દિવસો સુધી ચાલ્યું.

એક દિવસે એવું બન્યું કે પંડિત સવારે ઊઠયા. મંત્ર શરૂ થયો. પણ ગધેડાનો અવાજ આવ્યો નહિ. એટલે પંડિતને પડયો વ્હેમ ! કેમ આજે અવાજ નહિ આવ્યો ? રહેવાયું નહિ. એટલે પંડિત તો પૂજાપાઠ પતાવીને ગયા કુંભારની પાસે ! પૂછે છેઃ

''અલ્યા ! ભાઈ !... કયાં ગયો પેલો ઉત્તમ જીવ !

કુંભાર કહે : 'ક્યો ? પેલો જોગિયો ગધેડો ? કુંભારના ઘરમાં બીજો જીવ નહિ હોવાથી, તેમ ગઈ કાલે જ ગધેડો મર્યો હોવાથી કુંભારે સીધો પ્રશ્ન કર્યો.





પંડિત કહે છે : 'અરે ! મહાનુભાવ ! જોગિયો ન બોલ, એ તો જોગેસર મહારાજ કહેવાય. બહુ સારો જીવ હોં. તે હા, એમનું શું થયું !'

'પંડિતજી ! એ તો મરી ગયો કાલે...'

'હેં ? શું મરી ગયો ! હાય હાય !' પંડિતજી મનમાં શોક કરે છે.

'અરર ! ઘણો સારો જીવ... હવે આપણે શું કરવું જોઈએ ? આવો ઉત્તમ જીવ મરી જાય, ને એની પાછળ આપણે કંઈ ન કરીએ તો તો આપણી ધિટ્ઠાઈ જ કહેવાય ને ? આપણી પાસે બીજું તો કાંઈ નથી કે ચાલો પુણ્યદાન કરીએ, કે એના નામનો ચબુતરો ચણાવીએ. તો ચાલો છેવટે માથું મુંડાવીને નદીમાં સ્નાન તો કરીએ. એમ વિચારી પંડિતજીએ માથું મુંડાવી નદીએ જઈ સ્નાન કર્યું. પછી પાછા ફરતા હતા ત્યાં બજારમાં વેપારીએ માથે ઈશારો કરતાં પૂછયું.

'કેમ પંડિતજી ! આમ ? આજે શું છે ? કોઈ મરી ગયું કે શું ?'

'અરે ! ભાઈ, ખબર નથી ? એ તો પેલા જોગેસર મહારાજ મરી ગયા !'

જો જો હવે દુનિયાની આંધળી દોટ ! હીરાનું તેજ, મોતીનું

પાણી, ઘોડાની તેજસ્વિતા વગેરેની જેમ માનવ તરીકે આપણાં તેજ શાં છે ? તેનો આપણે વિચાર નથી કરતા, અને જે તે જ લેવામાં શોભા કે અધિકાર નથી, દા.ત. શરીરની પુષ્ટતા,ચામડીની મુલાયમતા, વેશનો ઠઠારો... કેમ કે તે તે તેજ તે સ્થાનોમાં જ યોગ્ય કે રીઝવર્ડ છે, તે લેવા મથીએ છીએ ! તેથી માનવ તરીકેના મહાન આત્મા છતાં જ્ઞાનીની દૃષ્ટિમાં હલકા થવું પડે છે. અને કર્મ તથા કાળની થપાટ ખાવી પડે છે ! તેવી થપાટો અનંતવાર ખાધી, છતાં આશ્ચર્ય છે કે જગતના તે તેજ તફડંચી કરવાનો મેનિયા મૂકાતો નથી ! અજ્ઞાનતાની સાથે, આ પણ એક કારણ છે કે જગત આંધળું થઈને દોડે છે, તેની પાછળ આપણે પણ દોડીએ છીએ !

વેપારી પૂછે છે કે 'હેં ? જોગેસર મહારાજ મરી ગયા, તો મારે કંઈ કરવું પડે ?'

'જરૂર કરવું પડે. 'એમાં પૂછો છો શું ? શું કરવું પડે ?

પંડિતજીએ કહ્યું : 'અરે ! દુકાન વેચીને આખો ધર્માદા કરો તો પણ ઓછું છે ! એટલો એ ઊંચો જીવ હતો ! ઓછામાં ઓછું માથું તો મુંડાવી નાખવું જ જોઈએ. પંડિતજીની વાત સાંભળીને વેપારીએ પણ પંડિતજીનું અનુકરણ કર્યું.

ત્યાં તો દુકાને ઘરાકો આવ્યા. ઘરાક વેપારીને માથા તરફ





આંગળી કરી પૂછે છે : 'શું થયું ભાઈસા'બ આ શું છે ? આજે ? કેમ કોઈનું મરણ થયું છે ?'

'અરે ભાઈ ! મરણ તે કંઈ સામાન્ય ? ના, ના, આ તો પેલા જોગેસર મહારાજ મરી ગયા !'

'એમ ? મહારાજ મરી ગયા ! ત્યારે અમારે કંઈ કરવું પડે ?'

'અરે મહેરબાન ! જેટલું કરીએ એટલું ઓછું ! જીવ ઊંચો, છેવટે માથું મુંડાવવામાંથી જવાય ?'

ત્યાં કેટલાક લોકોએ મુંડાવા માંડયું ! એમ કરતાં ચાલ્યું બજારમાં.

ત્યાં નગરશેઠ આવ્યા. એમણે બધાનાં માથાં મુંડાયેલા જોયાં.

શેઠ પૂછે છે કે 'કેમ ભાઈ ! શું છે આજે ? બધા આ... ?'

અરે શેઠ, ખબર નથી ? શહેરમાં ગજબ થઈ ગયો ગજબ ! આ... ને પેલા... જોગેસર મહારાજ મરી ગયા...

'શું કહો છો ? જુલમ ! સારા જીવો પાકે ઓછા, ને જૂના મરતા જાય છે. ત્યારે મારા જેવાએ તો પહેલું મુંડાવવું પડે ! શેઠે બીજું કાંઈ પુણ્યદાન કરવું ન પડે એની પહેલેથી જ પાળ બાંધી લીધી. દુનિયા ચાલાક છે.

નગરશેઠે પણ મુંડાવ્યું. જો જો અહીં કોઈ પૂછે છે : 'ક્યા એ મહારાજ ?' ના, શું કામ પૂછે ! પીછે સે ચલી આતી હૈં,

એમ કરીને કરો આંધળીયા ! આમ જ આપણા સનાતન આત્માના હિતાહિત બાબતમાં તો નથી બની રહ્યું ને ?

લોક જેમ આત્મહિતને ઉપયોગી માનવી તેજને ભૂલી પોતાના જ અહિત સાધે એવા કાયા કુટુંબ વગેરેના તેજમાં અથડાય છે, તેમ આપણે પણ આપણાં સાચા તેજ વિસરીને; આપણા જીવનમાં આમ લોકની પાછળ આંધળીયા કરીને દોડયે તો જતા નથી ? એ વિચારવું જોઈશે. લોક અજ્ઞાન છે. એનો રાહ હિતનો નથી. છતાં એની પાછળ આંધળી દોટે દોડવામાં યુગોના યુગ વીતાવ્યા. આજે હજી દુઃખ અને પરાધીન છીએ એ સૂચવે છે કે એ દોટ આંધળી હતી. તો હવે થોભો. વસ્તુઓ તપાસો. તત્ત્વ પકડો, માનવના સાચાં આત્મતેજ પ્રગટાવો.

શેઠને વળી જવાનું થયું મંત્રીને ત્યાં. શેઠનો કેશ વિનાનો ટકોમુંડો ચહેરો જોઈ પ્રધાને પૂછયું : 'શું શેઠ ! આજે ? કેમ કોઈ કુટુંબમાં મરી ગયું ?'

શેઠ કહે છે : 'વાહ ! મંત્રીજી ! આપને ખબર નથી ? લ્યો. જોગેસર મહારાજ કાલધર્મ પામ્યા. ને આપ અજાણ્યા ?

એટલે મંત્રી પૂછે છે : 'તો, મારે પણ કંઈ કરવું પડે ?'

શેઠ કહે છે : 'સારા મહાત્માની પાછળ જેટલું કરો તેટલું ઓછું છે. ઓછામાં ઓછું આ...'





મંત્રી કહે છે : 'હા હા, હું સમજી ગયો, એટલું પણ ન કરીએ તો મહાત્મા પ્રત્યે સારી લાગણી ધરાવી કહેવાય ? મંત્રીએ પણ મુંડાવ્યું.'

હવે આવ્યો રાજાનો વારો. પણ રાજા એટલી બધી ટૂંકી બુદ્ધિવાળો નહિ; એટલે પ્રધાનનું મુંડાયેલું માથું જોઈને પૂછયું : 'કેમ પ્રધાનજી, આ શું ?'

'એ તો પેલા જોગેસર મહારાજ મરી ગયા !'

ત્યારે અત્યાર સુધી બધા પૂછતા હતા કે 'આપણે શું કરવું જોઈએ ?' ત્યાં રાજાએ પુછયું : 'ક્યા જોગેસર મહારાજ ?'

શું કહે પ્રધાન ? હવે પાછું વળવાનું !

મંત્રી કહે : 'એ ક્યા, તેમને ખબર નથી. નગરશેઠને ખબર હશે ?'

ત્યાં બોલાવ્યા નગરશેઠને.

નગરશેઠ કહે : 'મને ખબર નથી મને તો ફલાણાએ કહ્યું. એમ કરતાં પેલા વેપારીનું નામ આવ્યું.

બજારમાંથી એ વેપારીને બોલાવ્યો. તો વેપારી કહે : 'મને ખબર નથી, પંડિતને ખબર હશે ! ઉપાસન ત્યાંથી થયેલું છે.'

રાજાએ પંડિતને બોલાવી પૂછયું : 'પંડિતજી ! ક્યા જોગેસર મહારાજ મરી ગયા ? કયાં છે એમનો આશ્રમ ? કઈ કઈ

સાધના એમણે કરેલી ? કેટલા શિષ્યો પાછળ મૂકી ગયા છે ?' રાજાએ પ્રશ્નોની ધારા છોડી.

આનો કોઈ જવાબ ? ભોળો બિચારો પંડિત ? તેણે કહી દીધું કે 'મહારાજ ! જોગેસર મહાત્મા એ માણસ નહિ, પણ ગધેડાને અવતારે હતો. ફલાણા કુંભારને ત્યાં જીવ ઊંચો, તે રોજ મારી ગાયત્રી વખતે સૂર પૂરતા, કોઈ સારી ગતિના મહેમાન હશે !

પંડિતજીના આ ખુલાસા વખતે બધા જ હાજર હતા ! પ્રધાન, નગરશેઠ, નગરવાસીઓ, વેપારી, બધાનાં મોઢાં કેવાં થયા હશે ? કેમ વારૂ એમ ? કહો કે આંધળીયા દોડમાં અંતે પસ્તાવાનું.

માટે જ તત્ત્વજ્ઞાનીઓ કહે છે : 'જરા ઉભા રહો.' વિચારો; શાથી આ સંસારમાં જન્મ મરણ ? શાથી નવાં નવાં ખોળીયાં ? શાથી નવી નવી ઈચ્છાઓ ? આ બધાની પાછળ શોધ કરશો તો દેખાશે કે માનવનાં અસલી તેજ વિસારી જડની નકલી ચમકમાં પડયા છો, માટે બધી જંજાળ ઊભી થઈ છે.





## ૩.

# હીરાનો હાર

*(માનવની ઉચ્ચતા તેના દિલની સાથે સંકળાયેલી છે. તે એ નિર્વિવાદ ને નક્કર હકીકત છે.*

*તે ઉચ્ચતા મનુષ્યમાં કાં તો સ્વાભાવિક જન્મથી હોય છે. યા તો કોઈ પ્રસંગને પામીને પ્રગટે છે.*

*પ્રસંગના પ્રત્યાઘાતથી પ્રગટેલી ઉચ્ચતા પ્રથમ તો પોતાની પૂરોવર્તી અધમતા પર શ્રાપ વરસાવે છે– ધિક્કાર આપે છે અને પશ્ચાતાપ કરાવે છે. ત્યારબાદ પોતાના કર્તવ્યની સન્મુખ બનાવી જીવનને ઉર્ધ્વગામી બનાવે છે.*

*તેવી એક ઉચ્ચતા છે સીદાતા સાધર્મિકને સહાયક બનવાની.*

*તેના આંતરિક અને બાહ્યદુઃખોને દૂર કરવાના પ્રયત્નની.*

*આ કથાનકમાં આ વસ્તુ ખૂબ જ સુંદર રીતે વર્ણવાઈ છે.*

*'આજના વિષમકાળે આ કથાનક ખૂબ જ પ્રેરક નિવડશે' એમ કહેવું જરાયે અતિશયોક્તિ ભર્યું નથી. કેમકે સાધર્મિકના હૃદયની પવિત્રતમ લાગણીઓ અને ઉચ્ચતમ આદર્શો કેવા હોય ? ગરીબાઈમાં રહેંસાતા ધર્મબંધુ પ્રત્યે હૃદયમાં કઈ વત્સલતા ઉભરાય? અને તે ગરીબાઈને નિવારવા કયાં પગલાં ભરાય ? વગેરે બાબતો આ કથાનકમાં પ્રસંગોચિત સચોટ રીતે વિવેચાઈ છે. '*

*'પ્રિયદર્શન'')*

**શ્રી** જિનશાસનમાં સાધર્મિક ભક્તિનો ઉદ્ધાર કરનારા અનેકાનેક નરવીરો થઈ ગયા. તેવા જ એક શ્રાવકરત્ન પર્વનો દિવસ હોઈને ઉપાશ્રયે પ્રતિક્રમણ કરવા આવેલા. સામાયિક લેતા પહેલાં ગળામાંથી કિંમતી હાર ઉતારીને બાજુમાં મૂક્યો.

પરમદયાળુ પરમાત્માએ આ અનુપમ સામાયિક-ધર્મનો માર્ગ બતાવી આપણા ઉદ્ધાર માટેનો અપરંપાર ઉપકાર કર્યો છે. તો જ અલંકાર-ઠઠારાની મોહમાયાને થોડો સમય પણ ઓછી કરી શકવાની સોનેરી તક મળે છે; અને આત્મગુણોમાં લીન બની શકાય છે ! શ્રાવક હાર બાજુએ ઉતારી નિરાંતે પ્રતિક્રમણ કરે છે પણ એની બાજુમાં બેઠેલો શ્રાવક વિચારે છે :

'અહો ! હાર કિંમતી છે, હું દુઃખી છું. દેવું પતાવવાનું છે. નહિતર ઘરના ઠામ-વાસણ પણ વેચાશે. અત્યારે અંધારૂં છે. કોણ દેખવાનું છે ? લઈને ચાલતો થાઉં' વળી પાછું થયું કે 'અરે ! ધર્મના સ્થાનમાં ચોરીનું મહાન પાપ ? છટ, કેમ લેવાય એ ? તે પાછો આવ્યો ધર્મ કરવા, ને ત્યારે જ પાપ, ના, ન લઉં, એ 'મન તો વાળ્યું પણ મુંઝવણ વધી. ત્યારે, દેવું છે તેનું શું કરવું ? ગમે તેમ પણ હાર તો ધર્મ કરનાર શ્રાવકનો છે. તેથી એને એવો શોક નહિ થાય. માટે હાર લેવો તો ખરો. વળી નાણાંની છૂટ થતાં નવો હાર ખરીદી, આપી આવીશ એને.'





એમ વિચારી પ્રતિક્રમણમાંથી વહેલો ઉઠી અંધારાનો લાભ લીધો. હાર લઈ ગયો ઘર ભેગો ! પછીથી હારનો માલિક તો ત્યાં હાર ન દેખવાથી સમજી ગયો; કેમકે એ બાજુ તે જ શ્રાવક હતો. પણ પછી લેશ પણ બોલ્યા વગર એ ઘર તરફ ચાલ્યો.

રસ્તે જતાં જતાં મનમાં એ વિચાર કરે છે 'અરે ! હું કેવો પ્રમાદી કે મેં સાધર્મિકના દુઃખને જાણ્યું નહિ. દર્દ પિછાણ્યું નહિ ! એને કેટલી મોટી આપત્તિ હશે ત્યારે આ કરવું પડયું હશે ? નહિતર શ્રાવિકા માતાનો દિકરો આવું કરે ? અરે ! તણખલાની પણ ચોરી એ ન કરે.' કેમકે એ જાણે છે કે ચોરીનાં નુકસાનો-

(૧) ચોરી અનીતિના માલથી સુખની મુદત અને સુખનું પ્રમાણ બહુ અલ્પ છે; પણ ચોરી પાછળના આ ભવ- પરભવના દુઃખની મુદત અતિદીર્ઘ અને દુઃખનું પ્રમાણ અત્યંત મોટું છે. એવા દુઃખને નાહક વહોરવામાં શો લાભ ? એનાં કરતાં તો ચોરી કર્યા વિના અહિંના વર્તમાન દરિદ્રતાદિના અલ્પ દુઃખ વેઠી લેવા સારા.

(૨) જન્મ આપીને પાળવા પોષવાનો મહાન ઉપકાર કરનાર માતાપિતા અને કુળને ચોરીથી કલંક લાગે છે. માતાપિતા પ્રત્યે પ્રત્યુપકાર કરવો તો દૂર રહ્યો, પણ ઉપરથી કલંક

લગાડવાનું ? એથી યોગ્ય માતાપિતાને દુઃખ પણ ભારે લાગે છે.

(૩) ચોરીથી અનાદિના કુસંસ્કાર પોષણ પામી આત્મામાં એવા જડબેસલાક બેસે છે કે આ ભવ પછીના કેટલાય ભવોમાં એને દૂર કરી શકાતા નથી, તેથી ત્યાં, ન્યાયસંપન્નતા અને નીતિના સુસંસ્કાર તથા બીજા પણ સંસ્કાર કેળવી શકાતા નથી.

(૪) ચોરીના એક દુર્ગુણથી ધન-લાલસા, માયા, કપટ, જૂઠ, સ્વાર્થ, વિશ્વાસઘાત વગેરે અનેકાનેક દુર્ગુણો પગભર થાય છે; આત્માને પરવશ કરે છે; ધર્મ ભુલાવે છે; રત્નચિંતામણી જેવો માનવભવ બરબાદ કરાવે છે !

(૫) આ ભવમાં કેદ, ફટકા, નાલેશી, ફાંસી વગેરેના દુઃખ અને પરભવમાં નારક વગેરેના ઘોર દુઃખોની પરંપરા આપે છે.

(૬) આ વિશિષ્ટભવમાં મોક્ષની નિકટતા કરવા માટે હૃદયમાં અખંડ પવિત્ર વિચારસરણી અને ભાવનાઓ કેળવવાની હોય છે. પણ એ પવિત્રતા કેળવવાની મળેલી ઉત્તમ તકનો લાભ નથી લઈ શકાતો. કેમકે પરચોરી અને પરનારી ચીજ જ એવી છે કે મન આખો દિવસ એમાં





જ રમતું રહે છે; પછી મનને એ મહાકલુષિત અને તામસી બનાવે છે. ત્યાં સારી વિચારણા કે સારી ભાવનાઓને સ્થાન જ નથી રહેતું.

આવા મહાન નુકશાનને સમજનારો શ્રાવક ચોરી શાનો કરે ? પણ ખરેખર ! આ શ્રાવક કોઈ મહાન અસહ્ય દુઃખમાં આવી ગયો હશે. તેથી આ પ્રમાણે કરવું પડ્યું હશે. પણ તેના આ કાર્યમાં વાંક મારો છે; કેમકે છતી શક્તિએ મેં સાધર્મિકની સંભાળ ન કરી, મારા પ્રાણભૂત પરમાત્માનું એ પ્યારું સંતાન અને એને હું ભૂલ્યો ? જૈન તરીકે ગણાવાનો હક, તો જ મારો રહી શકે, કે મેં જો મારા સીદાતા જૈનબંધુની સંભાળ લેવાનું કર્તવ્ય માન્યું હોય. કર્તવ્ય એ છે કે જે ચૂકવવામાં ગુનેગાર થવાય છે. જો પરોપકાર ચુકાયો તો તેવો ગુનો કર્યો નથી ગણાતો; પણ કર્તવ્ય ચૂકવવામાં ગુનો ગણાય છે, એટલે આ સાધર્મિકની સંભાળ લેવાનું ચૂક્યો, એ મારો મહાન ગુનો છે. એને મને ઠીક ભાન કરાવ્યું. હવે કાલે ગુરુમહારાજ પાસે પ્રાયશ્ચિત્ત માંગવું પડશે. આંખમાં આંસુ સાથે વિચારતાં ઘરે પહોંચ્યો.

કેવી લોકોત્તર શાસન પામ્યાના પ્રતીક તરીકે ઉમદા વિચારણા અને વિવેક ! કેવુંક વસ્તુતત્ત્વનું આલોચન ! કેવી પોતાનામાં તીર્થંકર પ્રત્યે સાચી પુત્રપણાની સચોટ માન્યતા ! કે જેથી એ

પિતાના બીજા પુત્ર પ્રત્યે ઉભરાતી બંધુપણાની વત્સલતા વહાવે છે.

સંપત્તિ સગવડની શી બહુ કિંમત હતી ? એના જ નિમિત્તને પામી, આપણે અનંતકાળથી આપણા અંતરાત્મામાં છૂપાઈ બેઠેલું વાત્સલ્ય અને ઉદારતાનું ઝવેરાત બહાર પ્રગટાવીએ એ જ ખરી વિશેષતા છે ! એ પ્રગટાવવા માટે જ કહો કે આવા પ્રસંગો કામ લાગે છે. પ્રસંગ વિના શી ઉદારતા ?

બીજે દિવસે પોતે વ્યાખ્યાનમાં આવે છે. પેલો શ્રાવક પણ વ્યાખ્યાનમાં આવ્યો છે. કેમ ? એમ સમજીને 'જો રોજ મુજબ આજ ઉપાશ્રયે નહિ જાઉં, તો મારા પર એ શેઠ વહેમાશે કે એણે જ મારો હાર ચોર્યો છે. તેથી જ અહીં મોં નહિ બતાવ્યું હોય. માટે રાબેતા મુજબ ત્યાં જતા રહેવાનું.' જુઓ, પાપ કર્યા પછી પણ માની લે છે કે 'ક્યાં કોઈ મારું પાપ જાણે છે ? અગર તો પકડી શકે તેમ છે- શું આ ? એ જ કે

(૧) પાપ કર્યા પછી પણ પાછળ પશ્ચાત્તાપ, ડર, શંકાદિ થવું મુશ્કેલ છે.

(૨) એક પાપ બીજું માયાનું પાપ નવું આચરાવે છે.

(૩) ઉપાશ્રયે આવવા વગેરે ધર્મક્રિયાને પણ પાપ ઢાંકવા માટે કરાવે છે.





અહીં તો વ્યાખ્યાનમાં પ્રસંગ આવતાં પેલો શેઠ ઉભો થઈ ગુરુમહારાજને કહે છે : 'ભગવન્ ! કાંઈક કહેવું છે.'

આ સાંભળતાં જ હાર ચોરનારના તો હોશકોશ ઉડી જાય છે. અરરે! આ જરૂર જાહેર કરશે કે 'મારો હાર ચોરાયો છે; અને તે વખતે મારી પાસે પ્રતિક્રમણમાં આ શ્રાવક બેઠા હતા, તે વહેલા ઉઠીને ગયા પછી મારો હાર મલ્યો નથી.' પણ એને ક્યાં ખબર છે કે સંઘ વાત્સલ્ય ધરનારા જીવો સંઘના સભ્યોના જાહેરમાં દોષ ન ખોલે. દોષોનું ગેઝેટીંગ ન કરે. ક્ષુદ્ર જીવને દીલની શી ખબર હોય ?

ગુરુમહારાજ રજા આપતાં, શેઠ કહે છે : 'ગુરુજી ! પ્રાયશ્ચિત્ત આપો' ! 'પણ આમ જાહેરમાં ?' 'ગુરુમહારાજ પૂછે છે.

'હા જી, ગુનો જાહેર છે તેથી.'

'શું ગુનો ? શી વાત છે ?'

ત્યાં પણ પેલો શ્રાવક વહેમાય છે ! રખેને આ બહાને મારી ચોરી સિફતથી આડકતરી રીતે જાહેર તો નહિ કરે ? ત્યાં અહીં તો આ વિવેકી શ્રાવક બહુ જોખીને બોલે એવો છે. એ કહે છે :

'પ્રભો ! મારા સીદાતા સાધર્મિક ભાઈની સંભાળ લેવી ભૂલી ગયો !

અહીં ગુરૂજી 'ક્યા સાધર્મિક' એવું પૂછે એમ નથી. કેમકે એ બધું ખુલ્લું કરવાનું ન હોય. માત્ર એટલું જ કહે છે કે 'પછી મળજો.'

આટલા પ્રસંગે તો ચોરનાર શ્રાવક પર અજબ કામણ કર્યું ! એ વસ્તુ સમજી ગયો, એથી એના હૈયામાં પશ્ચાત્તાપનો પ્રંચડ અગ્નિ પ્રગટયો 'હા ! હા ! હા ! મેં પાપીએ આ શું કરી નાખ્યું ? કોનો હાર ચોર્યો ? આવા મહાન પવિત્ર પુરુષનો ? તે'ય ચોરવામાં ઠેઠ જઈને કિંમતી રત્નનો હાર ચોર્યો ? કેટલું મારું નીચ ચંડાલ કૃત્ય ! ચંડાળ પણ આવું ન કરે. વળી એના શ્રાવકપણાની વિશેષતા તો જુઓ કે ભયંકર ગુનો તો મારો છે, અને પ્રાયશ્ચિત્ત એ માંગે છે ! આ મારા પાપે હું ભવચક્રમાં કેટલા ભવ ભમવાનો ? પ્રભુ ! પ્રભુ બચાવ મને, આવા ઉદાર અને પ્રેમાળ ધર્માત્માની ચોરી કરવાને બદલે એમની આગળ જઈ સીધી માંગણી કરી હોત તો ય તે સારી રીતે આપત. પણ હવે હું માગવા લાયક પણ નથી. પહેલું કામ તો મારે તરત જ હાર શેઠને પાછો આપી આવવાનું કરવાનું.'

માણસની ઉદારતા અને પોતાની ભૂલનો ઈકરાર ચોર જેવાના હૃદયને પણ કેવું પલટી નાંખે છે ! એનો આ તાદશ નમૂનો છે. તો પછી બીજાને તો કેમ અસર ન કરે ? ચોરોને, કે બીજા ગુનેગારોને સુધારવા છે ? તો સમજી રાખો કે માત્ર કોર્ટ, સજા





અને નવાનવા કાયદાથી નહિ સુધારી શકો. કાયદાની ચુંગાલમાં તો બિચારા કપરા સંયોગ પરિસ્થિતિવશ મામુલી ગુનો કરનારા પકડાશે. બાકી અઠંગ ગુનેગારો તો કાયદો ન લાગે તેની પહેલીથી તૈયારી રાખશે. તો એવાને સુધારવા દબાવવાનું કામ સંત પુરુષોની વાણી જ કરશે. સત્ પુરુષોની સક્રિય ઉદારતા ગુનેગારની ભૂલોનું પરિમાર્જન કરશે.

વિચાર કરીને તરત જ ત્યાંથી ઉઠી, એ શ્રાવક હાર લઈને શેઠને ત્યાં જઈને ઉભો રહ્યો. શેઠે આવકાર આપ્યો 'આવો ભાઈ ! પધારો.' આ હાર કાઢી શેઠના હાથમાં મૂકે છે.

શેઠ પૂછે છે : 'કેમ ભાઈ ! આ શું છે ?'

આ જવાબ કરે છે : 'અરે ! શેઠ સાહેબ ! શું પૂછો છો ? ઓળખ્યો નહિ ! આ આપનો હાર છે.'

'મારો ?'

'હા જી, આપનો'

'ના ભાઈ ના, મારો હોય જ નહિ.'

'અરે શેઠજી ! શંકા ન રાખો. હાર બદલાયો નથી. એ જ હાર છે આપનો.' પોતે વહેમાય છે કે શેઠને પોતાનો કિંમતી હાર બદલાઈ ગયો લાગતો હોવો જોઈએ, તેથી વહેમ દૂર કરવા આમ કહે છે. પણ શેઠને તો એવું મનમાંય નથી. ત્યારે એમણે

કેમ એમ કહ્યું કે 'આ મારો હોય નહિ ?' સાંભળો શેઠનો ખુલાસો.

શેઠ કહે છે : 'પણ મહાનુભાવ ! હું ક્યાં કિંમતીને બદલે તમે ભળતો-હળતો આપતા હોવાનો કહું છું ? હું તો એમ કહું છે કે મારો હાર ખોવાયો જ નથી.'

આ સાંભળીને ચોરનારો ઠરી જ જાય છે ! એને એમ થાય છે કે 'આ શું કહે છે ! ત્યારે શું ભૂલી ગએલ હશે ? એક મામુલી વસ્તુ ગુમાવવાનું તરતમાં નથી ભૂલાતું, તો આ તો હાર ! એ કેમ ભૂલાય ? છતાં લાવ યાદ કરાવવા દે.' એમ વિચારી કહે છે :

'શેઠ સાહેબ ! જુઓ ગઈ રાતના પ્રતિક્રમણ વખતે આપનો હાર હું ચોરી ગયેલો તે જ આ હાર છે.'

'અરરર ! ખમા તમને, આ શું બોલ્યા ! તમે અને ચોરી ગયા ! છિટ્ છિટ્ છિટ્ અમારો સાધર્મિક બંધુ ચોરીનું પાપ ન કરે. હાર અમારો ચોરાયો જ નથી.'

એટલામાં શેઠાણી ત્યાં આવે છે. પેલો શ્રાવક કહે છે : 'જુઓને બેન! આ તમારો હાર હું ચોરી ગયો છું તે શેઠને પાછો આપું છું. પણ શેઠ નામંજૂર કરે છે. કહોને કાંઈક.' ત્યારે આ બાઈ વળી જુદી છે... એ તો શેઠની વાતનું સમર્થન





કરે છે. ચોરનારને એ કહે છે કે 'ખરી વાત છે એમની, અમારો હાર ચોરાયો જ નથી; અને શું તમે ચોરી કરો ? ના, ના, કરો જ નહિ. માટે મહેરબાની કરીને એવું બોલશો મા.'

લ્યો જુઓ, પતિ-પત્નીનું યુગલ કેવું ? કેમ જાણે એક જીવ અને બે શરીર ! એટલે એક જ જાતના આદર્શ, એક જ જાતની ઈચ્છા, ને એક જ જાતનો મત ધરાવે છે. એ ધરાવે એમાં નવાઈ નથી. પ્રભુશાસનને અનુસરનારા હજારો લાખો મનુષ્યો એક જ મોક્ષના આદર્શવાળા, શુદ્ધ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપરૂપ ધર્મની ઈચ્છાવાળા અને શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના સિદ્ધાંતને માનવાવાળા હોય છે. તો તો બે જ જણની વાત છે. એ એવા એકમતી છે, કે પેલો બન્નેના સામું જોયા કરે, પણ બન્નેય હારની વાતથી સાવ અજાણ્યા જેવા લાગે છે ! એ પરથી એમના હૈયાની ઉદારતા અને ઉમદા પણાના ખ્યાલમાં અને તેની સામે પોતાની મહાક્ષુદ્રતા અને નીચતાની સરખામણીમાં તેનું હૃદય દ્રવીને કંપી ઉઠે છે. આત્મા પાણી પાણી થઈ જાય છે. ઊભો થઈને શેઠના પગમાં પડતો છાતી ફાટ રડે છે, કહે છે : 'શેઠ મારા ! હું જાણું છું કે હાર મેં આપનો જ ચોર્યો છે, પણ આપ બન્નેની ઉમદા દિલાવરતા મારા પર મુશળધાર કૃપાનો વરસાદ વરસાવી રહી છે ! મારા નાથ ! દાન દેવા હજી સહેલાં છે, પણ આવા મહાકિંમતી

રત્નહાર ચોરાયા પછી માલ સાથે ગુનેગાર આવવાં છતાં એક જ કહેવું કે 'મારો હાર ચોરાયો જ નથી ! એ તો આપ સરખા કોઈ દૈવી પુરુષ જ કહી શકે ! આપે મારી આંતરચક્ષુ ઉઘાડી નાંખી છે. આજથી જીવનભર મારે ઝીણી પણ ચોરી ન કરવાની પ્રતિજ્ઞા ! લ્યો, આ આપનો હાર સંભાળી લ્યો.'

મનુષ્યના ઉત્તમ અવતારે, ક્યાં ધર્મના ઓઠા હેઠળ ધર્મી આત્માના માલની ચોરી કરવાની ચંડાળ સરખી અધમતા ? અને ક્યાં પોતાના જ ચોરાયેલા મહાકિંમતી માલને આ રીતે જતો કરવાની ઉચ્ચ ઉદારતા ! ખેર ! શેઠ, હું તો આ તમારો હાર અહિં મૂકીને જ જવાનો; પણ મને એ આપની ઉચ્ચતાનું રહસ્ય નથી સમજાતું.'

શેઠ કહે છે : 'ભાગ્યશાળી ! પૂર્વે પુરુષસિંહો જે ઉચ્ચતા આચરી ગયા છે, એ મારી આંખ સામે તરવરે છે. તેથી મને મારી જાત મહા અધમ લાગે છે, જૈનોના ઘર ભર્યા હતાં છતાં દાનવીરો એવા જૈનોને પણ નિત્ય બારે માસના ત્રણસોને સાઠેય દિવસ નવકારશી જમણ આપવાની ઉચ્ચતા આચરતા. આજ હું, ભર્યાની ભક્તિ કરવાની ઉદારતા તો નહિ. પણ સીદાતાનીય સંભાળ નહિં કરવાની અધમતા આચરી રહ્યો છું. મારા સાચા બંધુ ! તેં તો બીડેલી આંખો ઉઘાડી નાખી છે, તારો હું કેટલી ઉપકાર માનું ! આ જગતમાં પૈસા આવવા





જવાની વસ્તુ તો એક અતિ સામાન્ય બાબત છે; તુચ્છ વસ્તુ છે. હું તો મારા પૈસાના કેફમાં દારૂડીયાની જેમ મસ્ત બની બેસાવધ હતો. અવિવેકી ! અરે ! સદ્ભાવનાથી પરવારેલો હતો, પરંતુ કેમ જાણે મારો નશો ઉતારી મારામાં વિવેક અને સદ્ભાવના જગાવવા તેં હાર લેવાનો અખતરો કર્યો; અને ખરેખર ! મને ભાન આવ્યું ! મેં જોયું કે 'અરે ! હાર લેવા પૂર્વે મારો ધર્મબંધુ મારા ધર્મપિતા દેવાધિદેવનો પ્યારો પુત્ર, કેટલો બધો સીદામણમાં કચરાતો હશે ! અને એ બધામાં કેવી હૃદયને આઘાત લગાડનારી નિષ્ફળતા મળી હશે. મારા પૈસા શું મારી ચેહ બાળવા જ ઉપયોગી છે ?

જગતબંધુ પ્રભુની સેવાએ મને બે પૈસા આપ્યા. તે છતે સાધર્મિકના દુઃખ ન ફેડું ? એ કેવી મારી સ્વાર્થ પટુતા ! કેવી ધનના માથે ફણીધર જેવી દશા ! આમ જ જો ચાલ્યું હોત તો મારા સાધર્મિકો સીદાઈ મરત અને પેટની ચિંતામાં ધર્મચિંતા ભૂલત ! તેથી મારા પિતા પ્રભુની ચાલી આવતી ધર્મ-સંસ્કાર અને પ્રવૃત્તિની પેઢીને મહાન નુકસાન પહોંચત ! પછી જૈન ધર્મશાસન આરાધકોની ઠીક સંખ્યાના અભાવે દુનિયામાં કેવું કંગાળ દેખાત ! તેમ જ સીદાતા જૈન ગૃહસ્થો કદાચ સત્ય માર્ગ કેવો ગુમાવત ! ઈત્યાદિ મારી વિચારણા ઉપર મારે મારી ભયંકર ભૂલનું આજે ગુરુદેવ આગળ પ્રાયશ્ચિત માગવું પડયું.

મહાનુભાવ ! તારો તો અમે બન્ને જણ ખૂબ ઉપકાર માનીએ છીએ. આ હાર તો સાધર્મિકના ઉદ્ધારમાં જ અમે કલ્પી લીધો છે. તે તું લઈને જ જા.'

શેઠના આત્મનિવેદને તો હાર ચોરનારનું હવે ખૂબ જ દિલ હચમચાવી નાખ્યું ! એ નીચે ગાદી પર મૂકી દીધેલા હારને હાથ પણ શાનો અડાડે ? છતાં શેઠે છેવટે બહુ કરગરીને એનું દેવું પતાવવાની અને વેપાર કરવાની રકમ આપીને મોકલ્યો.

કેવો ધન્ય હૃદય પલટો !





## ૪.

# બે અમેરીકન

*(દેહની દેરીમાં બિરાજેલા દેવને જરા એટલું તો પૂછોઃ- 'દેવ, તમે જાગતા કે ઊંઘતા ?*

*તત્વચિંતકોના મનોમંથનમાંથી નીતરેલું આ નવનીત છે કે- આત્માને જ્યાં સુધી પરમાર્થની પરાકાષ્ઠાનું લક્ષ્ય નથી જાગ્યું ત્યાં સુધી તે પોતાની જીંદગીને છીણ્યે જાય છે ! અરે, તે પારમાર્થિક જીવન જીવવા સામે સૂતેલો જ છે !*

*પરંતુ તે સૂતેલા સિંહને જગાડવા માટે એક કાંકરી જ બસ થઈ પડે છે. પછી તેના પરાક્રમનું પૂછશો જ મા ! હા, જંગલનો સિંહ પોતાના જગાડનારને ભલે ભક્ષ્ય બનાવે પરંતુ આ કાયાના કાનનમાં સૂતેલો કંઠીરવ તો પોતાના જગાડનાર પ્રત્યે ફીદા બની જાય છે. તેનું ભલું કરવા સ્વનું સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર હોય છે.*

*આ કથાનક ઉપરોક્ત હકીકતને સ્પર્શે છે.*

*આત્માની અનુભૂતિને અજબ રીતે આ કથા પ્રાદુર્ભૂત કરે છે. અને બન્ધુ પ્રત્યે સહાનુભૂતિનો ઝંકાર ઉપજાવે છે.*

*પૂ. ગુરુદેવશ્રીની મીઠીગીરાનો અને અભિનવ સર્જનકૌશલ્યનો અહીંયા ઠીકઠીક અનુભવ થાય છે.*

*''પ્રિયદર્શન'')*

**અ**મેરીકામાં એક 'ફીજીકલ કલ્ચર' નામના માસિકમાં હાલના કાળે બનેલી એક ઘટના નોંધાયાનું સાંભળવા મળ્યું છે. તે પરથી આ કહેવાય છે.

દરિયા કિનારે એક શ્રીમંત અમેરીકન રાતના ફરવા માટે આવ્યો. આવેલ એ જીવ જરા કૃપણ હતો એ જુદી વાત. પણ રાતનો સમય, એટલે કોને શોભા ય બતાવવી હતી ? તેથી એણે માત્ર સાદું પહેરણ પાટલુન પહેરેલું હતું.

કેટલીક બાબતોમાં કેટલાક શ્રીમંતો ભોગવટામાં ધરાયા જેવા હોય છે. તેથી જ્યાં સામાન્ય કોટિના માણસને જ્યારે ખૂબ ઠાઠ-ઠઠારા કરવા ગમે છે. પકવાન જમવા ગમે છે, ત્યારે આ શ્રીમંત કોટિનો મનુષ્ય માત્ર સાદા પહેરવેશમાં રહે છે. સાદું ભોજન લે છે ! તમે પૂછશો કે આવું કેમ બનતું હશે ? પણ જરા કુદરત સામે જુઓ.

(૧) કાંસાની થાળીનો રણકો ભારી હોય છે, ત્યારે સોનાની થાળી એવો ખણખણ ધ્વનિ નથી બતાવતી.

(૨) નહિ વરસતા વાદળા ગડગડાટ કરી મૂકે છે જ્યારે વરસતા વાદળા શાંત અને સચોટપણે કામ બજાવી જાય છે.

(૩) નાની નદી થોડા વરસાદે છકી જાય છે, ચારે બાજુ ઉઘલાઈ જઈ રેલમછેલ કરી બતાવે છે, અને ગંગા જેવી મોટી નદી તેવો ફટાટોપ નથી બતાવતી, એક સમુદ્ર તો વળી





અનેકાનેક મહાનદીઓ પોતાનામાં આવી મળતા છતાં જરાય ઉઘલાઈ જવાનું નથી બતાવતો.

બસ, એવું આ શ્રીમંતમાં હતું. દરિયાકાંઠે પહોંચીને મોટરમાંથી ઉતરી તેણે મોટર દૂર ઉભી રખાવી; અને પોતે દરિયાના કિનારે ફરતો ફરતો એક બાકડા પર જઈ બેઠો. ઠંડી પવનની લહેરી આવી રહી છે. લોક ઓછું થઈ ગયું છે, એકાંત અને શાંતિ છવાઈ ગઈ છે. વિરાટકાય સમુદ્ર સામે દૃષ્ટિ નાખી બાંકડા પર બેઠો બેઠો એ અમેરીકન કોઈ ગહન વિચારણામાં લીન છે.

ત્યાં બન્યું એવું કે એક બીજો શ્રીમંત એ અવસરે ત્યાં ફરવા આવ્યો. મોટર ઉભી રખાવી. નીચે ઉતરી કાંઠે કાંઠે ચાલતો આવે છે. એણે શોપરને કહ્યું કે ધીમે ધીમે ગાડી પાછળ રાખતો રહેજે. હવે એ જ્યાં આ પહેલાં અમેરીકનની પાછળ આવી લાગે છે. ત્યાં આ બે સિવાય બીજું કોઈ નથી. પહેલાને તદ્દન સાદા વેશમાં અને સમુદ્ર તરફ જોતો જોઈને બીજાના મનમાં વિકલ્પ ઉઠે છે કે 'આ કોઈ ગરીબ માણસ ગરીબીના દુઃખથી ત્રાસી જઈને, લાગે છે કે એ દુઃખથી જીવનનો અંત આણવા અહીં આવ્યો હોય. કદાચ કોઈ આપઘાતનો વિચાર કાં ન કરી રહ્યો હોય ! જુઓ કુદરતની કેવી ઘટના છે ! કરોડપતિને ગરીબ કલ્પી આપઘાતની ઈચ્છાવાળો માની લેવાય છે ! આ જગતમાં એક બાજુ વસ્તુસ્થિતિ કેવાંક પ્રકારની હોય છે, પરંતુ

બીજી બાજુ અજ્ઞાનદશા એને કોઈ જુદા જ સ્વરૂપે ઓળખાવે છે ! એ, કે માત્ર તમારી કલ્પનાના વિશ્વાસે રહ્યા તો ઠગાશો. માટે એના વિશ્વાસે અને ધોરણે ચાલતા નહિ. પૂછગાછ કરજો, આજુબાજુ તપાસ કરજો, શાણાની સલાહ પૂછજો. તમે સાદા વેશ કે સાદી રહેણીકરણી પરથી હલકું કલ્પતા મા.

અલબત્ત, અહીં નુકસાન નથી થવાનું. કેમ કે આવનાર ઉદાર અમેરીકનના હૃદયમાં એકદમ દયા ઉભરાઈ આવે છે. મનને એમ થાય છે કે જો હું અહીંથી એમ જ ચાલ્યો જઈશ તો સંભવ છે કે કદાચ એ દરિયામાં ઝંપાપત કરે ! કેમકે એ લમણે હાથ દઈને સમુદ્ર તરફ જોતો એમ કરવાની વિચારણામાં લાગે છે. માટે એને હું બચાવી લઉં. જુઓ દયાની વેગવંતી ભાવના ! આમ તો કદાચ દુઃખી સીદાતા માણસોને શોધવા ન જઈએ, પણ આપણી સામે જો આવી જાય તો સહેજે એના ઉદ્ધારની લાગણી ઉભરાઈ આવે ને ? પછી દયાવૃત્તિ ચીજ એવી છે કે સામાના વગર કહ્યે એના દુઃખ ફેડવાનો ઉદ્યમ થાય.

આગન્તુક ગૃહસ્થે ઝટ પેલાની પાછળ જઈ પોતાના ખીસ્સામાંથી બે ડોલર કાઢીને અને પોતાનું વિઝિટીંગ કાર્ડ એક હાથમાં લઈ બીજા હાથે પેલાની પીઠમાં પ્રોત્સાહનનો ધબ્બો મારતા કહે છે : 'મૂર્ખ ! મરવા શાને આવ્યો છે ? લે લે,





આ બે ડોલર અને આ કાર્ડ. કાલે ઓફિસ પર આવજે, ધંધો અપાવીશ ! નાહકનો આમ જીવન વેડફી ન નાખ.' કલ્પના ભલે ખોટી. પરંતુ વગર માગે ય આટલી સહાય કરવાની કેવી ઉદારતા ! ઉદારતા તો માનવ પુષ્પની સુવાસ છે. એ સુવાસ ન હોય તો માનવની વિશેષતા શી ? ત્યારે ક્ષુદ્રતાની દુર્ગંધ હોય તો તો વળી માનવજીવન એ ઉકરડા જેવું જ ને ?

બીજો શ્રીમંત અમેરીકન આ સાંભળી ચોંકે છે ! ચોંકે જ ને ? કરોડોની સંપત્તિવાળાને પેલો નિર્ધન માને, મૂર્ખ કહે, કેમ આપઘાત કરવા આવ્યો છે ? એમ ઠપકો આપે તેથી સહેજે ચોંકે ! પરંતુ અહિં તો ખૂબી એ થાય છે કે આતો સાંભળી જ રહે છે; હજી તો કાંઈ ઉત્તર નથી કરતો, એટલામાં તો પેલો ઠપકો આપનારો બાંકડા પર ડોલર અને કાર્ડ નાખી મોટરમાં બેસી ચાલ્યો જાય છે. હવે અહિ આની પણ વિશેષતા જુઓ કે પેલાના શબ્દો સીધા અર્થમાં લેવાની કેવીક સરળતા દાખવે છે ! માનવ જીવનમાં સરળતા, એ તો જીવને ગુણોની સીડી પર ઉંચે ચઢી જવાને અનુકૂળ છે. વક્રતા એમાં પ્રતિબંધ કરે છે, અટકાયત કરે છે. સરળતાનો અનુભવ કરો; તો ગુણારોહણનો સાક્ષાત્કાર થશે.

આ અમેરીકન વિચારે છે, 'જો તો ખરો, ભલે મને ખોટી રીતે ગરીબ અને આપઘાત કરનારો માન્યો. પણ કેવો દિલાવર

માણસ ! બે ડોલર ઉપરાંત ધંધા માટે કાર્ડ આપી જાય છે ! મારે ને એનો શો સંબંધ ? વળી કદાચ સંબંધ ન હોય તો કોઈક દયા કરનાર હોય છે; પણ દયા માગવા આવનારની કરે છે. અહીં તો મેં કયાં એની આગળ અરજી પણ કરી છે ? અરે ! કોઈ તો અરજીનીએ રાહ જોયા વિના એમને એમ પણ દાન કરવા નીકળે; પરંતુ ત્યાં છેવટે સામાની સ્થિતિ તો પૂછે, સાંભળે, જાણે પછી તપાસ પણ કરે. પછી દયા દાન કરે. આ તો ન પૂછવું, ન જાણવું, ન કોઈ તપાસ ! માત્ર પોતાને લાગ્યું કે આ મદદ કરવા યોગ્ય છે એટલામાં ડોલર અને કાર્ડથી ધંધો અપાવવાનો કોલ આપી જાય છે. આ બેકારી યુગમાં ઓળખીતા પારખીતા, અને ભણેલા ગણેલાને પણ રોજગાર કોણ આપે છે ?

ત્યારે આ મને મારી કશી લાયકાત જાણ્યા વિના રોજગાર આપવાનું કહી જાય છે ! ધન્ય એની ઉદારતાને ! એની પરગજુતાને ! એની નિસ્પૃહવૃત્તિને ! ખરેખર ! એણે તો મારી આંખ ખોલી નાંખી ! પૈસા એ શું ગણે છે ? હું શું ગણું છું ? એણે જો મારે માટે એમ ધાર્યું હશે કે 'આ દુઃખી માનવ મારો નાગરિક અને તે આમ મરે ? લાવ; એનો હું ઉદ્ધાર કરું. મારા પૈસાનો બીજો શો સારો ઉપયોગ છે ? હવે આવું કાંઈક વિચારી, જો વગર પૂછયે મને પૈસા આપી ગયો. તો હવે હું શા સારું





કંજૂસ રહું ? લક્ષ્મીની સાર્થકતા બીજાના દુઃખ ટાળવામાં છે, બીજાના બળતા હૈયા ઠારવામાં છે. ત્યારે મને જેમ લક્ષ્મીના સંગ્રહમાં આનંદ આવે છે, તેમ એને લક્ષ્મીના દાનમાં આનંદ આવતો હશે ને ? વાહ ! વિચાર કરતાં એ ઠીક પણ લાગે છે કે દાન કરવામાં જ સાચો આનંદ છે. કેમકે લેનારા સામા માણસો પછી વાતાવરણ ખુશનુમા રાખે છે. તેમ જ એ પણ છે કે લક્ષ્મી કયાં વિશ્વાસ કરવા યોગ્ય છે ? જાતખર્ચ, બિમારી કે ખોટમય વેપારમાં કયાં એ ચાલી જતી નથી ? ખરી રીતે તો બીજાના દુઃખ ટાળ્યાના અદ્‌ભુત આંતર આનંદનો આપણને અનુભવ થાય છે. બસ ત્યારે; મારે પણ દાનનો આનંદ લૂંટવો ! મારે પણ આ પ્રસંગને મહાન બોધપાઠ સમજી કૃપણતા કાઢી નાખી, સારી રીતે દીનદુઃખીને દેતાં રહેવું...

પ્રસંગ અને શબ્દ એના એ જ; પણ જેવી આપણી દૃષ્ટિ તેવી સૃષ્ટિનું સર્જન કરીએ છીએ. બરડામાં ધબ્બો અને 'મૂર્ખ ! આપઘાત કરવા આવ્યો છે ? લે આ બે ડોલર !' એવા શબ્દોનું શ્રવણ–આ બેને અપમાન તરીકે જોવા હોય તો જોઈ શકાય છે. એમ માની શકાય છે કે 'શું આટલો બધો ઘમંડ કે ધબ્બો ઠોકે છે ? દાન–દેવું હોય તો કોમળ શબ્દોથી, આમ રોફમાં કે અપમાન કરીને દેવાતું હશે ? એની શી બહુ કિંમત ? જો સામાના શબ્દો તરફ હલકાઈની દૃષ્ટિ થાય તો

ત્યાં કલહની સૃષ્ટિ જાગે. અહિ તો અમેરીકને એને લાગણી વચન અને હિતવચન તરીકે જ લીધું; તો એ ઉપરથી એના પર પ્રેમ થયો, અને પોતાની જીવનના દિશા ફેરવી.

અમેરીકન ઘેર પહોંચી પેલાનું વિઝિટીંગ કાર્ડ અને બે ડોલર તિજોરીમાં મૂકયા. રોજ એના દર્શન કરીને વધુ ને વધુ દાનની પ્રેરણા મેળવે છે એમ કરતાં વર્ષો વીત્યાં. એટલા ગાળામાં પોતે ખૂબ સખાવતો કરી, હવે તો મન જ પલ્ટી નાખ્યું છે, પછી તો એને દાન દીધા વિના ચેન નથી પડતું, અને દીધાના આનંદની સીમા નથી રહેતી. શું કહ્યું ? દીધા વિના દુઃખ ! દીધાનો આનંદ !

એકવાર એવું બન્યું કે સવારના સમયે ચાના ટેબલ પર વર્તમાન પત્ર ખોલતાં એમાં પેલા અમેરીકનની પેઢીનું નામ વાંચે છે. રોજ એનું કાર્ડ જોવાનો અભ્યાસ છે, તેથી એને તરત એનો ખ્યાલ આવી જાય છે. સમાચારમાં લખ્યું છે કે કંપની પર લેણદારોનો દરોડો છે, અર્થાત્ કંપની આપત્તિમાં લાગે છે.

આ વાંચતા જ એના હોંશકોંશ ઊડી જાય છે. એને થાય કે છે 'અહો ! મારા ઉપકારી અને મહાઉદાર ગૃહસ્થ પર આફત? એણે જો મને મહાન મનઃશુદ્ધિ, મનોબળ અને આંતરિક આનંદ જિંદગીભર માટે ઊભો કરી આપ્યો, તો મારે એની આગંતુક આર્થિક આપત્તિ ટાળવાનો મામુલી પ્રત્યુપકાર





ન કરવો ?'

કેવી સુંદર વિચારસરણી છે ? વસ્તુનો કેવો વિવેક છે ? પૈસા અને કાર્ડ આપવા સંબંધી ઉપકાર એ તો મામુલી ઉપકાર, પણ દાનવૃત્તિ જગાવી એ મહાન ઉપકાર ! એવા મહાન ઉપકારને કરનારા પર આપત્તિનું નામ સાંભળી ચોંકી ઉઠવું, લાગણીવશ થઈ જવું, એના વગર બોલાવ્યે એની આપત્તિ ટાળવા માટે તુર્ત જ નિરધાર કરી લેવો. આ બધી ઉમદા દૃષ્ટિ છે. ધર્મી આત્માને આવી દૃષ્ટિ પાયામાં જરૂરી છે.

સહાય કરવાનું મનમાં નક્કી કરી લીધા પછી આ શ્રીમંત પોતાના પ્રાઈવેટ સેક્રેટરીને બોલાવી કહે છે, ચાલો અમુક કંપનીની ઓફીસ પર. સેક્રેટરી વિચારવામાં જ પડી જાય છે; કેમકે એ જાણે છે કે, એ કંપનીની સ્થિતિ નરસી બની છે અને પોતાની કંપનીને એની સાથે કોઈ લેવડદેવડનો કે બીજો સંબંધ નથી. તો પછી માલિક અત્યારે ત્યાં કેમ જવા માંગતા હશે ? ત્યાં તો લેણીયાતોનો દરોડો હશે ! એની એને મૂંઝવણ થઈ પડી છે !

જુઓ, આ સંયોગો અને પરિસ્થિતિની વચમાં આ અમેરીકનને જવું છે, શા માટે ? પોતાના આચરણથી સામાએ માત્ર જરા દાન વૃત્તિનું અતિ નાનું દૃષ્ટાન્ત બતાવીને જે ઉપકાર કર્યો છે, તેનો બદલો વાળી કૃતજ્ઞ બનવા !

અહીં તો સેક્રેટરી ગમે તે ધારે વિચારે, પણ માલિકની આગળ બોલાય એવું નથી. Order & Obey હુકમ તમારો અને અમલ મારો ! મોટર લઈને સીધો તૈયાર થઈ જાય છે, માલિક પણ સાથે ચેકબુક લઈ લે છે. બંને જણ મોટરમાં બેસીને પેલી કંપનીની ઓફિસે પહોંચી જાય છે, ત્યાં તો જુએ છે તો લેણદારોની ઠઠ જાણી પડી છે. આ પોતે ત્યાં પહોંચી કંપનીના માણસને પૂછે છે :

'માલિક ક્યાં છે ?'

જવાબ મળે છે કે 'હમણાં નહિ મળી શકે.'

'પણ એ છે ક્યાં ?'

'તે મને થોડું જ કહીને જાય છે ?'

આ મુંઝાયો, મળવું શી રીતે ? અને મળ્યા વિના થાય પણ શું ? શું ત્યારે આવા વખતે મનમાં એમ ન થાય કે 'જવા દો, એને ગરજ ન હોય તો આપણે શી ગરજ છે ?' પણ એને એવું નથી થતું. માણસને મમત્વ લાગ્યા પછી સામાની બહુ ગરજ જોવાનો સવાલ નથી રહેતો, સાચી કૃતજ્ઞતા જાગ્યા પછી સામા તરફથી આદર–માન લેવાની અભિલાષા નથી રહેતી સાચી લાગણી પ્રગટ્યા પછી સામો આપણી લાગણીની કદર કરે છે કે કેમ ? તેની અપેક્ષા નથી રહેતી.





એક જ જોવાય છે કે 'કેમ એની ભક્તિ કરું ? કેવી રીતે એને સહાયક થાઉં ?' આને લગની છે તેથી બહારથી સરખો જવાબ ન મળતાં અંદર જઈ સેક્રેટરીની સાથે ખાનગીમાં વાત કરે છે.

'જુઓ, હું લેવા નથી આવ્યો. હું તો મારા મિત્રની મદદે આવ્યો છું. માટે મારા તરફથી જરાય ભય રાખ્યા વિના મને માલિકનો ભેગા કરો પછી જો જો કે મારું આ બધું આખું વાતાવરણ કેવું ફરી જાય છે ! હું જાણું છું કે માણસને આપત્તિકાળમાં એવા એવા લોક હેરાન કરે છે કે જેનાથી ચેતીને આઘા જ રહેવુ પડે તે વખતે મિત્ર ગણાતા માણસને શત્રુ થઈ પાછા તે મિત્રાતાની રૂએ ઠેઠ અંદર ઘુસી ડીટેકટીવ વગેરે દ્વારા આપણને કફોડી હાલતમાં મૂકે છે. આવું પણ બને છે. આ બધી દુનિયાની કઢંગી સ્થિતિની મને ખબર છે પણ મારા માટે વહેમ રાખશો નહિ. એમ સાચા મિત્ર તરીકે એમણે મારા પર કરેલા ઉપકારને સમજી અત્યારે હું ખાસ સંગીન મદદ કરવા આવેલો છું. કેમકે હું જોઉં છું કે અત્યારે એમના પર ભયંકર આફત છે. મિત્રની આફતમાં મારું ધન કામ નહિ લાગે તો ક્યાં લાગશે ? હવે જરા મિત્રનો ભેટો કરી આપો.'

કેવી હોંશિયારીથી સેક્રેટરીને સમજાવે છે ! સામાનો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે પહેલાં એની શંકા વ્યાજબી હોવાનું ઠરાવવું

પડે છે. 'આપણે સાચા છીએ, નિસ્પૃહી છીએ, પરોપકાર કરવા આવ્યા છીએ.' માત્ર એટલી બુદ્ધિથી કામ નથી ચાલતું. એ બુદ્ધિ સાથે નમ્રતા અને સમવેદન જોઈએ છે; સામાના દુઃખની ડીગ્રીનો ખ્યાલ જોઈએ છે. કલ્પી લ્યો કે આપણે જ એના સ્થાનમાં હોઈએ, અને તે વખતે આપણને કોઈ ભલેને લાખોની મદદ કરવા આવ્યો હોય, પણ જો એવું કાંઈ ન બોલતો હોય કે જેથી આપણને વિશ્વાસ પડે, તો આપણે શું કરીએ ? શું બીજાના અનેક કડવા અનુભવ પછી અહિં એકદમ વિશ્વાસ મૂકી દઈએ ખરા ? ના, તો જેવી આપણા હૃદયની સ્થિતિ, એવી બીજાના હૃદયની. માટે પહેલાં તો એના દુઃખમાં હમદર્દી બતાવવી ઘટે, અને એની શંકા, એનો ભય વગેરે અસ્થાને હોવાનો ઈન્કાર કરવો ઘટે.

ત્યારે હવે સેક્રેટરીની સ્થિતિ જુઓ, માલિકની વફાદારીના હિસાબે, બહારના માણસ ઉપર એકદમ વિશ્વાસ મૂકવા એ તૈયાર નથી કટોકટીના દુઃખનો પણ એને ખ્યાલ છે. તેથી, 'નથીને એને નિવારવાનો કોઈ ઉપાય મળી આવે છે ? એવી ઈચ્છા પણ જરૂર વર્તે છે એટલે શું કામ છે ?' એમ પૂછતા જો ઉત્તર મળ્યો હોત કે 'કામ તમને કહેવાનું નથી,' તો તો આ સેક્રટરી સમજી લેત કે વળી કોઈ નવો માંગણીઓ આવ્યો. માટે એને કહી દો કે માલિક નહિ મલી શકે,' પણ અહિં તો





પેલો આવનારો ખાનગીમાં જ્યારે કહે કે 'હું લેવા નથી આવ્યો, દેવા આવ્યો છું.' ત્યારે આને આશા બંધાય છે. એને એમાં ઈશ્વરી મદદ દેખાય છે.

સેક્રેટરી આની લાગણી સમજી ગયો. આમેય આશા તો મોટી હોય જ ! એમાં આવા અવસરે આશા જેવું દેખાય તો જીવ કેમ ન લલચાય ? એ કહે છે કે : 'ચાલો, મારા માલિકની ભેટ કરાવું.' કહીને નીચે ઉતરી મોટરમાં બેસીને હંકારી જાય છે. એક બંગલા પર પહોંચી જાય છે. બંગલો મોટો છે. એના ઉપરના ભાગે એક ઊંડા અંદરના હોલમાં માલિક અત્યંત ચિંતાતુર સ્થિતિમાં બેઠા છે, એની પાસે સેક્રેટરી આ મદદગાર અમેરીકનને લઈ જઈ ઓળખાણ કરાવે છે ! સાંભળીને એની આંખમાં પણ નવી રોશની આવે છે !

અત્યંત દુઃખમાં સર્વ આશા ગુમાવ્યા પછી જે અણધારી મહાન આશાનું કિરણ દેખાય ત્યાં જીવને અપૂર્વ આનંદ થાય છે. એને બીજા શબ્દોમાં કહીએ તો એમ કહેવાય કે જેમાં જે દુઃખ ટાળનારી રાહતનું સાધન મળતાં અપૂર્વ આનંદ થાય ત્યાં પૂર્વે દુઃખ ઘણું જ થતું હોય. તો હવે જુઓ કે સંસારવાસ અંગેના વિવિધ ટાળનારા જે દેવ ગુરુ અને ધર્મ સામગ્રી તથા ધર્મ સાધનાના વિવિધ અંગો છે, તે મળ્યાથી અપૂર્વ આનંદ થાય છે ? એ તો જ થાય કે પહેલાં સંસારવાસનું અપરંપાર

દુઃખ થતું હોય. અથવા કહો કે ત્યાં જો અપૂર્વ આનંદ કરવો હોય, તો અહીં સંસારવાસનું અપરંપાર દુઃખ મનને લગાડવું જોઈએ. જો આ દુઃખ નથી, તો દેવ ગુરુ વગેરે મળ્યા બદલ અપૂર્વ આનંદ નહિ થાય.

મદદે આવેલા અમેરીકને પોતાના અને સામાના, એમ બંને સેક્રેટરીઓને બહાર બેસવા કહ્યું, પછી બારણું બંધ કરી વાર્તાલાપ શરૂ કરે છે. પહેલાં પોતે પૂછે છે :

'તમે મને ઓળખો છો ?'

'ના, તમે કોણ ?'

'હું પેલો નિર્ધન... દરિયાકાંઠે આપઘાત કરવા આવેલો... અને તમે બે ડોલર તથા વિઝિટીંગ કાર્ડ આપેલ... વર્ષો પહેલાંની વાત છે. યાદ આવે છે ?'

આટલી વિગત સાંભળીને એને પૂર્વના પ્રસંગનો આછો આછો પણ ખ્યાલ આવી ગયો, પણ 'હા કહેવા પૂર્વે એને શંકા પડી કે સેક્રેટરી જે ઓળખાણ કરાવી તે ભ્રમમાં કાં ન હોય ? પછી આમ તે ભેગા થવાય નહિ એટલે આ તુક્કો રચ્યો હોય તો કોને ખબર ? આ તો ઉલટી લપ વળગી ! માટે એવી વાત થતાં પહેલાં જ ચોખવટ કરી લેવા દે.

અહીં જુઓ કે સ્થિતિ જુદી જ છે, છતાં કલ્પના ઊંધી કરે





છે. માણસે ધીર બનવું જોઈએ. સામાના આ અભિપ્રાયને શક્યતાએ એના મુખેથી જ જાણવો જોઈએ. પછી તોલ બાંધવો ઠીક છે. પણ માણસના હૃદયમાં પ્રવતર્તો ભય એક એવી ચીજ છે, એ ખોટી ઉતાવળ કરી નંખાવે છે. એટલે એ કહે છે :

'હા ઓળખું છું. તો શું લેવા આવ્યા છો ? તમને ખબર છે મારા હાલના સંયોગો ?'

'હા, ખબર છે.'

તો સમજી લ્યો કે હાલ હું કાંઈ આપી શકવાના સંજોગોમાં નથી !'

'હું એ જાણું છું માટે જ આવ્યો છું, પણ લેવા નહિ મદદ કરવા. મદદ પણ પૂરી કરવા.'

'આટલી બધી મદદ શા સારું ? તે આપઘાતના બચાવ બદલ ?

'ના, આપઘાતમાંથી નહિ, પણ સ્વાર્થાંધતામાંથી બચાવવા બદલ.'

'એટલે હું કાંઈ સમજ્યો નહિ.'

'હું ગરીબ હતો જ નહિ. આપઘાત કરવા આવ્યો જ નહોતો.'

'શું કહો છો ?'

'હા, ખરેખર ! મારી પાસે સારા પૈસા હતા. ત્યાં જ મારી મોટર પણ ઊભી હતી. દરિયા સામે જોતા હું સહેજ વિચારમાં ચઢી ગયો હતો. તમે માની લીધું કે 'આ ગરીબ છે, તેથી આપઘાત કરવા આવ્યો છે.'

'તો તમે મને ઠપકો આપી ભાન કેમ ન કરાવ્યું ?'

'શા માટે એવું કરું ?'

'કેમ ન કરો ?' જો હું આવો આક્ષેપ કરવાની ગંભીર ભૂલ કરતો હોઉં, તો તમે મારી સાન ઠેકાણે લાવવા હકદાર હતા. તો એ માટે ભાન કેમ ન કરાવો ?'

'એનું કારણ છે, એ આક્ષેપની કાંઈ કિંમત નહોતી; કિંમત તો તમારા બે ડોલરના દાન અને રોજગાર આપવાના આશ્વાસનમાં સમાયેલી ઉદારતાની હતી ! કિંમત પરદુઃખભંજનતાની મૌન શિખામણ જે આપી તેની હતી ! હું પણ કૃપણ હતો, દિલ વિનાનો હતો, સ્વાર્થી હતો. તમારી ઉદારતાએ મને ઉદાર બનાવ્યો, દિલવાળો કર્યો, પરગજુ અને પરમાર્થી બનાવ્યો !

પેલો ચકિત જ થઈ જાય છે; પોતાનું દુઃખ ભૂલી આનું સાંભળવામાં લીન બની ગયો ! આ આગળ ચલાવે છે :

'તે જ વખતે મેં દાન કર્યે જવાનો અને પગરજુ તથા ઉદાર બનવાનો નિર્ધાર કરી લીધો. મને એમ થયું કે મરતાં જો બધું





ફોક છે. તો જીવતાં એનો સદ્ઉપયોગ કાં ન કરી લેવો ? હાં, મૃત્ય ન આવતું હોત, અને સાથે બધું જ કાયમી ટકતું હોત તો જુદી વાત હતી, પણ એવું છે નહિ. પછી મેં ઘેર જઈને આજ સુધી તે તમારા ડોલર અને કાર્ડ સાચવી વારે વારે એના દર્શન કયા છે. એના બળે આજ સુધીમાં દાન કરવાના અનેક કાર્ય કરી શક્યો છું. અને આજે છાપામાં વાંચી અહીં બદલો લેવા આવ્યો છું. અહો ! શું દાનની મજા છે ! બોલો; કેટલી આપત્તિ છે ?'

આટલું બોલી ઝટ ચેક બુક કાઢી લખવાની તૈયારી કરે છે. પેલો તો આભો જ બની જાય છે ! એને એમ થાય છે કે 'આ તે શું બોલે છે કે બનાવવાનું, અથવા એને કાંઈ ખબર છે કે ખોટ કેટલી મોટી છે ?' પૂછે છે :

'આપત્તિની તમને થોડી ઘણી પણ કલ્પના છે ?'

'આપત્તિ ગમે તેટલી હોય, એની જરાય ફિકર ન કરો'

'ને બે ડોલરના બદલામાં કેટલું બધું ?'

'ના, બે ડોલરની મૂળ રકમમાં છે ઉદારતા અને મહાન જીવનશાંતિનો પાઠ તમે આપ્યો છે, એને પાછું વાળવાની તો મારી શી ગુંજાયશ હતી ? કહો, હવે વિલંબ ન કરો, કેટલી આપત્તિ ?'

(અહીં પેલો રકમ કહે છે; તે જાણવા મુજબ કદાચ ૩ કરોડ ૪૦ લાખ સંભવે છે.) પેલો કહે છે : 'ત્રણ કરોડ ચાલીસ લાખ ડોલરની.'

'એટલા આવી જાય તો પછી કંપની પાછું સંગીન કામ કરતી થઈ જાય ને ?'

'ના રે ના, એટલેથી તો માત્ર દેવું પતે, પણ પછી નુકસાની પત્યા બાદ વેપારાદિ માટે મૂડી કાંઈ જ નથી.'

કહો જો, કેવી રીતે આ સંભળાતું હશે ?' સાંભળીને માફી માંગવાનું મન ન થાય કે 'ભાઈ ! માફ કરજો, આ મેં વળી તમને આવું કયાં પૂછયું ? તમારે જોઈતો હશે તો ભોજનનો ખર્ચ મોકલી આપીશ. બાકી આ તો... 'શું' આ તો ?- કહોને રાક્ષસી રકમ ! મારાથી પહોંચાય નહિ...' વગેરે વગેરે. કેમ એમ ? આ એવું કાંઈ માનતો કે કહેતો નથી. બે ડોલર આપનાર એક દેશબંધુ તરફ આટલો પ્રેમ, ત્યારે તમારે સાધર્મિક પ્રત્યે કેટલો પ્રેમ જોઈએ ?

સાધર્મિક એટલે શું ? એમાં જૈનશાસન છે ! એમાંથી સાધુ અને આચાર્ય સુધી બને છે. તીર્થંકરપદ કમાય તો તીર્થંકર પણ બને છે. સાધર્મિકમાં દેવભક્તિ, ગુરુભક્તિ, વ્રત, પચ્ચક્ખાણ, બ્રહ્મચર્ય ઈત્યાદિ આવે.





સાંભળીને કહે છે : 'બસ, એટલું જ ને ? સારું, લ્યો ત્યારે આ એક તો ત્રણ ક્રોડ ચાલીસ લાખ ડોલરનો ચેક; અને બીજો મારી કંપનીમાં તમારી ભાગીદારીનો કોલ કોન્ટ્રાકટ ! એમ કહીને એક ચેક લખી આપે છે અને કોલ આપે છે.

પેલો આપત્તિવાળો તો દિગ્મૂઢ બની જાય છે ! એની આંખમાં ઝળઝળીયા ભરાઈ જાય છે. એમ થાય છે કે 'શું આ ? આ તે સાચું કે ઈન્દ્રજાળ ? આમનો કેટલો ઉપકાર માનું ? ક્યાં મારા ફોફા જેવા બે ડોલર અને ક્યાં આ કરોડની ઉચ્ચ ઉદારતા ?' ઊભો થઈને એને ભેટી પડે છે. આંસુ ટપકતી આંખે કહે છે.

આ મારાથી કેમ લેવાય ? પરંતુ આજે મારે જીવનમરણ જેવો પ્રશ્ન છે, એટલે લાચારી સાથે લેવું પડે છે. છતાં મારી કલ્પના નથી પહોંચી શકતી કે આ કેવી અને કેટલી ઊંચી પરોપકારની પરાકાષ્ટા ? તમે કહો છો કે, ઉદારતા તમે મારી પાસેથી શીખ્યા; પરંતુ મને લાગે છે કે અવસર આવ્યે કદાચ હું આવી ઉદાતા ન કરી શકત ! તમે તો ઉદારતા નવી શીખીને આજે ગજબનું પરાક્રમ દાખવી રહ્યા છો. માત્ર મારી આબરૂ જવાના દુઃખને ટાળવાની જ વાત નહિ. પરંતુ ખાસ કરીને વધારામાં આજે દેશને અને જગતને ઉદારતાનો એક ગજબનાક ઘડો આપી રહ્યા છે ! તે કેટલો મોટો ભોગ આપીને ! !

કોઈકને મોટી મોટી વિશાલ ઉદારતા કેળવવાની પ્રેરણા અને ઉલ્લાસ આપી રહ્યા છો. તમારું તો હું શું ભલું કરી શકવાનો હતો ?' આટલું કહીને આભારના મેરુભાર નીચે દબાયો ઊભો ઊભો રડે છે.

'એવું ન કરો, મહેરબાની કરી દીનતા ન દાખવો. તમે તો તે વખતથી જે ભલું મારું કર્યું છે, એના પૂરા વ્યાજ પણ હું નહિ ભરી શકું. લ્યો, હવે ઝટ સેક્રેટરીને લઈ ચાલો, અને લોકોને આનંદિત કરી દ્યો.'

આ એમ કરીને બે જણ ઊઠી, હર્ષોલ્લાસ સાથે બહાર નીકળ્યા. સેક્રેટરી સાથે બેંકમાં જઈને ચેક વટાવી ઓફીસ પર જઈ ટપોટપ લોકોને નાણા કેશમનીમાં (રોકડા) આપ્યા. બંને કંપની ભેગી થઈ ગઈ અને બંને માલિક ભાગીદાર બની ગયા.

ઉદારતા અને કદરનો આ દાખલો, જો આપણી પાસે હૃદય હોય તો આપણને ઘણું ઘણું શીખવી જાય છે. સર્વોત્તમ દેવાધિદેવ, પવિત્ર સાધુભગવંત, સાધર્મિક અને કલ્યાણમય ધર્મસ્થાનો એમની પ્રત્યે ઉદારતા દાખવવાના મહામૂલ્ય ક્યાં ? અને ક્યાં તુચ્છ લક્ષ્મીના સંરક્ષણનું મહત્ત્વ ?





## ૫.

## લોભનો કરુણ અંજામ !!!

*('લોભીયાનું ધન ધૂતારા ખાય' આ લોકોક્તિ યથાર્થ બને છે. માનવ જ્યારે માનવતા ગુમાવી હેવાનિયત આચરતો થઈ જાય છે ત્યારે તે કેટલી હદ સુધીનાં અનિષ્ટ આચરે તે કથવું અશક્ય હોય છે!*

*પરંતુ કોઈ એક અણધારી પળે તે બિચારો પોતાનાં કુકર્મોનો જ બલી બની જાય છે! હાથનાં કરેલાં હૈયે વાગે છે!*

*ખરું કહીએ તો મનુષ્યની આંતરિક પાપવૃત્તિઓ અને પાપપ્રવૃત્તિઓ મનુષ્યના અધઃપતનનું મૂળ કારણ છે. તેમાં લોભ અગ્રસ્થાને છે. કોઈ એક વાતનું આકર્ષણ, ખેંચાણ કે લોભ જાગ્યો કે બસ ! તેના પર પરિણામે ઐહિક નુકશાન ઉપરાંત પારલૌકિક નિઃસીમ દુઃખોમાં જ જીવને પટકાવવાનું ! લોભીની ઠેસે ચઢેલાની નિરર્થક ક્રૂર કલ્પનાને હદ નથી.*

*આનો આબેહૂબ ચિતાર તમે આ કથાનકમાં જોઈ શકશો. લોભી શેઠ કઈ પિશાચી રમત આચરે છે અને અંતિમ કયા માઠાં ફળ ભોગવે છે તે જાણવા કથા જ વાંચવા માંડો !*

*''પ્રિયદર્શન'')*

**કો**ઈ મોટા મુંબઈ જેવા શહેરમાં એક લક્ષ્મીદાસ નામે મોટો ધનાઢ્ય માણસ રહેતો હતો. તેનો વેપાર-ધંધો ધમધોકાર ચાલતો હોવાથી આવક પણ સારી હતી. લક્ષ્મી હોય એટલે લોભ થાય, મૂર્છા થાય એમાં શું નવું છે ? આ લક્ષ્મીદાસને પણ ચિંતા થઈ કે 'ઘરમાં આટલું બધુ ધન રાખી મુકવું જોખમ ભર્યું છે. નથી ને કયારે કોઈને ખબર પડી તો ? અરે ! ઘરવાળીની બુદ્ધિ બગડી તો ? જુઓ; કેવી નીચી ક્ષુદ્ર વિચારસરણીમાં તણાય છે !

એ આગળ વિચારે છે કે 'તો પછી કોઈ શરાફને ત્યાં મૂકી આવું ? રક્ષણનું રક્ષણ થાય અને વ્યાજનું વ્યાજ આવે. પણ એમાં પાછું મોટું જોખમ છે ! શરાફ દેવાળું કાઢે તો ? પાછા એ ચામ જુની જેમ પૈસા માટે વળગે; મારૂં લોહી પીએ. માટે બીજો ત્રીજો વિચાર ન કરતાં ધનને જંગલમાં દાટી આવું ! એ પાછું સોનું વગેરે દાટવા જઈશ તો કેટલો મોટો ખાડો કરવો પડશે, કેટલું ઉંચકીને લઈ જવું પડશે. માટે એના કરતાં મારા ધનમાંથી બધું ઝવેરાત ખરીદી લઉં, તો થોડામાં પતે; અને કોઈની નજરે ચઢાય નહિ. ખાડો માપસરનો જ કરવો પડે, એ ધન સાત પેઢી સુધી ચાલે ! બસ, બધું સરસ થઈ જાય!'

કહો જો; આ બધી શાની રામાયણ છે ? લક્ષ્મી શેઠાણીની!

શેઠે તો અર્થચિંતા કરી, અઢળક નાણું ખરચી ઝવેરાત ખરીદ્યું





તે એવું કે એકકથી ચઢિયાતું ! એને એમ લાગે છે કે જો અવસરે એને બહાર કાઢયું હોય તો સારી કિંમત ઉપજે ! મોટા રાજાઓને ત્યાં જ આવું જોવા મળે !' લક્ષ્મીદાસને એ બહુ જ ગમ્યું. ઝવેરાતને એમણે મજબૂત નાની પેટીઓમાં, અને એ પેટીઓને મજબૂત ડાબડામાં પેક કરી. બસ, પછી તો ડબ્બાને કપડામાં લપેટી જંગલમાં દાટવા જવાની તૈયારી કરી.

શેઠને ભલાભાઈ નામે એક છોકરો હતો. તે એને 'ભલીયા' ના નામે બોલાવતા. હવે અહીં દાબડો જંગલમાં દાટવા જવું છે, તો છોકરાને સાથે લઈ જઈ બતાવી રાખવું જોઈએ; કેમકે નથીને પોતાનો દેહ પડી જાય, તો છોકરાને એ મળી શકે. શેઠનું આટલું કાળજું ઠેકાણે હતું. એ કૃપણમાં આશ્ચર્ય ગણાય ! જો કે આણે હોંશિયારી તો પહેલેથી જ એવી રાખેલી કે છોકરા પર ભારે કડકાઈ રાખતો જેથી એ દબાયો ચપાયો રહી સ્વતંત્ર કશું કરવા હિંમત જ ન કરી શકે ! એટલે ધન કાઢી ન શકે. બાકી તો કૃપણને ભય રહે કે મારા જીવતાં જીવે જ જો આ છોકરાની બુદ્ધિ બગડી, અને મારી જાણ બહાર કદાચ એ ધન લાવે તો મારું શું થાય ? અરે, મારું તો ગમે તે થાય પણ ધનનું શું થાય ! માટે એને હમણાં બતાવવું નહિ.'

ત્યારે 'ક્યારે બતાવવું ?' કહોને કે 'મરવાનું આવે ત્યારે,

પણ આવા રાંકડા જીવને ક્યાં ખબર હોય છે કે 'મૃત્યુ આવવા કાળે તારામાં બોલવાની શક્તિ જ નહિ હોય તો ? અરે ! તે વખતે પણ 'હું હજુય જીવવાનો છું પણ મરવાનો નથી.' એવો દૃઢ વિશ્વાસ રહી ગયો તો ? છોકરો કયાંક બહાર ગયો હોય અને એટલામાં હું પરલોક ઉપડી ગયો તો ? ધન દાટેલું હતું તે કહયું, પણ છોકરાને તે સ્થળ ન જડયું તો ? આવી કાંઈ જ ખબર જાણે કૃપણને નથી હોતી !

જુઓ, કૃપણતાની મોંકાણ કેવી છે. એની અર્થચિંતા કયાંય ધર્મ તો નથી સુઝવા દેતી, પણ એવી કાળી વિચારણાઓમાં જીવને ડુબાડુબ રાખે છે કે જેમાં એ દુન્યવી દૃષ્ટિએ પણ મૂર્ખ ગણાય; અને એ આસક્તિમાં હૃદય રાત ને દિવસ ક્રૂર વિચારોમાં રમ્યા જ કરે.

શેઠે જવાના સમયે પુત્રને બોલાવ્યો : 'અલ્યા ! ભલીયા ! ચાલ મારી સાથે, જો આજે લક્ષ્મી બીજે કયાંક મૂકવામાં ભરોસો નથી. વેપાર મોટા ખેડવામાં જોખમ છે, વ્યાજ ઉપજાવવામાં મૂડી જ જાય એવું લાગે છે. ઘરમાં રાખી મૂકીએ તો ચોરનો ભય છે ! માટે એને જંગલમાં દાટી આવીએ !'

જેવી અર્થની આટલી ચિંતા, એવી આત્મગુણોની અને ધર્મની સાધનાની ચિંતા થાય ખરી ? થાય તો કેવુંક સુંદર મહાન કલ્યાણ થાય ! બેડો જ પાર ને ?





લક્ષ્મીદાસ તો દાબડો ખેસમાં વીંટી, બગલમાં મારી ભલીયાને લઈને ઉપડયા જંગલમાં; પણ નસીબ બે ડગલા આગળ ! તે શહેરમાંથી એક લુચ્ચો માણસ આમની પૂઠે પડી ગયો ! વચમાં વચમાં શેઠ પાછું વળીને જોતા હતા. પણ આ એવો ચાલાક કે શેઠની નજરમાં ન ચઢાય એ રીતે ચાલતો હતો.

બરાબર ભર જંગલમાં શેઠ થોભ્યા. એવામાં પેલો માણસ પણ ઝાડની ઓથે છૂપાઈ ઊભો રહ્યો, એ જોવા માટે કે 'શેઠ શું કરે છે ?' આમેય વહેમાયો તો હતો જ; અને હવેની શેઠની પ્રવૃત્તિ પરથી વસ્તુ કળી ગયો. શેઠે તો ત્યાં બેસી ચારે કોર નજર નાખી લીધી; અને હવે ખાડો ખોદવાની તૈયારી કરે છે. શા માટે ? લક્ષ્મીના દાસ ખરાને ? તે મૂળ લક્ષ્મી જે ધરતી રૂપી નગરમાંથી બહાર ભૂલી પડેલી, તે કેમ જાણે એની નગરીમાં એને પાછી પહોંચાડવા માટે આ લક્ષ્મીના દાસ તૈયાર ન થયા હોય ? શ્રીમંતને 'લક્ષ્મીપતિ' કહેવાય છે પણ તે બીજા; આવા કૃપણો નહિ ! પેલા તો એક લક્ષ્મીથી હજારોના જીવને ઠારે !

જમીન ખોદતાં શેઠને પાછો વિચાર આવ્યો, એટલે છોકરાને કહે કે 'અલ્યા ભલીયા ! જા, ઊઠ મૂર્ખા ! અહીં બેસી શું રહ્યો છે ? જોઈ આવ ચારે બાજુ, કોઈ લુચ્ચો છુપાયો તો નથી ને ? ઢોલામારૂને આટલી ય ખબર નથી પડતી ? વરસ વીસનો જાણે મોટો રોઝ થયો; તે કશી ગમ જ ન પડે !

ઊઠ ! જલ્દી જોઈ આવ' બસ, ભલીયાને લબડધક્કે જ લેવાની વાત ! સીધી પ્રેમની શિખામણ જ ન મળે. ત્યારે ધન માટેની ચીવટ તો હદથી ભારે. માનવ જીવનમાં આ જ હોંશિયારી ને ? આ ચીવટ ચોકસાઈ આવે અને આત્માની ભલે કોઈ હોંશિયારી ન આવે તો એ ઢોલામારૂ નહિ ! તો એ રોઝ નહિ !

હવે અહીં પેલો લુચ્ચો ગભરાયો ! શું કરવું ? જો ભાગી જવા જઉં તો દેખાઈ પડું, જો ઊભો રહું તો ફરતો ફરતો ભલીયો આવે ને જોઈ જાય, જો ઝાડ પર ચઢવા જાઉં તો ય દેખાઈ જાઉં. ત્યારે શું કરું ? ચોર વિચારમાં પડી ગયો. પછી એક તરંગ સ્કુરતાં ખુશી ખુશી ! 'પણ ફિકર નહિ, એક તુક્કો છે તે અજમાવું. બેટો ભલીયો ય ભૂલમાં પડી જાય.' કહો, બુદ્ધિનો કેટલો પાવર છે ? અને બુદ્ધિનો આવો ઉપયોગ શું ? લુચ્ચાઈ રમવાનો જ ને ? તો અહીં પણ એ જ કરવાનું ?

બાપ દીકરાને પૂરું કહી દે, એ પહેલાં લુચ્ચાએ બુદ્ધિનાં અખતરા તરીકે ત્યાંને ત્યાં જમીન પર શરીર લંબાવ્યું. જાણે એક મડદું પડયું છે એમ દેખાડવા ! ભલાજી બાપના વચનથી ચારેકોર તપાસ કરતાં કરતાં અહીં આવી પહોંચ્યા. જરાક એમ તો થયું કે 'આ કોણ સુતું છે ?' પરંતુ બરાબર જુએ છે,





તો એને તો એમ જ લાગ્યું કે અવ્યવસ્થિત પડયું છે, હાથ અસ્તવ્યસ્ત છે. પગ એક સીધો અને બીજો વાંકો છે, આ તો બિચારા ભલાભોળા ભલાભાઈ એમણે કલ્પના કરી કે 'આ માણસ, ઝાડ પરથી પડી ગયો હોય અને મરી ગયો હોય, એમ લાગે છે. મડદાનો આપણને શો ડર ? એમ કરી ત્યાંથી પાછો વળી, આવ્યો બાપ પાસે. બાપ રાહ જોઈને બેઠો છે કે ભલીયો બરાબર જગાના સમાચાર લાવે એટલે ડાબડો કપડામાંથી કાઢી જમીનમાં દાટી દઉં. ત્યાં તો ભલીભાજી આવી રીપોર્ટ અહેવાલ આપે છે, ''બાપુજી ચારે બાજુ જોઈ આવ્યો. કોઈ દેખાતું નથી. એક જગ્યાએ એક ઝાડ નીચે મડદું પડયું છે. પણ આપણને મડદાનો શો ભય ?''

'અરે ભલા ! તું તો કોઈ ઢોર કે માણસ ?' તો તેં બરાબર જોયું છે કે એ મડદું જ છે ? જો જે કોઈ લુચ્ચો ઢોંગ કરી સુતો ન હોય !'

'ના રે ના, બાપુજી ! એ તો બિચારો કોઈ ઝાડ પરથી પડી મરી ગયો લાગે છે !'

બાપ કહે : 'તો એ લોહીલુહાણ પડયો હશે ?'

'ના રે ના.'

'તો પછી એમ શાનો મરી જાય ?'

'એ તો બાપુજી મૂઢ માર લાગેલો, તેથી સાવ હૃદય બંધ પડી ગયું લાગે છે !' વિનયપૂર્વક ભલીયાએ એનું શાસ્ત્ર સંભળાવ્યું.

બાપ પૂછે છે : 'તો, તેં બરાબર તપાસી જોયું હતું ?'

ભલીયો આશ્ચર્યથી પૂછે છે : 'તપાસી એટલે શું મડદાને અડી ને ?'

'અરે મૂર્ખ ! આ તું શા વેદ ભણવા બેઠો ? લાગે છે કે અડ્યા વિના માત્ર ઉપર ઉપરથી જોઈને આવ્યો છે ! જા, જા, અભડાઈ જવાની ચિંતા ન કર, બરાબર અડીને તપાસ કરી આવ, જોજે, એનું માથું અને હાથ પગ જરૂર પડે તો આખું શરીર ઉંચકી પછાડી જો જે, ફીકર ન કરતો. પછી નાહી નાખજે. પણ હમણાં જરાં જો કે આ તો લાખો કરોડોનું ઝવેરાત દાટવાનું કામ છે, બે-પાંચ રૂપિયાની વાત નથી. અને બે પાંચ રૂપિયાની વાત હોય, તોય તે એમ જ થોડા જ લૂંટાવી દેવાય ?'

આ લક્ષ્મી-અર્થની કેવી ભારી ચિંતા ! ચિંતા હતી માટે કેવી ભારે તકેદારી ! અને તપાસણી ! કેવી ચીવટ અને ચોકસાઈ ! એથી જ સામાનું માથું હાથ, પગ અને આખું શરીર પછાડવા સુધીની કેવી નિષ્ઠુરતા ? લક્ષ્મીની ચિંતા આથી જ અધમ છે. ભવોભવની મનુષ્યની કમાણીની રાખ કરે. કરોડોની કરન્સી નોટોના બન્ડલ પાસે સળગતી બીડીની રમત કેવી ?





એવી આ પૈસાની રમત પૂર્વના સુસંસ્કારો અને માનવ ગુણોની હોળી કરે છે.

ભલીયો બિચારો શું કરે ? પાછો ઊઠીને આવ્યો. તે પહેલાં લુચ્ચો અહીં મનમાં નક્કી કરી લે છે કે- માલ ઘણો છે, ભલે માથું પછડાય, ચિંતા નહિં; એ તો માથું ફોડી માલ લેવાનો છે.' ભલીયો આવીને એને ફેરવી જોયો હાથ ઉંચકી નીચે પછડાતો મૂક્યો. પણ અહીં તો બોલે જ કોણ ? કે સળવળે કોણ ? જે લક્ષ્મી મળવાનો સંભવ છે, એની કમાણી આગળ આ શી મોટી નુકસાની હતી ? ધર્મ- સેવનના મહાન લાભની જો ગરજ જાગે તો પછી એની આગળ તન-મન-ધન વ્યયના કષ્ટ વિસાતમાં નહિ લાગે.

ભલીયો વિચારે છે કે 'અહો ! બિચારાને ગાઢ ચોટ લાગી મર્યો લાગે છે ! આવ્યો પાછો બાપ પાસે.

બાપને કહે : 'બાપુજી એમાં કાંઈ નથી. એનું માથું તો એવું ભડાંગ કરતું પછાડયું કે જીવતો હોય તો ચમકી ઉઠે ! આમાં કાંઈ જ થયું નહિ ! સહેજ પણ કંપ નહોતો ! એ તો બરાબર મરી ગયો છે.'

લક્ષ્મીદાસ બરાબર લક્ષ્મીના દાસ ! એટલે એમની શેઠાણી જે લક્ષ્મી, તે લક્ષ્મીબાના જતન કરવામાં પૂરા સાવધાન ! તેથી હજી વિશ્વાસ નથી. ઉલટા વહેમાય છે કે 'લોહી નીકળ્યું

નથી અને મડદુ અખંડ છે. પછાડે છે છતાં પાછો સળવળતો નથી માટે કોક લુચ્ચો ન હોય ?'

પુત્રને કહે છે કે 'અલ્યા ભલીયા, આ તો કોઈ લુચ્ચો લાગે છે...'

'બાપુજી, તમે તો બહુ વહેમી ! મેં બરાબર જોયું છે. આખું શરીર પછાડ્યું છે.'

'અરે, બચ્ચા ! તને ખબર ન પડે.'

'તો હવે શું કરવું છે ?' ભલીયો પૂછે છે.

બાપ કહે : 'લે આ ડંડો, જા જરા જઈને એને ઝૂડી આવ, જીવતો હશે તો ઝટ ઉભો થશે. જો જે દયા-બયા ખાતો ના.'

અહાહા ! લક્ષ્મી ! શો તારો પ્રભાવ ! કેવી તારી નિષ્ઠુરતા ! કેવીક ક્રૂરતા ! ખરું જોતાં શું આત્માને તું સગી છે ? પરભવે શું થોડી જ સાથે લઈ જઈ શકાય છે ? તેમ અહીં પણ સ્થિર રહેશે એવો વિશ્વાસ થોડો જ ધરી શકાય એમ છે ? છતાં તારા ઉપરની જીવની કાળજી અને પ્રેમ-આદરને લીધે જીવ કેટકેટલા ભયંકર કાળાં કામ કરવા તૈયાર થાય છે ! આહાહા ! તારા પાપે જીવ કેવી કાળી લેશ્યાઓ અને ભયાનક વિચારસરણીમાં ચઢે છે !

પેલો ચોર ડંડો મારવાનું સાંભળે છે ત્યાં ચોંકે છે. વિચારે





છે 'કે વાહ ! ત્યારે શું ડંડા ખાવા પડશે ? માલ તો કોણ જાણે ક્યારે મળશે અથવા મળશે કે કેમ, તે કહેવાય નહીં; અને માર પહેલો ખાવાનો ? ખેર ! પણ માર ખાધા વિના માલ ન મળે. માટે ડંડા તો ડંડા; ખાઈ લેવા દે. ધન હાથમાં આવ્યા પછી તો જરૂર પડે આખા જગતને ડંડા લગાવી શકીશ.'

ભલીયો ડંડો લઈને પહોંચ્યો. ઊંધા પડેલા આ ચોરના બરડામાં બે ચાર ડંડા લગાવ્યા. પણ અહીં સણસણે જ કોણ ? કહો સ્વેચ્છાએ માર ખવાય ? હા, ખવાય. કમાણી લાગે તો ખવાય. અનંત કિંમતવાળા આત્મગુણો-ક્ષમા, નમ્રતા, ઉદારતા વગેરે કમાવવા હોય તો, ખમવું પડે, સહવું પડે. અહીં ગમે તેમ તોય ભલાએ જોયું કે આમાં કાંઈ નથી, આ બાપ નકામા વહેમાય છે. એમ કરીને આવ્યો પાછો અને બાપને કહે છે :

'આ લ્યો; ઝુડી આવ્યો, એમાં કશું જ નથી, જરાય નથી. એ તો ન હાલે, ન ચાલે. તમે નકામાં વહેમાઓ છો !'

બાપ કહે : 'બેટા ! ધીરો પડ. તને દુનિયાની ઓળખ નથી. આ તો ડંડો શું પૈસા ખાતર તો ઘણના ઘાય ખાઈ લેવાય છે !'

'બાપુજી ખાઈ તો લેવાય, પણ જરાય કંપારો, આંચકો કે એવું કાંઈક થાય કે નહિ ?'

'ના દીકરા ના, બોલ તેં ડંડા માર્યા પછી એને લાલચોળ સોલ ઉઠી આવ્યા હતા ?'

'તે તો મેં કાંઈ જોયું નહોતું.'

'જો ત્યારે ભલો ખરો ને ?'

'પણ એ તો બાપુજી; મરેલાને ય બહુ ઝુડિયો તો શું સોળ ન ઊઠી આવે ?'

'ભલા ! હજી તું નાદાન જ રહ્યો ! મરેલાનું લોહી પણ મરી જાય છે. પછી લાલચોળ સોળ શાના ? લે એમ કર, આ છરીથી એના કાન કાપી લાવ. જો જીવતો હશે તો કાન શાનો કાપવા દેશે ?' અર્થચિંતાની પાછળ હૃદયની કેટલી ક્રૂર કઠોરતા!

પણ આ લક્ષ્મીદાસને કયાં ખબર છે કે, તું તો લક્ષ્મીનો દાસ હશે, પણ આ તો ચોર તો લક્ષ્મીનો ખરીદેલો એવો ગુલામ છે કે લક્ષ્મીના હુકમથી કાન પણ કપાવવા તૈયાર થાય.

આ લુચ્ચો તો મનમાં વિચાર કરે છે કે 'હેં ! હજી શું લક્ષ્મીદેવી મારી કસોટી કરી રહ્યા છે, તે કાન કાપી લેવાનો ઉપસર્ગ ? હાય ! જીવતા જીવે કાન તે કેમ કપાવાય ? લોકોમાં પણ કાનકટ્ટા તરીકે હલકાઈ થાય. કાન તો ભાઈ આપણે નથી કપાવવા.' પણ પાછો વિચારે છે કે 'છતાં પેલો કાન કાપનારો આવશે તો ખરો. તો શું હું એનો સામનો કરું કે





અહિંથી ભાગી જાઉં ? પણ હા... આ લોકો પાસે માલ બહુ લાગે છે; તો ભલેને કાન કપાય; પછી લક્ષ્મીથી બનાવટી કાન ક્યાં નથી લગાડી શકાતા ! ઉપરાંતમાં વૈભવનો પાર નહિ રહે. અહાહા ! એ બનાવટી તો બનાવટી કાનવાળી, પણ લચબચતી લક્ષ્મીની મઝા ક્યાં ! અને ક્યાં આ સાચા કાનવાળી પણ કંગાળ ગરીબાઈ !' ઈત્યાદિ વિચાર કરી એ બરાબર ત્યાં જ પડી રહ્યો.

ભલિયો આવ્યો, બરડો જોયો તો લાલચોળ સોળ ઉઠી આવ્યા છે. વિચારે છે કે 'આ લાગે છે તો જીવતો. પણ હમણાં ખબર પડશે. મામાનું ઘર કેટલે ? આ છરીથી ભાજીની જેમ કાન કાપવા જઈશ, ત્યાં જીવતો હશે તો બેટો ઝટ સળવળશે !' કેવી કસાઈ જેવી ભાવના ! બાપના પાપે ભલીયો પણ બુરીયો બની ગયો ! દુર્જનના સંસર્ગ ભૂંડા ! જનમ જનમની તપસ્યાથી કમાવેલી ભલાઈને નષ્ટ કરી નાંખે !

ભલીયાએ લુચ્ચાનો કાન પકડી એના પર સરરર છરી મૂકી. ચોર પણ સમજી બેઠો કે 'જીવતા જીવે લક્ષ્મી મળતી હોય તો જીવતા જીવે કાન કાપવવામાં શો વાંધો ? અને લક્ષ્મી તો હવે મળી સમજોને ? આટલા કાન કપાવવા દઉં કે તરત જ બાપ દીકરો નિશ્ચિત થઈ ધન દાટીને જવાના ! લુચ્ચો એટલો અંદરથી કડક લાગણીનો બની ગયો કે ભલીયો કાન

કાપે છે, છતાં જરાય એ કંપતો નથી. નિષ્ઠુર ભલીયાએ તો જડબેસલાક કાન કાપી નાંખ્યો ! પછી એ વિચાર કરે છે કે, આ તો મરેલો લાગે છે ત્યારે બીજો કાન કાપું કે કેમ ? પણ લાવને બીજો'ય કાપી લેવા દે, નહિતર તો વળી આ બાપુજી ચીકણા બહુ છે, તે કહેશે : 'કેમ એક જ કાન લાવ્યો, જા બીજો લઈ આવ.' તો પાછો ધક્કો રહેશે, આ જંગલમાં બહુ સમય ગુમાવવો સારો નહિ. એમ કરીને છરીથી લુચ્ચાનો બીજો કાન પણ કાપી લીધો ! લક્ષ્મી કયું પાપ ન કરાવે ? પાપી બાપનાં સંગથી ભલો છોકરો પણ પાપી બન્યો ! હા, એટલું ખરું કેં એ આને મડદું ગણે છે. પરંતુ હાલી ચાલી શકે એના જીવના મરેલા શરીરને કાપવામાં પણ હૃદય કઠોર !

ભલો આવ્યો બાપ પાસે. 'લ્યો; આ કાન, નકામા વહેમાઓ છો; જીવતો માણસ કાંઈ બબ્બે કાન આમને આમ કાપવા દે ? એ ટાંકણી ન ભોંકવા દે ! ટાંકણી !

બાપ કહે : 'અરે મૂરખ ! તારૂં ડહાપણ રહેવા દે. આ કાન લોહીએ ખરડ્યા કેમ છે ? મડદામાં તો વળી લોહી હોતું હશે ? પાગલ ! પાછો હોંશિયારી બતાવે છે ? ને મને શિખામણ આપવા નીકળ્યો ? ગધેડો ! ભાન નથી. કે આ ધન કરોડોનું છે ? તે પલમાં સાફ થઈ જશે સાફ !'

પણ છોકરો એમ તો દલીલબાજ હતો. તરત બાપને કહે





છે : 'હવે આટલા આકળા ઉતાવળા શું થાઓ છો ? એ તો મેં નહોતું કહ્યું કે 'બિચારો ઝાડ પરથી તરતનો પડેલો હશે, તે તાજું મૃત્યુ હોય તો લોહી શું એટલામાં સુકાઈ જાય ?'

બસ, બાપને હવે ભલીયાની ઉપર ગુસ્સો આવી જાય છે. એની આંખ આગળ એ દશ્ય ખડું થાય છે કે અહો કરોડોની મૂડી ! અને નથીને એ જો જીવતો નીકળ્યો તો મારી બધી જ મૂડી ઉપાડી જાયને ? પછી દુનિયામાં શું આપણું મૂલ્ય કે જીવતર હોય તો કરોડોની લક્ષ્મી ! વિચિત્રતા જુઓ કેવી કે અજ્ઞાન મૂઢ જીવને, લક્ષ્મી ખોવાઈ જાય એનું જે મહાન દુઃખ થાય છે, એવું એ હાજર છતાં મહાપુણ્યના કાર્ય કર્યા વિના ઉત્તમ ભવ ખોવાઈ જઈ રહ્યો છે એનું કાંઈ જ દુઃખ નથી થતું !!

બાપ તો ગુસ્સે થઈ ગયો. છોકરાને બેચાર લપડાક ધબડાવી દેતો કહે છે : 'લાવ લાવ, હવે મને જાતે જવા દે. આ હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા ! મોટો વીસ વરસનો ગધેડો પાકયો ! બેવકૂફને અક્કલ તો જરાય આવી નહિ ! પાછો ઉપરથી મને સમજાવે છે !'

બાપના આ વલણથી છોકરો દીન બની ગયો. ગળગળો થઈને કહે છે : 'પણ બાપુજી ! આમ કાં કરો ? આપ જઈને શું વધારે કરશો ? આ મેં એને ઊંધો-ચત્તો કર્યો છે, ડંડાથી

ઝૂંડયો છે, કાન કાપ્યા છે, એમાં કયાંય એ સળવળ્યો નથી. તેથી ચોક્કસ એ મરી ગયો છે. છતાં હજીય મને ફરમાવો શું કરું હું ? હું તો અજ્ઞાન છું.'

બાપ કહે : 'તો પછી સમજ્યા વિના શું કુતર્ક કરવા શીખ્યો છે ? લે આ છરી, જા એનું નાક કાપી લાવ.'

આ સાંભળતાં પેલો લુચ્ચો ગભરાયો. એને એમ થયું કે 'હાય ! આ તો નાક જવાનો અવસર આવ્યો. કોણ જાણે આ ડોકરો ક્યારે છાલ છોડશે ? અને નાક કેમ જવા દેવાય ? લોકમાં નાક ગયા પછી કોડીની કિંમત. જિંદગીભર નાકકટ્ટા થઈને રહેવાનું. ઘેર ગઈ એવી લક્ષ્મી ! વળી નાક કપાયા પછી પાછો બીજું કંઈ કાપવાનો વિચાર કરે તો ? હવે કાંઈ કપાવાય બપાવાય નહિ.'

પણ વળી પાછો વિચાર કરે છે કે 'આ લક્ષ્મી વિના મને એટલો ત્રાસ છે કે બે પૈસા માટે ક્યાંક જઈને ઊભા રહીએ છીએ તો છતે નાકે; લોક મને નાકકટ્ટો કહે છે. ત્યારે નાક વિના પણ જો લક્ષ્મી પાસે હોય તો લોક કહે છે : 'ભાઈ નાકવાળા છે. જુઓ ને ફલાણું કામ કરીને ભાઈએ નાક રાખ્યું.' માટે આપણે લક્ષ્મીનો ખપ રાખો. નાક કપાતું હોય તો કપાવા ઘો ! નવું લાકડાનું નાક ક્યાં નથી બનતું ?' એમ વિચારી મક્કમ મને લુચ્ચો પડી રહ્યો. ત્યાં ભલાભાઈ પધાર્યા.





ભલીયો લુચ્ચાને મરેલો સમજે છે. તેથી એને એના પર છરી મૂકતાં અરેરાટી થતી નથી. તૃષ્ણાભર્યો જીવ જીવન કેવુંક વિચિત્ર અને ગંદુ બનાવે છે ! એમાં સંકોચ પણ નથી થતો ! તૃષ્ણાના વેગમાં અજ્ઞાનતાના યોગે, દયાના સ્થાનભૂત જે જીવો તેના પર ક્રૂરતા કરાય છે; અને ક્રૂરતાના પાત્રભૂત જે પોતાના તૃષ્ણાદિ આંતર દુશ્મનો તેના પર સહેજ પણ અરેરાટી તો નહિ. પણ તેને હોંશપૂર્વક કર્તવ્ય માની આદરાવે છે ! ભલીયાએ આવીને સીધા ચોરના શરીર પાસે બેસી જોરથી એનું નાક પકડયું. ચોર સમજે છે કે 'હવે આ છેલ્લી આફત છે; અને માલ તો માર ખાધે મળે. એમાં આનાકાની કરી તો જીવતા જીવે દરિદ્રતામાં મૂઆથી ભૂંડા છીએ. ત્યારે ઉપદ્રવ સહી લેવામાં કાંઈ મરી જવાના નથી. એક નાક જશે. કરોડની લક્ષ્મી તો હાથ આવશે. પછી તો બંદા એ દુનિયાના નાકવાળાને નાક ઘસતા કરી શકશે ! વળી બંગલો બગીચો, રૂપસુંદરી, પાલખી, પટાવાળા, ભોગ-વિલાસ, મોજ-મઝા વગેરેનો પાર નહિ ! અહાહાહા, શી મઝા ! બસ જવા દે નાક.' એમ કહી શાંત પડી રહ્યો.

જુઓ, એક દુન્યવી અર્થની લાલસા લાગી તો કેટલું સહન તૈયાર થાય છે ! એમ જો જીવને સ્વકીય અનંત સમૃદ્ધિ સર કરવાની લાલસા-લગની લાગી જાય તો પછી કર્મના ઉપદ્રવ

મજબૂત મને સહી લઈ કર્મનો અંત લાવવામાં શું સહન ન થાય!

ભલીયાએ છરી કાઢી, બિચારા ચોરનું નાક કાપી લીધું ! તે પણ લોહી ખરડયું ! લઈને આવ્યો બાપ પાસે. કહે છે : 'જુઓ; આ નાક કાપી લેવા છતાં જરાય ત્યાં સળવળાટ કે કંપ નહોતો પછી એ મડદું જ ને ! આ નાક બહુ જલદીથી કાપેલુ તેથી બહુ લોહી ખરડયું છે.' હવે તો બાપ પણ ભૂલ્યો. પેલાને ખરેખર મડદુ જ સમજ્યો. ભલીયા એ નાક કાપ્યા પછી સંતોષ માન્યો કે જીવતો જીવ શાનું આટલું બધું કાપવા દે ? પછી તો નિરાંતે ધન દાટી ઝાડ વગેરે પાસે નિશાન રાખી બાપ દીકરો ચાલી ગયા.

એમના અદૃશ્ય થઈ ગયા પછી ચોર ઉઠ્યો. વનસ્પતિથી નાક કાનના સ્થાને લોહી સાફ કર્યું. ખાડો ખોદી રત્નોની પેટી કાઢી કપડામાં લપેટી થયો ઘર ભેગો ! એમાંથી રત્નો વેચી એણે ધીમે ધીમે મોટી દુકાન કરી, બંગલો લીધો. ચોરીનો ધંધો મૂકી દીધો.

હવે તો શાહુકાર બનેલો એ ચોર બનાવટી નાક લગાવીને અને કાન ઢાંકવા બુકાની બાંધીને મસ્ત થઈને ફરે છે. જીવને પૈસા ની હુંફ કેવી ! પૈસાની ગરમી કેટલી ?

એકવાર એવું બન્યું કે મોટા શહેરમાં કાર્યવશ પેલો લક્ષ્મીદાસ શહેરના આ ભાગમાં આવી ચઢ્યો. અને રસ્તામાં આ માણસને





જોયો. જોતાં જ થંભ્યો ! આશ્ચર્ય પામ્યો કે આ શું ? બુકાની બાંધેલી છે, નાક બનાવટી છે ! એના મનમાં શંકા થઈ 'અરે ! આ તો પેલો... લુચ્ચો તો નહિ હોય ને ? હોય ત્યારે શું એ, ત્યારેય સાચે જીવતો જ હતો તે એણે મારું ધન ઉપાડી તો નહિ લીધું હોય ? હવે મારે જલદી તપાસ કરવી પડશે ! પરંતુ એકવાર આનું નામ ઠામ જાણી લેવા દે. પછી જંગલમાં જઈ હમણાંને હમણાં તપાસ કરી આવું.'

લક્ષ્મીની કેવી માયા છે ? એના અંગેની આસપાસની બધી વસ્તુ ઝટ ખ્યાલમાં આવતાં વાર નહિ ! પાછું એમાં જરૂરી ઉદ્યમ પણ તાબડતોબ કરી લેવાનું થાય. અહો ! આ જીવને એ ધનને બદલે ધર્મની લેશ્યા અને લગની ક્યારે જાગવાની ! ધર્મની લેશ્યા અને લગની જાગ્યાનું લક્ષણ આજ કે એને અંગેની અનુકૂળ પ્રતિકૂળ વસ્તુ ઝટ લક્ષમાં આવ્યા કરે, એને ઉપાર્જવા, સાચવવા, વધારવા, જરૂરી ઉદ્યમ તત્કાળ સ્ફૂરે, એ તત્કાળ અમલમાં ઉતરે.

લક્ષ્મીદાસે લુચ્ચાની પૂંઠે પૂંઠે ફરી એના ઘરનો પત્તો મેળવ્યો. પછી બાજુમાં રહેનારને એનું નામ પણ પૂછી લીધું. સાથે પૂછે છે : 'પણ હેં ! ત્યારે આ શેઠ બુકાની કેમ બાંધે છે ?'

સામો ઉત્તર આપે છે કે 'શું ભલાભાઈ એટલીય ખબર નથી પડતી ? આ તો કોઈ પરદેશી શેઠ અહીં રહેવાં આવ્યા છે.

તે કહે છે કે એમને કાને શરદી બહુ રહે છે તે કાન બાંધી રાખવાનું કહ્યું છે. પણ અમને તો વહેમ પડે છે કે એ માટે કાં આટલુ મોટું બાંધવાનું હોય ? લાગે છે કે ક્યાંક કાનની મોટામાં મોટી ખામી હશે ! પણ મોટા માણસને કોણ વધારે પૂછી શકે ?' કહો, દુનિયાએ લક્ષ્મીમાં કેવી મોટાઈ માની છે કે એવા લક્ષ્મીવાનને પૂછાય પણ નહિ ! બસ ! હવે એ શેઠથી ન રહેવાયું. એ તો ઉપડ્યા જંગલમાં. નિશાન મુજબ ખાડો ખોદી જુએ છે તો માંહી એકલા કાંકરા ને ધૂળ છે, પણ ધન નથી ! એ જોઈને આ લક્ષ્મીના પ્રાણવાળો પ્રાણ ખોવાઈ જતાં, ક્યાં ઉભો રહી શકે ? થોડીવાર તો એ બેભાન થઈ ગયો !

શેઠ ભાનમાં આવીને કલ્પાંત કરે છે : 'અહાહા ! શું થઈ ગયું આ ? જરૂર ઝવેરાતનો ડાબડો એ લુચ્ચો જ લઈ ગયો ! હાય મારું તો સર્વસ્વ ગયું ! ત્યારે શું ખરેખર ! એણે જ ચોર્યું ! પણ એમાં શી શંકા ? બસ, એ જ ચોર ! હું કેટલો મોટો મૂર્ખો કે અહીં એવાની જાણમાં ધન દાટી ગયો. મને વહેમ તો પડતો જ હતો કે એને સોળ કેમ ઉઠ્યા ? કાન અને નાક કપાવી દીધા ! નાક કાન ગયા પછી પણ આજે એ ધનથી નાક કાનવાળો થઈને ફરે છે, હું તો છતાં નાક કાને હાય હાય ! લક્ષ્મી જતાં નાક કાન વિનાનો થઈ ગયો ! આ બધી મોંકાણ ભલીયાએ ઉભી કરી. હું તો કહેતો જ હતો જ





કે એ જીવતો જ હશે પણ મૂર્ખ દીકરાએ માન્યું નહિ ! ત્યારે હું પણ કેવો અક્કલનો અધુરો ને ભોટ કે જ્યારે એના નાક કાન કપાવ્યા ત્યારે સાથે સાથે ગળુ ન કપાવ્યું ? એ કર્યું હોત તો બદમાશ પછી જીવવાનો જ ક્યાં હતો કે ધન લઈ જાત !' અધધધ ! કેટલી ભયાનક વિચારણા ! પૂર્વે ગળું કાપી તો શક્યો નથી, પરંતુ હવેય કાપી શકે એમ નથી. છતાં લક્ષ્મીનો પ્રેમ અને અધમ મન કેવા રાક્ષસી છે કે એ આ વાણીયાને ખૂનના વિચાર સુધી પહોંચાડી દે છે ! ખૂન ન થઈ શક્યું એનો ભારે ખેદ કરે છે ! પછી એમાં સીધી નરકની વાટ પકડતાં શી વાર ?

એ વાણીયો તો પાછો આવીને ભલીયા ઉપર ત્રાટકે છે, મારપીટ કરે છે ! હવે તો ભારે આકુળ વ્યાકુળ બની ગયો છે 'બસ; શું શું કરી નાખું ? હરામીને રાજા પાસે ઘસડું !... એમ વિચારી રાજદરબારમાં ફરિયાદ કરી પેલાને હાજર કરાવે છે. મંત્રી પણ હોંશિયાર ! ચોરની ચોરી પકડી પાડે છે. પરંતુ તે લુચ્ચો એક જ વાત રજુ કરે છે કે 'નામદાર ! એણે મારા કાન અને નાક પહેલાં કાપી લીધા. એ કિંમત મેં આપ્યા પછી તેનો માલ લીધો છે. છતાં એ મારા નાક કાન પાછા સ્થાને બરાબર લાવી આપે તો આજે પણ હું એને માલ પાછો આપવા તૈયાર છું.'

દરબારમાં સનસનાટી વ્યાપી ગઈ. રાજા પણ સમજ્યો કે આ કૃપણ લક્ષ્મીદાસની નિર્દયતા ભયંકર ! તેથી એ લક્ષ્મીને લાયક નથી.' પ્રગટપણે લક્ષ્મીદાસને કહ્યું કે 'એના નાક કાન પાછા મેળવી આપો તો તમારી લક્ષ્મી પાછી આવે' એ લક્ષ્મીદાસ શું રાખ મેળવી આપે ? કેસ નીકળી ગયો, લક્ષ્મીદાસ ધનલાલસાના પાપે 'હાય ! એનું માથું કાપવું રહી ગયું ! હાય! મારા કરોડો ગયા !' ઈત્યાદિ દુષ્ટ વિચારો અને દુર્ધ્યાનમાં જીવન પુરું કરી નરકમાં ગયો. લક્ષ્મીએ એને શું આપ્યું ? માણસાઈ મૂકી રાક્ષસી જીવન ! એવી લક્ષ્મીથી સદા સાવધાન રહેવું જોઈએ. એવા સાવધાન કે કદાચ લક્ષ્મીને જવાનું થાય પણ આપણા મનની પવિત્રતા ન જાય; લક્ષ્મી પ્રત્યે આંતરિક બેપરવાઈ ન જાય; હૃદયની કોમળતા વગેરે ન જાય.





૬.

# શિખામણ

*(કેટલાક મનુષ્યો બીજાની પાસે કાર્ય કરાવતાં અધીરાઈને વશ વારંવાર શિખામણ આપે છે. તે વખતે કાર્યકર વ્યક્તિની દક્ષતા અને ધીરજ કેટલી તે પર તેમનું લક્ષ હોતું નથી. આનું કરુણ પરિણામ એ આવે છે કે કાર્યકરના હૃદયમાં એક પ્રકારનો અણગમો આકાર લે છે અને સામો પ્રત્યાઘાત કરે છે.*

*આ વખતે પેલી શિખામણ દેવાના ઠેકાવાળી અધીરી જમાત ખળભળી ઉઠે છે ! ને પોતાનું અપમાન કરનારને છૂપી કે પ્રગટ સજા કરવા તૈયાર થાય છે.*

*પરંતુ કાર્યદક્ષ મનુષ્ય તે વખતે વિના ગભરાયે, સંકટનો સામનો કરે છે અને સ્વબુદ્ધિના બળે વચ્ચેથી રસ્તો કાઢી બચી જાય છે.*

*ગમે તે હો-કિંતુ અધીરાઈ, અનર્થ તો જરૂર મચાવે છે !*

*વાંચો-આ વાર્તા વાંચો, એટલે તમે પણ કબૂલ કરશો કે અધીરાઈ બૂરી છે !*

*''પ્રિયદર્શન'')*

**એ**ક નગરમાં એક શેઠ રહેતા હતા. તેમનો વેપાર ઝવેરાતનો હતો. એક દિવસ શેઠ પોતાના મુનિમને કહે છે કે 'જાઓ, દિલ્હી જઈને આટલો માલ વેચી આવો, ને આટલી ખરીદી કરી આવો. એમાં જુઓ, આટલા હીરા, આટલા માણેક, પન્ના, નીલમ, મોતી, આટલું આટલું ને આવું આવું ખાસ ખરીદી લાવવાનું છે...' વગેરે ભરપૂર સૂચના આપી. મુનિમ તૈયાર થઈ ગયો. ગાડી આવી ગઈ; પાછા શેઠ ભલામણ કરે છે :

'જો જો હોં, હીરામાં છાંટ ન આવે. માણેક ઊંચી જાતનું લેવાનું છે. મોતી પાણીદાર અને મોટા જોઈએ.' હવે મુનિમ કંટાળે છે, તોય શેઠનું 'લેકચર' અટકતું નથી. પણ થાય શું ? શેઠ છે ને ? કેમ ટોકાય ? મુનિમ હવેલીમાંથી બહાર નીકળે છે, પાછળ શેઠ આવી કહે છે કે –

''ધ્યાન રાખજો, દિલ્હી ઠગપુરી છે. ક્યાંય ભોળપણ કરી ઠગાતા નહિ અને પેલા પન્ના તો બહુ તેજદાર લેવાના. બાકી હીરામાં ખૂબ ખ્યાલ કરવાનો છે હોં. ન સમજ પડે તો ચાર જગ્યાએ ચોકસાઈ કરાવજો– અમુક જાતની છાંટ અપમંગળકારી હોય છે... અને લસણીઆ ત્યાં કંઈક સસ્તા મળશે...' શું શેઠની અસ્ખલિત વાગ્ધારા ! તે ગાડી ઉપડવાની તૈયારી સુધી વહે છે !

માણસ સ્વાર્થના કાર્યમાં કેટલો પાવરધો હોય છે. કેટ-





કેટલી ચીવટ ચોકસાઈ રાખે છે ! શેઠને એમ છે કે 'હું આદર્શ ચીવટવાળો થાઉં,' પછી કેમ ચીવટ ન રાખે ?

ગાડી ચાલુ થવા સુધી વરસેલી શેઠની ચીકણી વાગ્ધારા પર મુનિમ કંટાળ્યો. 'શું આ શેઠ તે મને સાવ ભોંઠ સમજે છે, તે આટઆટલી શિખામણ આપ્યા કરે છે ? જો એમ જ હોય તો પછી આવા જોખમી કાર્ય માટે મને શું જોઈને મોકલે છે ?' એમ વિચારી મુનિમથી રહેવાયું નહિ, ગાડી ઉપડતાં બોલ્યો :

'શેઠની શિખામણ ઝાંપા સુધી.' આટલું બોલતામાં તો ગાડી સડસડાટ ઊપડી. વાત તો સીધી હતી કે શેઠ ગમે તેટલી સૂચના કરે, પણ ત્યાં ગયા પછી કેવા સંયોગ હશે, તેમાં શી શી રીતે વર્તવાથી લાભ થશે, એ બધું તો જનારની અકકલ પર આધાર રાખે છે. ઝાંપા સુધીમાં તો જે સંયોગ બને તે શેઠ નજરે દેખે એટલે એ મુજબ શિખામણ આપે; એ બરાબર છે. પણ ઝાંપા બહાર બજારમાં કે પરદેશમાં શેઠને કલ્પનામાં ન હોય એવા સંયોગ હોઈ શકે છે. ત્યાં શેઠની શિખામણ શું કામ લાગે ? એમ વર્તવાથી તો ઉલટું નુકસાન આવીને'ય ઊભું રહે.

શિખામણ દેનારે આ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે થોડુંક સામાની અક્કલ પર છોડવું જોઈએ. જો એને સમજદાર ગણીને

કોઈપણ જવાબદારી આપણે સોંપતા હોઈએ તો; અને આપણને જો એમ જ લાગે કે 'એને અક્ષરે અક્ષર શિખવ્યા વિના એ કાર્ય નહિ કરી શકે' તો જવાબદારી ભર્યું કામ સોંપવામાં જોખમ છે. કેમકે જો સંયોગ જુદા જ નીકળ્યા, તો એ અબુઝ 'સોના એકસો સાઠ' નહિ પણ 'સોના સાઠ' કરશે !

બીજું એ પણ છે કે સામાની ધીરજને હદ હોય છે એમ સમજી રાખવું જોઈએ. ત્યારે સામાના હોદ્દાની થોડી પણ કદર કરવી ઘટે. અહીં તો શેઠમાં આનો વાંધો છે, એને તો શેઠાઈની ગરમી છે. એટલે મુનિમ બોલી તો ગયો. પણ શેઠને એના એ વચન પર બહુ ગુસ્સો ચઢ્યો. મનને થયું કે 'આ મુનિમ આવો ઉદ્ધત ? આવો નાદાન ? મારું આવું અપમાન કરે ? શું મેં બધી શિખામણ આપી તે એની આગળ ઘાસ કાપ્યું ? એ મૂર્ખે એટલું ય ન જોયું કે પોતે કોણ અને શેઠ કોણ ? બે બદામનો એ માણસ અને આટલો મિજાજ ? ત્યારે હું ય હવે એને બતાવું છું કે ઉદ્ધતાઈ સસ્તી છે કે મોંઘી ! ગમે તેટલું લાખ રૂપિયાનું સારું કામ એવા માણસો કરતા હોય તોય એની કાંઈ કિંમત નથી. જો આવી ભયંકર નાગાઈ કરે છે, એવાઓને તો સખત નશીયત-કડક સજા થવી જોઈએ. તે હવે મારા હાથે નહિ પણ દિલ્હીના બાદશાહના હાથે થશે. એવું તૂત રચું કે બાદશાહના દરબારમાં ચાપકા ખાય ચાપકા ! અને આબરૂ





ગુમાવે. શેઠ તો આગળ પાછળનું બધું ભૂલી ગયા, અને ગરીબ માણસની ઉપર કડક સજા વરસાવવા તૈયાર થઈ ગયા ! વિચારો કે ગુસ્સો કેવી ભયંકર ચીજ છે ! અહંકાર જીવને કેવો નચાવે છે !

ગુસ્સે થયેલા શેઠે વિચાર કર્યો કે 'હું એને એક એવી વસ્તુ મોકલું કે જે બાદશાહને એ ભેટ આપવા જાય, અને તેથી બાદશાહ ગુસ્સે ભરાઈ એને ફટકા લગાવરાવે અથવા જેલમાં ખોસી ઘાલે. ત્યારે વસ્તુ પણ એવી જોઈએ કે મુનિમને જે ભેટ આપવા જવાનું મન થાય. નહિતર તો એ બચ્ચો ભેટ આપવા જાય જ શાનો ? કાચો થોડો જ છે ?'

શેઠ એને એવી સજા સુધી પહોંચાડવા તૈયાર થઈ ગયા. આમાં મુનિમનો પણ કસૂર છે. માણસે અકળાઈને અભિમાનમાં તણાઈને કાંઈ આડુ અવળું બોલી બાફી નાખતાં પહેલાં જરા વિચાર કરવાની જરૂર છે કે 'હું આ કોની આગળ બોલું છું ? શું બોલું છું ? અને નથીને કદાચ એનું કેવુંક ખરાબ પરિણામ આવે ?' આમ બોલી નાખવામાં તો અનેક અનર્થો નીપજ્યાના અપાર દૃષ્ટાંતો જોવા મળે છે. મોંમાંથી બહાર કાઢવા પૂર્વે બોલને તોળવા જોઈએ, માણસ મહાન છે, તે બોલતાં ભાન ન રહે તો તો પોતાનું બીજું બધુંય સારું પણ ઉતાવળીયા હલકા બોલની નીચે એવું ઢંકાઈ જાય છે કે જશને

બદલે અપજશ મળે છે, લાભને બદલે નુકસાની થાય છે. ભૂલશો નહિ કે બોલતાં પહેલાં થોડું વિચારી લેવાનું સસ્તું છે, ત્યારે બોલી નાખવાની ઉતાવળ મહામોંઘી છે. એની પાછળ પશ્ચાત્તાપ અને નુકસાનીના નાણાં ઘણાં ચૂકવવા પડે છે.

શેઠે ભેટ માટે એક મખમલની બિલાડી બનાવરાવી. સારી આકર્ષક કરી દીધી. હવે બરાબર દેખાવડી અને ચમકદાર, જોતાં દિલ ઠરે એવી બિલડી તૈયાર થઈ. પછી એક અજાણ માણસને તે આપી, મુનિમ પાસે મોકલી કહેવરાવ્યું કે 'એક થાળમાં ઝવેરાત અને આ બિલાડી મૂકી બાદશાહને ભેટ કરજો.' માણસ તો ભોળેભાવે લઈને ઉપડયો દિલ્હી. જઈને મુનિમને તે આપી. શેઠનો સંદેશો કહ્યો. મુનિમને પણ જોતાં આશ્ચર્ય થયું કે 'ઝવેરાત તો ઠીક, પણ બિલાડી ભેટ હોય ? બિલાડી છે તો સારી, ચાલો બાદશાહના લડકાને રમવા ચાલશે, કે ક્યાંક શોભા કરવા ચાલશે; અથવા એ એનું શું કરશે એનું મારે શું કામ છે ? આપણે તો ગમે તેમ પણ માલિકનો હુકમ બજાવવો !' નોકરના આદર્શને બરાબર સાચવનારો એ છે.

શેઠના સંદેશા મુજબ મુનિમે થાળમાં ઝવેરાત સાથે બિલાડી લઈ જઈ બાદશાહની આગળ ભેટ ધરી. પોતાની ઓળખ આપી; અને સલામ ભરી જતાં જતાં પોતાનું દિલ્હીનું સરનામું આપ્યું, એટલા માટે કે બાદશાહના મનમાં આવે અને કાંઈ





ઝવેરાત ખરીદવું હોય તો ઝટ પોતાને બોલાવે. એવી બાદશાહની ખરીદીમાં લાભનું પૂછવું જ શું ?

કહો મુનિમ કેવો ભોળો છે ! પણ એને ક્યાં ખબર છે કે આ તારું જ આપેલું સરનામું તને જ ખતરનાક નીવડશે ! આ જગતની પ્રવૃત્તિઓ કે પદાર્થોના કાંઈ ભરોસા છે કે એ સારા જ નીવડશે ? ઉદ્દેશ કાંઈ હોય અને નીવડે બીજું જ ! માટે જ જ્ઞાનીઓ એના ઉપર વિશ્વાસ ધરવાની ના પાડે છે, એના ધોરણે ચાલવાની મનાઈ કરે છે. એના નાટકમાં ખીલવા કરમાવાનો નિષેધ કરે છે.

મુનિમ તો ભેટ કરી બાદશાહના મુખની પ્રસન્નતા જોઈ ખુશી થતો થતો મુકામે આવ્યો. એ હવે આશામાં તણાય છે કે સંભવ છે બાદશાહ ઝવેરાતની ખરીદી માટે બોલાવે. એમાં વળી થોડી વાર પછી ખરે જ બાદશાહના સિપાઈ નામ લેતા મુનિમને મુકામે આવ્યા ! ઝરૂખામાં બેઠેલો મુનિમ તો ખુશી ખુશી થઈ ગયો, 'વાહ ! ચાલો ઠીક થયું ! આશા ફળી ! જીવને અજ્ઞાન કેવું નચાવે છે ! ત્યારે શું ખરેખર આશા ફળી ? ના રે ના, એને ક્યાં ખબર છે શેઠની પાથરેલી જાળમાં આ ફસામણ છે ! માણસે ધીરજથી જોવું જોઈએ કે શું છે, શું નહિ ?

સિપાઈઓ નીચેથી જ ગુસ્સાથી લાલચોળ થઈ મુનિમને

ધમકાવવા લાગ્યા :

'બેવકુફ ! ઐસા કામ કરતા હૈ ? ઉઠ અબ તેરા મોત આ ચૂકા હૈ. નામદાર કા હુકમ હૈ, તુઝે માર ડાલના !

મુનિમ તો ગભરાઈ જ ગયો ! એક વાર તો એના હોંશકોશ ઉડી ગયા ! મોતનું નામ સાંભળીને ઉડી જ જાયને ? પણ હિંમત ભેગી કરી પૂછે છે :

'પણ છે શું ?'

'અરે ! બાદશાહ સલામત કા ઘોર અપમાન કરકે પૂછતા હૈ કયા હૈ !'

'પણ શું અપમાન કર્યું ? બોલો તો ખરા !'

પેલા વધારે ગુસ્સે થાય છે. કહે છે : 'પાગલ હૈ, પાગલ જૈસે કુછ જાનતા હી નહિ.'

મુનિમ કરગરે છે : 'ખરેખર હું કંઈ જ જાણતો નથી.'

પેલા ધમધમે છે : 'ક્યા નહિ જાનતા હૈ નરાધમ ? જગત કે બાદશાહ કે દરબાર મેં બિલ્લી મેં ગંદે બાલ ભેટ કરનેકા કાલા કામ ? ઓર અબ અનજાનપન કા દિખાવ કરતા હૈ ઉઠ, ચલ અબ તેરા જીવન સમાપ્ત હો ચૂકા !'

વાત એમ બની હતી કે મુનિમના ગયા પછી બાદશાહને કૌતુક થયું તે બનાવટી બિલાડીનું મખમલ ચીર્યું. ત્યાં તો એમાં





ઠાંસીને ભરેલા માણસના માથાના વાળ બહાર નીકળી આવ્યા ! થાળમાં વાળ વાળ થઈ ગયાં ! ભર્યા દરબારમાં આ બનાવથી બાદશાહને લજવાવા જેવું લાગ્યું. તેથી તરત જ હુકમ કર્યો કે જાઓ, એ મુનિમને ગરદને મારો. એટલે સિપાઈ દોડતા આવ્યા.

અહીં એ જોવાનું છે કે શેઠે તો આ કપટમાં માત્ર થોડી શિક્ષાની અપેક્ષા રાખી હશે. પણ અહિં તો મુનિમના માથે મોત ભમતું થયું ! ત્યારે એ સાવધાન રહેવાનું કહે છે કે કોઈના પણ દ્વેષથી એને કંઈક તકલીફ પહોંચાડવા આપણે જ્યાં જઈએ છીએ ત્યાં આવું કંઈક ભયંકર પરિણામ આવીને ન ઉભું રહે. નહિતર પછી 'મા મને કોઠીમાંથી કાઢ' જેવું થાય ! પસ્તાવાનો પાર ન રહે. શેઠ મુનિમને મારી નાખવાના વિચારમાં નહોતા. પરંતુ એમ વિચાર ન રાખ્યો કે આ તો મુસલમાન બાદશાહ, તે ગુસ્સામાં ગરદને'ય કાં ન મારે ? વિચાર કેમ નહિ ? કહો, આવેશ ચીજ ભૂંડી. માણસ ગમે તેવો ભણેલો, ગમે તેવો ધર્મપ્રેમી, ત્યાગી કે તપસ્વી, પણ આવેશ આવ્યો એટલે જાણે ગાંડોતૂર ! આવેશ ભાન ભૂલાવી દે છે. ભાન ભૂલા ન થવું હોય તો હંમેશા આવેશ રોકો.

મુનિમ સમજી ગયો કે 'જરૂર બાદશાહે બિલાડાને ખુલ્લો કર્યો હશે, ને એમાંથી વાળ નીકળ્યા હશે, ત્યારે શું શેઠે મારા

જે છેલ્લા શબ્દ 'શેઠની શિખામણ ઝાંપા સુધી' એનું વેર વાળવા આ કસબ રચ્યો ? શેઠનો સ્વભાવ ચીકણો ને ચિડિયો છે, હું જાણું છું તે બસ એટલી હદ સુધી પહોંચ્યો ? હું ય કેટલો ઉતાવળીયો ! શેઠના શબ્દો કાને શી નામના થવાની હતી ? મુનિમ પસ્તાય છે, પણ હવે પસ્તાયે શું થાય ? પાછો વળી ગુસ્સામાં ચઢે છે 'મને ગરીબ માણસને પરદેશમાં આ સ્થિતિમાં પટકનાર શેઠ કેવા ક્રૂર ? પણ હવે ગુસ્સે થયેલ શું વળવાનું ?

છતાં જુઓ મોટી ખૂબી ? મુનિમની ઉદારતા કેવું કામ કરે છે ! પ્રસંગ પર આમ તો ધારત તો બાદશાહ આગળ શેઠનું નામ કહી ખુલાસો કરી શકત. પરંતુ એ વિચારે છે કે 'ખેર ! મેં શેઠનું લુણ ખાધું છે. શેઠ મોટો માણસ છે. મારાથી નીચ બની ખુન્નસ ન રખાય; શેઠના ઉપર ઘાડ ન ઉભી કરાય. જો શિંગડા સામે શિંગડુ લગાવવાનું હોય તો એ અજ્ઞાન પશુ ને ય આવડે છે. એમાં સજ્ઞાન માનવતા શી ? માનવ તરીકે સામાના ભયંકર ગુના ય માફ કરવાની તક કોક વાર મળે. તો હું આ મળેલા દુર્લભ અવસરને કેમ જતો કરૂં ?

'ખેર, હવે ફીકર નહિ, શેઠે ભલે મને શિક્ષા કરવા માટે આટલી હદ સુધી તાકડો રચ્યો, પણ મેં કહ્યું તો છે જ કે 'શેઠની શિખામણ ઝાંપા સુધી; તેથી ઝાંપા બહાર શેઠના વેપાર પર ભારી આપત્તિ આવે તોય અક્કલ તો મારી જ કામ લાગે;





એવી અક્કલ બતાવું કે શેઠ પ્રત્યેની મારી વફાદારીનો આદેશ અભગ્ન રહે, અખંડિત રહે.'

આ બધો વિચાર કરી મુનિમ તે સિપાઈઓને હસીને કહે છે : 'યું જી ? ઈસ તરહ મરને કું તો હમ તૈયાર હૈ.'

સિપાઈઓ સાંભળી વિસ્મય પામ્યાં. મુનિમને લઈ ચાલ્યા. રસ્તામાં એને પૂછે છે : 'બોલ, તેરી છેલ્લી ઈચ્છા કયા હૈ ?'

મુનિમ કહે છે : 'વહ બાલ હમેરી છાતી પર રખ કર કે મરના હૈ, ઐસા બન શકે તબ તો જલ્દી મરને કી હમારી ઈચ્છા હૈ. ચલો, અબ દેરી મત કરો.'

સિપાઈઓ આ જોઈ જરા આશ્ચર્ય પામી ગયા. વધસ્થાણે એને લઈ ચાલ્યા. પણ એમ થયું કે 'આ તે કેવો માણસ ? બચવાનો જરાય પ્રયત્ન કે વિચાર પણ નથી કરતો ! અને ઉપરથી કહે છે કે 'મારે વહેલા મરવું છે ! હશે... ને મરતા પહેલાં એની ઈચ્છા પૂરી કરો. તેથી એક સિપાઈ ગયો બાદશાહ પાસે, અને વાત કરી. બાદશાહને પણ કૌતુક થયું. એટલે મુનિમને ત્યાં બોલાવી મંગાવ્યો. અને એનું કારણ પૂછયું.

મુનિમ કહે છે : 'અબ જહાંપનાહ, માફ કીજીયે. ખુલાસા કહને મેં હમકો એક બડા લાભ જો મીલતા હૈ, વહ ચલા જાયગા અબ તો વહ બાલ દીજીએ. ઔર આપકી આજ્ઞા

અખંડિત રહને દીજીયે.'

બાદશાહ કહે છે : 'યહ તો સબ ઠીક હૈ, લેકિન બતલા, કયા લાભ હૈ ?'

'સા'બ ! બડે બડે રાજાઓ કી ભી ગુંજાયશ નહિ કી બાદશાહ સલામત કી બેઅદબી કરે. તો મેરે શેઠ કી કયા મગદૂર હૈ ? અસલ મેં બાત ઐસી હૈ કી હમરે શેઠ એક સમય ગીરનાર કી ગુફામેં ગયે થે, વહાં એક યોગીરાજ કે આગે બડી સેવા પ્રાર્થના કી. યોગીરાજને ખુશ હોકર અપની જટાઓંકે યહ બાલ દીએ, બસ પીછે તો પૂછના નહીં ક્યા ? શેઠને બાલ લાકર દુકાનકી તિજોરીમેં રખ દીએ, તબ સે શેઠ કી લક્ષ્મી ઈજ્જત બહુત બઢને લગી. પીછે હમ દિલ્હી આતે થે. શેઠ કો 'બાદશાહ સલામત ચિરંજીવ રહે ઔર પ્રજાકે પાલન કે લીયે ખજાના બઢે' ઐસા બિચાર હુઆ. ઈસીલીયે બિલાડે કે રૂપમેં યહ ભેટ કી હૈ ! અસલ તો ખજાને મેં યહ ભેટ રખને યોગ્ય થી. લેકિન આજ હમારા સદ્ભાગ્ય હૈ કી હમ છાતી પર લેકર મરેંગે તો હમારા સ્વર્ગલોક મેં વાસ હો જાયેગા. ઐસા મહા પવિત્ર બાલ કે સંપર્ક મેં મૃત્યુ કહાંસે મીલે ?'

મુનિમની આ વાત, એની સહર્ષ મરવાની તૈયારી જોઈ, બાદશાહને વાત એટલી બધી ગળે ઉતરી ગઈ કે મુનિમને છૂટો કરી વાળ ખજાનામાં રખાવ્યા ! મુનિમ સીધો વેપાર પતાવી





દેશમાં પાછો આવ્યો. ત્યાં શેઠ અચંબો પામ્યો કે એમ જ ખુશમિજાજ આવ્યો લાગે છે, તે શું એને કાંઈ સજા ન થઈ?

પણ જ્યાં મુનિમે બનેલું કહેવા માંડયું અને એમાં જ્યાં સિપાઈઓ એને મારવા માટે લઈ ચાલ્યાનું સાંભળ્યું ત્યાં તો માત્ર એ અહેવાલ સાંભળવામાં શેઠના હોંશકોશ ઊડી ગયા ત્યાંને ત્યાં જ એને એમ થયું કે 'મેં કેટલી મૂર્ખાઈ કરી ! કેવો હું તામસી પ્રકૃતિવાળો' પછી શેઠને બચાવવાની મુનિમના દિલની ઉદારતા જાણી અને એણે દોડાવેલી અકકલ સાંભળી એટલે મનમાં મુનિમની સાત્ત્વિકતા સમજવા સાથે 'શેઠની શિખામણ ઝાંપા સુધી. આગળ તો પોતાની અક્કલ કામ લાગે' એ ભાવ બરાબર શ્રદ્ધેય બન્યો.

જુઓ; આ પ્રસંગમાં કેટલું શીખવા મળ્યું, શેઠની બહુ શિખામણ અને અધીરાઈ ખોટી; મુનિમનો ઉતાવળીયો અને વડિલની અવજ્ઞા કરતો ઉત્તર ખોટો; સિપાઈઓ દેખી મુનિમનો આશાનો કિલ્લો ખોટો. ત્યારે મુનિમની શેઠને બચાવવાની ઉદારતા સરસ, સમયસૂચકતા ભારે ! શેઠનો પશ્ચાત્તાપ સારો.

૭.

# વાહ રે સંસાર!

*(તમારે કોઈને વશ કરવા છે ? વિનયનું કામણ કરો એટલે બસ ! તમારે કોઈને આંજવા છે ? વિનયનું અંજન કરો એટલે બસ ! તમારે કોઈના હૃદયમાં તમારો વાસ કરાવવો છે ? વિનયનો મંત્ર ભણો એટલે બસ ! એ વિનયથી વશ થયેલા ગુરુ આત્મસમૃદ્ધિનો ખજાનો આપશે.*

*એ માટે જ એ વિનયના કામણ વાપરવાના છે. પણ એ કામણ-અંજન અને મંત્રનો પ્રયોગ તમારી મલિન વૃત્તિઓને પોષવા રખે કરતાં, નહિતર સ્વ અને પર ઉભયની દુર્દશા તમે સર્જનારા થશો.*

*એ ત્રિપુટીને વશ પડેલા આત્મા કેટલીક વાર સ્વાત્માના કલ્યાણમાર્ગને ભૂલે છે અને પોતે કયી અંધકાર ભરી દિશા તરફ વહી રહ્યા હોય છે તેનું તેમને ભાન હોતું નથી.*

*પરંતુ એક દિ' એવો આવે છે કે જ્યારે એ કામણ ઉતરી જાય છે, અંજન નીતરી જાય છે અને મંત્રબળ ઓસરી જાય છે.*

*બસ, ત્યારે સંસારનું નગ્નસ્વરૂપ પ્રગટ થાય છે, ને હૈયું બોલી ઉઠે છે- વાહ રે સંસાર !*

*સંસારી જીવનની આરસી સમું આ કથાનક તમે પુરું વાંચશો એટલે તમારા મુખમાંથી પણ એ જ શબ્દ સરી પડશે 'વાહ રે સંસાર !'*

*''પ્રિયદર્શન'')*





**એ**ક નગરમાં એક વણિકનો પુત્ર હતો. નામ એનું ધર્મદાસ. નામ પ્રમાણે ગુણ હતા. નાની ઉંમરમાં સાધુસંતની સેવા, ત્યાગ તપસ્યા વગેરે ધર્મની લગની સારી હતી. પછી એ છોકરો મોટો થયો. લક્ષ્મીના બળે બીજા એક વણિકની સુંદરી નામની કન્યા સાથે મા-બાપે તેને પરણાવ્યો. થોડા વખતમાં મા-બાપ મરી પરવાર્યા. છોકરો હવે નાની ઉંમરમાં ઘરનો માલિક બન્યો. પત્ની સુંદરી બહુ ચકોર હતી. હવે એણે જોયું કે 'આમના માથે કોઈ મોટું નથી. ગમે ત્યાં હરશે ફરશે. એમાં જો કોઈ બીજી વધુ રૂપાળી કન્યા નજરમાં આવી તો એને મારા માથે લાવી બેસાડશે. માટે હું પતિને એવા વશ કરી લઉં કે ક્યાંય હરેફરે નહિ. વશ કરવા શું કરવાનું ? કામણ-ટુમણ ? ના રે ના, એ તો મૂરખી કરે. તેથી એણે તો સેવા અને પ્રેમથી વશ કરવાનું કર્યું. પતિને એટલી બધી સુખલીલા અને સાહ્યબીમાંએ મસ્ત રાખતી, તેમ સેવામાં પતિ બહાર જાય ત્યારે એને કપડા પહેરાવવાથી માંડીને બહારથી આવે ત્યારે પતિના પગ ધોઈ પાણી માથે અડાડવું, પગ દાબવા, માથું દાબવું, વગેરે અનેક પ્રકારની સેવા ઉઠાવતી કે હવે તો પતિ એના સિવાય બીજાને દેખે જ નહિ. શું કારણ ? વિનય વેરીને વશ કરે છે. આ ઝેરી કલિકાલમાં પણ સેવા એ મહાન વશીકરણ છે, સેવા એ મહાન મંત્ર છે. પણ તે નિ :સ્વાર્થ જોઈએ.

આમાં સ્વાર્થ છે, પતિ બહાર બીજે કયાંય લોભાઈ ન જાય અને માત્ર પોતાને જુએ એવો આશય છે.

પ્ર.- આમાં શું ખોટું છે ? પતિ દુરાચારના માર્ગે જતો અટકે ને ?

ઉ.- વાત સાચી છે. દુરાચારના માર્ગે જતો અટકે, તે સારૂં જ છે, પરંતુ એ જુઓ કે બાઈનો એ આશય છે કે સ્વાર્થનો ? સ્વાર્થનો હશે તો કદાચ દુરાચાર તો અટકશે, પણ બીજી મહાનુકસાની લાવશે. પોતાના કરતાં બીજી સવાઈ સ્ત્રી પર ખેંચાઈ ન જાય અને પોતાને જ સારી જુએ. એટલે ? પોતાનામાં જ લુબ્ધ થઈને રહે. એવું જો કરે તો એનું શું પરિણામ ? એ જ કે ખેંચાય, એમ નહિ, પણ દેવ-ગુરુ-ધર્મ સામું પણ ન જુએ આ ભયંકર નુકસાન છે. અને ખરેખર ! પરિણામ અહીં એ જ આવ્યું. ધર્મદાસ નામથી જ માત્ર ધર્મદાસ રહ્યો. પણ વસ્તુસ્થિતિએ સુંદરીદાસ બન્યો ! દેવને ભૂલ્યો, ગુરૂને ભૂલ્યો. ધર્મને ભૂલ્યો, ધર્મી મિત્રને ય ભૂલ્યો. છતાં પત્ની એમાં કાંઈ અજુગતું નથી જોતી. એ તો ઉલટી ખુશ છે કે 'એની એ પ્રીતિ અને સેવા ઝીલવામાં પતિ બધું ભૂલી-માત્ર ઘરથી દુકાન અને દુકાનથી ઘર કરી માત્ર પ્યારી પત્નીના સમાગમમાં રહે છે. પત્નીને જીવનનું સર્વસ્વ માને છે !' ધર્મ નહિ, ધ્યાન નહિ; કાંઈ નહિ. મનગમતું મળે પછી બીજો વિચાર કરવાનું





શું કામ ?

શેઠના છોકરાને વિચાર નહોતો, કેમકે વિષયાંધ બન્યો હતો. પણ એને એક સુબુદ્ધિ નામે ધર્મી મિત્ર હતો. એને ચિંતા થઈ કે 'આમ કેમ ? આ મિત્ર પહેલાં તો બહુ મોટી ધર્મની ને જનકલ્યાણની વાતો કરતો હતો ! હવે તો કયાંય દેખાતો નથી ?'' એક વાર રસ્તામાં એને એ ભેટી પડયો, પૂછે છે :

'કેમ કાંઈ દેખાતા નથી ?'

'લ્યો પૂછે છે, કેમ દેખાતો નથી ! કેમ જાણે નવરા બેઠા !'

ધર્મદાસ શ્રીમતાંઈના તાવમાં બકવાસ કરવા લાગ્યો. શ્રીમંતાઈનો તાવ સનેપાત જેવો હોય છે. ભાન વિનાનું બકાવે. કહે છે : 'તારી સાથે વાત કરવાનો સમય નથી.'

પેલો પૂછે છે : 'પણ એવું તે શું છે ?'

આ ગર્વથી કહે છે : 'શું છે તે તને શી ખબર પડે ? તું અમારા મોટા ઘરની વાત શું જાણે ?'

'હા, ભાઈ ! અમે ગરીબ એટલે અડબંગ; ગરીબ એટલે બુદ્ધુ. એને તમારા મોટા ઘરની શી ખબર પડે ?'

પેલો જરા ખચકાયો : કહે છે : 'આવું શું બોલે છે, દોસ્ત ? આ તો મારે જવાબદારીઓ કેટલી, એ તું ન સમજે ?'

'પણ તે શું મોટા શહેનશાહ જેટલી ? શહેનશાહો પણ

અનેકવિધ જવાબદારીઓ છતાં દેવભક્તિ, ગુરુસેવા અને ધર્મસાધના નિત્ય કરતા હતા. ઠીક, એ બધું, એ તો ખરૂં, પણ એ તો કહે છે કે પત્ની કેમ છે ? સંસાર સુખશાન્તિથી ચાલે છે ને ? તું મારો મિત્ર છે, તું સુખી તો હું રાજી.'

'એ જ પૂછે છે ? તો હું તને શું કહું ? સારાય શહેરમાં એવી પત્ની કોઈને નહી મળી હોય, એવી છે એ. મહાસહિષ્ણુ, ઉદાર, વિચારક, કદરદાન, પ્રેમાળ, અત્યંત સેવાભાવી અને મહાવિનય સંપન્ન ! કેટલું તને કહું ? પછી સંસારમાં સુખ-શાન્તિનું પૂછવું જ શું ? મિત્ર વિચારે છે કે 'બસ, નાડી હાથમાં આવી ગઈ ! આથી જ ભાઈસાહેબ એ રાણીસાહેબમાંથી ઊંચા નહિ આવતા હોય !' પેલાને કહે છે :

'ઓહો ! એમ ? તો મને કોઈ દિ' આમંત્રણ પણ નથી દેતો ? હા હા, હું ભૂલ્યો ! હું તો ગરીબ ઘરનો અને તમે તો મોટા ઘરના ! અમે તમારા શા હિસાબમાં ?...'

'અરે યાર ! મશ્કરી શું કરે છે...'

એમ થોડી ઘણી વાત કરવા લાગ્યા, ત્યાં સુબુદ્ધિ કહે છે : 'ભાઈ, એક વિચાર આવે છે, જો તને ખરાબ ન લાગે તો...'

'નહિ નહિ. એમાં શું ખરાબ લાગે ?'

'અરે ભાઈ... ! લાગી જાય...'





'ઠીક, પૂછી લે, શું પૂછે છે ?'

'તેં શુ એ વિચાર્યું છે કે પત્નીનો પ્રેમ સાચો છે કે જૂઠો ?'

'અરે, એ શું પૂછે છે ? પાગલ થઈ ગયો છે કે શું ?'

'નહિ નહિ. એ તો જાણવા માટે જ પૂછું છું, કે એનો પ્રેમ કેવો છે ?'

'અરે યાર, મહાસતી જેવો ! એમાં પૂછવાનું શું ?

મિત્ર કહે છે : 'મહાસતી એટલે તું એને સીતા સમજે છે ને ? જાણે છે સીતાનું સતીત્વ ? રામે સીતાને ભયાનક જંગલમાં નિરાધાર અશક્ત અસહાય સ્થિતિમાં મૂકાવી દીધી ! છતાં ય એક પણ શબ્દ રામ વિરુદ્ધનો સીતા બોલતી નથી ! સ્થિતિ કેવી છે ? મહારાણી હોવા છતાં અત્યારે કોઈ માણસ સાથે નહિ ! ભાતાનો ડાબડોય નહિ હોં ! તો પાછી જ્યાં જંગલી પશુઓ ભમતા હોય એવા વિકરાળ વનમાં ! સીતાને એમને એમ એકલી અટુલી મૂકીને સેનાપતિ ચાલ્યો ગયો. આવી સ્થિતિમાં પણ રામને ફિટકાર દેવાને બદલે સીતાએ માત્ર પોતાના દૈવને અને પોતાના જ પૂર્વે પાપ કરાનારા પાપી આત્માને ફિટકાર આપ્યો ! કેવું ગજબનાક સતીત્વ ? ત્યાં ફરવા નીકળેલો રાજા 'હું તમારો ધર્મનો ભાઈ છું' એમ કહી પોતાના રાજમહેલમાં લઈ જાય છે. ત્યાં પણ રામની વિરુદ્ધ

કાંઈ વાત સીતા કરતા નથી. જન્મ પામેલા પુત્રો લવ અને કુશ પણ મોટા થયે સમજ્યા કે માતાને પિતાએ ખોટી રીતે કાઢી મૂકી છે, ત્યારે પણ સીતાની ગંભીરતા કેવી ! પતિની બદબોઈ કે જાતની બડાઈની વાત સરખી નહિ ! આ મહાસતી ! બોલ તું તારી પત્નીને આવી મહાસતી સમજે છે ? એ એવી હોય તો તો હું બહુ ખુશ છું, પણ જોજે ભોળો ન બનતો. એવી ન હોય તો તું ભ્રમમાં પડતો ના. એટલે ? કહે એનો પ્રેમ સ્વભાવે છે કે સ્વાર્થનો છે ? એ તપાસ્યું છે ?'

'અરે ! આ શું પૂછે છે ? જરાય સ્વાર્થી નથી. એ તો સાક્ષાત્ ગુણની મૂર્તિ છે !'

'જો ભાઈ આ જગતમાં ડગલું વિચાર કરીને ભરવા જેવું છે. તું એ જો કે તેં તરણતારણ ધર્મને કોની ખાતર વિસાર્યો ? જરાક તું એની પરીક્ષા કર. આપણે એની સાથે લડવું નથી, પણ એને ઓળખીને જીવન પ્રગતિમય કરવું છે. જીવન સ્વપ્ન સમાન છે. સ્વપ્નમાં સોનાના મહેલના સાતમા માળે રતનના હિંડોળે હીંચ્યા; પણ સ્વપ્ન પુરૂં થયે શું ?

સ્વપ્નમાં આંખ ખૂલ્યા પછી મીંડું, તો જીવનમા આંખ બંધ થયા પછી પણ મીંડું જ ને ? જીવનમાં આંખ ખુલ્લી છે ત્યાં સુધી જ ધર્મ સાધના શક્ય છે; અને એજ તારણહાર છે, પત્ની નહિ. તારી પત્ની પ્રેમ સ્વભાવથી કરતી હશે. બાકી





મને તો લાગે છે કે હવે તો તારે કોઈ મોટું ન રહ્યું એટલે સ્ત્રીરાજ્ય સ્થપાયું છે. રાણી સાહેબે તને પૂરો વશ કર્યો જણાય છે. ખેર ! તમારા બેનો પ્રેમ બન્યો રહે એમાં મારે કાંઈ કહેવાનું નથી. પરંતુ એમાં તું દેવ-ગુરૂ-ધર્મને ભૂલે એવી પરવશતા ખતરનાક છે. માટે એક કામ કર. તું એના પર એવો એક પ્રસંગ ઊભો કર કે જેમાં પરીક્ષા ય થશે અને છેવટે એ ધર્મ પામે તો એ તનેય ધર્મમાં પ્રેરશે.'

મિત્રના હૃદયવેધી શબ્દોએ ધર્મદાસને વિચાર કરતો કરી મૂક્યો. એણે જોયું કે 'મિત્રની સલાહમાં ઈર્ષ્યા નહોતી, સ્ત્રી પર તિરસ્કાર નહોતો, પ્રેમની નિંદા નહોતી. હતું માત્ર એક દેવ-ગુરુ-ધર્મ ન ભૂલવાનું સૂચન. તો હવે મારે, એ પરીક્ષા માટે શો પ્રસંગ સૂચવે છે તે પણ જાણી લેવો જોઈએ.' મિત્રની હિત સલાહ હવે વધુ સાંભળવા આકર્ષાયો.

પણ તે ક્યારે ? મિત્ર જરાય આવેશમાં આવ્યા વગર એની પરિસ્થિતિ સમજીને શુદ્ધ હિતની શક્ય સલાહ મૃદુભાવે આપી. લાખ રૂપિયાની વાત પણ અનુચિત શબ્દોમાં અને અનુચિત ભાવથી કહેવાય તો રાખની તુલ્ય બને. માટે જીવનમાં આ એક અતિ આવશ્યક કેળવણી છે કે બોલતા શીખો. મોંમાથી ઉદ્‌ગાર કાઢતાં પહેલાં વિચાર કરો. ઉદ્‌ગાર એવા કાઢો કે જે સામાને આવર્જક હોય, આકર્ષક હોય, અસરકારક હોય, જો

જો પછી એના અપરંપાર લાભ ! વેણ નકામું ન જાય, એ જોવું જોઈએ. સામો આપણી વિરૂદ્ધ ન બને, એ જોવું જોઈએ.'

હવે ધર્મદાસ સુબુદ્ધિ મિત્રને પૂછે છે : 'બોલ ભાઈ ! શું પ્રસંગ યોજું ?'

'મિત્રે એને કાનમાં કંઈક સમજાવી દીધું. ત્યાંથી એ ઘેર આવ્યો. સ્ત્રીએ એને મોડું થવાનું કારણ પૂછયું. કેમકે ભારે ચબરાક છે ને ? પણ પેલાએ વાત ટાળી દીધી. કેટલાક દિવસ બાદ એકવાર નોકર ચાકર એના ઉત્સવમાં ગયેલા ત્યારે વહેલી સવારે એ ઉઠીને કહે છે : 'આજે કોરટનું કામ છે તેથી વકીલને વહેલો જ પકડવો પડશે. વળી ક્યાંક એ બીજા કાર્યમાં ગુંથાઈ જાય કે બહાર નીકળી જાય તો ?

સ્ત્રી પૂછે છે : 'પણ તે તમારે એમ જ થવું છે ?'

તું હમણાં કાંઈ બોલીશ ના. બને તો થોડીવારમાં વચમાં આવી જાઉં છું. પણ જો જે તું રાહ જોઈને બેસી ન રહેતી. તું તારે ખાઈ લે જે.'

'અરે એ શું બોલ્યા ? તમને મૂકીને ? તમે ભૂખ્યા રહો અને હું હોજરૂ ભરૂ ?'

'પણ હું તને કહું છું ને !'

'તમે કહો છો એ તમારી ઉદારતા છે. પરંતુ અમારો





સતીઓનો ધર્મ જુદો. આ તો તમો થોડીવારમાં આવવાના છો, પણ નથીને આખો દિવસ પણ લાગી જાય તો'ય શું થઈ ગયું ? ક્યાં અમે એમાં સુકાઈ જવાના હતા ?'

'ભલે ભલે, તારી રુચી મુજબ કરજે.'

એમ કહીને ધર્મદાસ ઘરમાંથી બહાર નીકળી ગયો. સુંદરી અહીં આજે નોકર નથી તેથી એકલી જાતે નાસ્તા પાણી તૈયાર કરીને રાહ જોતી બેઠી છે કે હમણાં પતિ આવશે. પણ પેલા ભાઈ તો દેખાય જ શાના ? તેથી બાઈ ઊઠીને બારીએ જોવા જાય છે. કયાંય સુધી ઊભી ઊભી રાહ જુએ છે. એને ય ભૂખ લાગી છે. એટલે પતિ ન દેખાવાથી પાછી આવીને કોચ પર બેસે છે, આડી પડે છે વળી ઊઠીને બારીએ જોવા જાય છે કે આવતા દેખાય છે ? પણ અહીં તો પારખું જ કરવું છે ને ? તે શાનો દેખાય ? નાસ્તો ઠરી જાય છે, પરંતુ સુંદરી ખાતી પીતી નથી. કેમ ખવાય ? પણ મન વિકલ્પોમાં ચઢે છે. આ મેં બહુ ચોળીને ચીકણું કર્યું. એ તો કહેતા હતા જ કે તું તારે જમી લે. મેં ના પાડી. હવે શું થાય ? હશે. હવે રસોઈ બનાવવી છે. નાસ્તો ભોજન બધું ભેગું થશે. એમ કરીને રસોઈ બનાવી.

છતાં અહીં પતિના દર્શન દુર્લભ છે ! તોય જોયા કરે છે. કોચ પરથી બારીએ અને બારીએથી કોચ પર ! એમાં બપોર

થઈ ગઈ. પાછલો પહોર આવ્યો ને સુંદરીની ભૂખ વધી પડી, અસહ્ય થઈ ગઈ. વિચારે છે કે 'શું કરૂં ? જમી લઉં ? પણ ના. જો જમી લઉં અને એ આવીને કહે કે બેસ જમવા સાથે, તો એ વખતે શું કરૂં ? જો એ જાણે કે આણે તો મને મૂકીને જમી લીધું છે તો એમને એમ થાય ને કે 'જોયું આનું સતીપણું ? એકાદ દિવસ પણ સહાયું નહિ. સગવડપંથી જ લાગે છે.' માટે આજ તો નહિ જમું, સહન કરીશ. ભલે જરા મોડું થાય. પણ એ આવશે ત્યારે મને આખા દિવસની ભૂખી રહેલી જોશે. એ તો મને મહાસમર્પિત સમજશે, અને વશીકરણમાં કંઈક અધૂરૂં હશે તો પૂરૂં થશે. મારા પર પૂર્ણ આકર્ષાયેલા બની મારા સામે જ જોતા બેસશે ! મને જ પોતાના પ્રાણ સમજશે ! રાતને દિ' મારી જ રટણા કરતા રહેશે ! હા હા હા, બસ ! પછી તો પૂછવાનું જ શું ? સવાર પડી. ને એમની આજ્ઞા મારે શી માંગવાની ? એ મારી આજ્ઞા માંગશે. વાતવાતમાં મારી સલાહ એ લેશે... અ હા હા, કેવી સરસ મઝા ! જીવન ઉન્નત બનશે. બીજી બાયડીઓને શું આવડે છે ? પતિ આમ વશ કરાય !'

ચઢી શેખચલ્લીના વિચારમાં યાવત્ પોતાની જાતને મહારાણી પદે સ્થાપી પતિને એક ખરીદેલા ગુલામ અને ચાટુ કરનારની સ્થિતિમાં કલ્પતાં એને હૈયે આંચકો ન લાગ્યો. કેટલી બધી





એની સ્વાર્થી વિચારસરણી ! 'પતિ ભૂખ્યા થયા હશે, એમને તકલીફ બહુ' એ સંબંધનો કોઈ વિચાર નહિ ! માત્ર વિચાર પોતાનો 'હું ભૂખી, હું એમની નજરમાં શાબાશી લેનારી બનું ! ભૂખ અસહ્ય થઈ ત્યારે જમી લેવાનો વિચાર આવ્યો. પણ માત્ર એમાં પોતાની માનહાનિ થવાનું લાગ્યું ? જો કે એ ય પોતાની કલ્પના માત્ર હતી, તોય તેથી ભૂખ વેઠવાનું રાખ્યું. પણ 'પતિ ભૂખ કયાં સહન કરવાના નથી ? તો હું કેમ સહન ન કરું ?' એ કાંઈ વિચાર એને ન આવ્યો. પછીથી પણ પતિ પોતાને ભૂખે રહેલી જોશે તેથી ખૂબ મમતાળુ અને આધીન બનશે, એની સુખદ કલ્પનામાં એને હૈયે આનંદ આનંદ ઉછળ્યો ! એ આનંદમાં ભૂખનું દુ :ખ ભૂલી ગઈ ! પોતાના વર્ચસ્વના સુખદ મનોરથમાં ગલગલીયાં અનુભવે છે ! આ બધું શું ? માત્ર પોતાની વિશેષતાની ચાહના ! પતિ એવા આકર્ષાયેલા બને બન્યા રહો, કે પોતે પતિની આજ્ઞાંકિત નહિ, પણ પતિ પોતાના આજ્ઞાંકિત અને પોતે આજ્ઞાકારી થઈ જાય એવા મનોરથ ઘડયા; એવા મનોરથ જાણે સિદ્ધ થતા દેખાયા. એથી જ એણે ખુશી ખુશી થઈ જીવન સફળ થતું માન્યું, બીજી સ્ત્રીઓને આવી આવડત ન આવડી માટે એમને ગમાર ગણી ! ધણી પોતાને આધીન ન થાય, પોતાનો ગુલામ ન બને તો શું કામનું ?' આ એની જીવન કરણી !

સૂર્યાસ્ત થઈ ગયો છે. સંધ્યા જવા માંડી છે, ત્યાં ઘણી તપસ્યાને અંતે સુંદરીને આવતા પતિના દર્શન થયા ! એટલે પગમાં જોર આવ્યું ! કેમ વારૂ ? ખાવા ભેગી થશે એટલું જ નહિ, પણ ખરૂં તો પોતાની શાબાશી દેખાડવાનો તે પતિને પરવશ બનાવવાનો અવસર મળશે માટે !

ઉઠીને પતિને સામે લેવા ગઈ, ઘરમાં લાવી એનાં કપડાં ઉતારે છે; કોચ પર બેસાડી પગ ધુએ છે. બહુ થાકી ગયા હશો, ભૂખ પણ પીડતી હશે. એમ કહી પગ અને માથું દાબે છે. રોજ તો ધર્મદાસને આથી ગલગલીયાં થતાં; પણ આજે તો દૃષ્ટિ જરા ફરી છે, પારખ કરવાની છે. તેથી બહુ ઉમળકો નથી. કાર્ય એનું એ હોય, પણ 'આપણી દૃષ્ટિ કેવી છે?' તે પ્રમાણે કાર્યની અસર લઈએ છીએ. એવું બને છે ને કે કોઈના ઉપર આપણને રીસ હોય અને એણે આપણા માટે કાર્ય સુંદર પણ કર્યું; છતાં આપણને અસર સારી નહિ થાય ! દૃષ્ટિ ફેરવીએ, સ્નેહની રાખીએ, તો નુકસાનીના કાર્યની પણ અસર સારી રહેવાની.

સુંદરી હવે કહે છે : 'અહો ! આજે ખૂબ મોડું થયું. ભૂખ્યાને તરસ્યા એવા તે કેવા અગત્યના કામમાં અટવાઈ ગયા ? તમારૂં શરીર કેવું સુકોમળ ! દિવસમાં મારી સાથે દશવાર તો જમનારા અને આજે આખો દિવસ સાવ ભૂખ્યા ! આમ શરીર શી રીતે





ચાલે ? ઘેર ગયું એવું કામને બામ ! શરીર છે તો બધું છે, કે શરીર ગુમાવીને ? તમે એ બધું કષ્ટ મારી ખાતર કરો છો એ હું સમજું છું. પણ હું ય કેવી અભાગણી સ્વામીનાથને ત્રાસ અપાવનારી !... એમ બોલતાં તો એ રડવા લાગી. તે પણ ધ્રુસકે ધ્રુસકે ! જો જો હોં, પેલા સામ્રાજ્ઞી બનવાના મનોરથ ક્યાં ? ને આ ક્યાં ? આ સાચું કે બનાવટી ? લાગણી કે જાળ ? પણ ધર્મદાસ હમણાં ભોળવાય એવો નથી, જો કે આમાં એ સાચું ખોટું કલ્પી શકતો નથી; તેથી અંતિમ પરીક્ષા ઉપર આધાર રાખી બેઠો છે.

એ કહે છે : ''પણ રડે શા સારૂં ? તું ય ક્યાં સુકોમળ નથી ? મારા કરતાં વધુ કોમળ છે. તને મેં આજે ભૂખી રાખી. તને તો વધારે કષ્ટ પડયું.''

'મને ? મને તો કંઈએ ઘા પડતા નથી. અમારે સ્ત્રીઓને તો ઘરનાં કામ, ભૂખ ઉજાગરા–બધું સહેવાઈ પડયું ! આ બીજું તો કાંઈ નહિ, પણ તમને જરા પણ તકલીફ પડે ત્યાં મારા તો પ્રાણ ચાલ્યા જતા લાગે છે. પછી રડવું કેમ ન આવે ? એમ થાય છે કે તમારી તકલીફ જોવા પહેલાં મારૂં મૃત્યું કેમ નથી થતું ?'

'એવું શું બોલે છે ? લે ઉઠે; હવે તું ય ભૂખી હશે, જમી લઈએ.'

'બળ્યું મારૂં જમવાનું ! મને શું ઘા પડી જવાના છે ! હા, તમને ઝટ જમાડી દઉં. જુઓને આ તમારૂં મોં, આજે કેટલું કરમાઈ ગયું છે ! લ્યો ઉઠો, રસોઈ તૈયાર છે.'

'શું બનાવ્યું છે ? આજે તો શીરો, પુરી, વડાનું જમણ જમવું છે.'

'એમ ? ધન્ય ભાગ્ય મારા ! આજે ભોજનની મારા સ્વામિનાથે મારા હૃદયના વહાલાએ પસંદગી કરી ! રોજ આ દાસીને ફરમાવતા હો તો કેવું સારૂં ! હંમેશ મને મૂંઝવણ થાય છે કે એમને શું અનુકૂળ બનાવું ? બહુ સારૂં, હમણાં ઝટપટ બનાવી દઉં છું. ત્યાં સુધી તમે જરા આરામ કરો.' એમ કરી સુંદરી ગઈ રસોઈ કરવા.

ધર્મદાસ દિવાનખાનામાં જઈને સુતો, મનમાં એમ થાય છે કે 'શું એનો વિનય ! કેવો એનો પ્રેમ ! આનામાં ક્યા ગુણની કમી છે ? આ મિત્ર કહેતો હતો પણ અહીં તો જૂદું દેખાય છે, આમાં શું સમજવું ? મિત્ર બિચારો ભોળો લાગે છે. શાસ્ત્રોની વાતોને સર્વાંશે સાચી માની લે છે. શાસ્ત્રે કહ્યું કે 'નારી પ્રપંચની પુતળી; અને સંસારના સંબંધીઓ બધા જ મતલબીઆ છે, સ્વાર્થી છે.' તેથી મિત્રે બધે જ એવું માની લીધું. અહીં તો આ મારી પત્નીમાં જરાય વાંધો નથી દેખાતો. એક પણ અવગુણ નથી. આમાં ક્યાં એનો સ્વાર્થ કે પ્રપંચ





દેખાય છે ? એ તો બિચારી એકલી મારી જ ફિકર કરે છે. ભૂખીને તરસી મારી જ મજુરી કરે છે. જુઓ; આ ભૂખીને ભૂખી ફરી રસોઈ કરવા બેઠી. કેવો પ્રત્યક્ષ દૃષ્ટા છે ! પરોક્ષનું જ્યારે ઉંધુ જણાશે ત્યારે ભડકશે ! હમણાં તો આમ વિચાર તરંગમાં છે ત્યાં અવાજ આવ્યો : 'પધારો, રસોઈ થઈ ગઈ છે.'

વિચારે છે, હવે શું કરવું ? હજી મિત્રે કહેલી પરીક્ષા પૂરી નથી થઈ. પણ આમાં પરીક્ષા કરવા જેવું શું છે ? નકામી મિત્રની ઘેલછાભરી વાતો છે, એમાં ક્યાં કૂચે મરવું ? ઉઠીને જમી લેવા દે.'

પણ પાછું મનમાં થાય છે, 'હા, એક વાત મિત્રની યાદ આવે છે કે અહીં ધર્મની કોઈ લેશ પણ વાત નથી દેખાતી. આખો દિવસ ખાધું નહિ એ જુએ છે, ધર્મસાધના કાંઈ ન કરી એ યાદ નહિ. જ્યારે કાયિક પ્રેમ અને દેહધર્મ તો પશુપંખી'ય બજાવે છે. અમે રાત્રિ-ભોજન નહિ કરનારા આ બાઈના સામ્રાજ્યમાં તો સવારના ઉઠયા ત્યારથી રાતના સુઈએ ત્યાં સુધી ઘંટી ઉઘાડી કલાકે કલાકે મોંમા આવે તે આચડ કૂચડ આરોગે જવાનું ! ન કોઈ વ્રત, ન કોઈ પચ્ચકખાણ ! ન તિથિ, ન પર્વ ! એમ ધર્મની ગંધ ન હોવાથી સંશય તો પડે છે. ત્યારે પરીક્ષાનો પ્રસંગ તો પૂરો ભજવી લેવા દે. જોઉં શું

થાય છે.

એમ વિચારી એ મૌન પડયો રહ્યો. ઉત્તર ન આવ્યો, તેથી પત્નીનો ફરી અવાજ આવ્યો, તોય એ ન બોલ્યો. એટલે સુંદરી ઉઠીને ત્યાં આવી જોઈને કહે છે : 'અહો ! ઊંઘી ગયા લાગે છે ! કેટલા બધા થાકેલા ? લાવ જગાડું.' બૂમ મારે છે 'ઉઠો' પણ ઉઠતો નથી ! તેથી પેલી આને ઢંઢોળે છે. તો આ તો ઢંઢોળતાં જે બાજુએ ઉચકે તે બાજુ ઉચકાઈ પડ્યો રહે છે. જેમ ફેરવે તેમ ફરે છે. પણ જરાય બોલતો નથી, હાલતો નથી.

બાઈને ફાળ પડી કે આ શું ? ઊંઘ કાંઈ આવી ન હોય ? લાવ શ્વાસ જોવા દે. એમ કરી શ્વાસ જોવા નાકે આંગળી ધરે છે. પણ પેલોય પક્કો છે. પ્રાણાયામનો અભ્યાસ કરી લીધો છે, તેથી શ્વાસ સારી રીતે રોકી રાખે છે ! આ બિચારી આમ તો ગામડાનું માણસ, તેને નાડી અને હૃદય પારખવાનું સૂઝતું નથી. હાથ પગ પછડાતાં જોઈ અને શ્વાસ બંધ દેખી કલ્પી લે છે કે 'જરૂર આ મરી ગયા' પતિ મરવાના વિચારથી એને ધ્રાસકો પડે છે ! મોટેથી બોલી ઉઠે છે કે :

'અરે ! એકાએક શું થઈ ગયું ? આમ તો એમને નખમાંય રોગ ન હતો. ત્યારે કેમ આમ બન્યું ? હા, હા, મને સમજાણું, અમારાં બન્નેનું સુખ અને પ્રેમ બીજાને ઈર્ષા કરાવે એવા હતા. એમાં કોઈ દુષ્ટ સ્ત્રીને સહન નહિ થયું હોય, તે જરૂર એણે





આમના ઉપર કામણ કર્યું હશે. ને ભલે એ સવારે કોર્ટનું કામ કહી ગયા. પણ કોઈ લુચ્ચીએ વચમાં એમને પોતાના ઘેર ખેંચી ફસાવી કંઈક ખવરાવી-પીવરાવી દીધું લાગે છે. કેવી પાપિણી એ ?...' એમ બોલતી ચઢી જુદા વિચારમાં, પોતાનું જ મન બગડેલું છે તેથી બહાર બીજાના ઉપર એવી બગડેલી કલ્પના કરી લે છે. પતિ બીજી પત્ની કરીને વધુ સુખી થાય, એ એને ખટકે છે. પોતાને જ ઈર્ષ્યા છે, તેથી બીજામાં ઈર્ષ્યાની કલ્પના કરી લે છે. મનની છૂપી ગડમથલો અંદરને અંદર તેવી તેવી દુનિયા સર્જે છે. અહિં કાંઈ કામણ બામણ નથી. મૃત્યુ નથી. છતાં શંકાશીલ અને સ્વાર્થાંધ મન કલ્પનાઓ ભયંકર કરે છે.

સુંદરીનું મન પહેલેથી જ સ્વાર્થ- રસિકતામાં એટલું બધું બગડેલું છે કે એ માત્ર કોઈએ કામણ ટુમણ કર્યાનો વિચાર કરી બેસી નથી રહેતી, પણ આગળ વધે છે. એમાં વળી એને મન આ માનેલો પતિ-મૃત્યુનો પ્રસંગ એટલો બધો ભયંકર લાગ્યો કે હવે દિલમાં બળાપો ઘણો ઉગ્ર થવા માંડયો છે અને એ બળાપાને સ્ત્રી-સ્વભાવ મુજબ એકલી એકલી પણ મુખેથી બોલવા લાગે છે. એ કહે છે કે :

'હાય હાય ! આ શું થઈ ગયું ? હું ધારતી હતી કે પતિ ધરમ ધરમ બહુ કરતા, તે ય મેં ભૂલાવી દીધું; અને હવે એ

ભરપૂર વિલાસ મને કરવો છે. પાછા રંગ રાગમાં સારી રીતે મને વશ બની ગયા છે. એટલે મારૂં બધું કહ્યું કરશે; અને હું મહારાણી બની દેવતાઈ લીલા ભોગવીશ. એમાં આ શી મોંકાણ વળી ગઈ ? અરેરે ! મારૂં તો બધું જ લુંટાઈ ગયું. મને હવે સંસાર સુખ ક્યાં જોવાનું ? મારે તો હવે જુવાન જોડલાઓને આનંદ મગ્ન જોઈ બળવાનું ! મારા કરતાં તો ચકલા-ચકલી ભાગ્યશાળી કે નિરાંતે આનંદ કરતાં બેઠા છે. મારે હવે જિંદગીભર જરાય ભોગ સુખ ક્યાં જોવાનું ? આ તો મરતા ગયા ને મારતા ગયા ! હાય હાય ! ત્યારે મારો બાપ તે કેવો ગધેડો કે એટલી અક્કલ ન રહી કે લાવ પહેલાં આમનું આયુષ્ય જોષીને બરાબર પૂછી લઉં... એ પૂછ્યું નહિ ને એકદમ ઉતાવળ કરીને આવા ટુંકા આયુષ્યવાળા કરમકૂટલા સાથે ઘર મંડાવ્યું, આના કરતાં કો દીર્ઘાયુષી સાથે સંબંધ બાંધ્યો હોય તો કેવું સારૂં થાત ?'

સુંદરીનો બળાપો વધી ગયો. એમાં કંઈનું કંઈ બોલવાને બકવા માંડી. ધર્મદાસ પડ્યો પડ્યો સાંભળે છે. સાંભળતાં સાંભળતાં એ તો થીજી જ ગયો ! એને એમ થાય છે કે 'અહો ! આ તે પત્ની કે વેશ્યા ! આ મારા પર અસીમ વહાલ દેખાડનારી પોતાનો સ્વાર્થ ઘવાતાં મને કરમ કુટેલો કહે છે ! મરતો ગયો ને મારતો ગયો કહે છે ! માત્ર પોતાના વિષયસુખને જ જૂએ





છે ! ખરેખર શ્રાવક મિત્રની ખરેખરી નજર અને મારા પર લાગણી કે મને આ પરીક્ષા બતાવી ! હજુ જોઉં છું કે આ શું બકે છે !'

'હે ભગવાન ! આ તેં શો જુલમ કર્યો ? તને મારી જરાય દયા ન આવી ? શાનો તને બધા જગત દયાળુ કહે છે ? તું તો ક્રૂર છે. આ મારૂં રમકડું તોડી નાખ્યું ? મારૂં રંગરાગનું વાસણ ફોડી નાખ્યું ? હવે શું હું કરૂં ? ક્યાં જાઉં ? કોને કહું ? હાય ! મને તો વિષયની આગ લાગી છે. ત્યાં આ પત્થરે મારૂં કપાળ ફોડયું ! ને હવે મારે કમાનારો'ય કોણ ? અને પૈસા લાવીને મનમાની સેવા કરનારો ય કોણ ?... હવે રાત પડી ગઈ છે, કાણીયા-મોંકણીયા આવશે અને આખી રાત ધમાલ ચાલશે તે ઠેઠ સવારે આ મડદું બાળવા લઈ જશે, ત્યાં સુધી એમાં મારે લોકને દેખાડવા ખાતર પણ રોકકળ કરવી પડશે, માથાં ને કપાળ કૂટવા પડશે, છાતી પીટયે રાખવી પડશે. અત્યારે મારામાં જોર ક્યાં છે ? આખો દિવસ આ અભાગીયાને સારૂં લગાડવાના લોભમાં મેં ખાધું નથી. ભૂખમાં અડધી થઈ ગઈ છું. તે કૂટવા પીટવાનું ય કેમ કરીને થશે ? ત્યારે આવા શીરાપુરી વડાં કર્યાં; તેય શું ફેંકી દેવાના ? ના, ના, એ તો બન્યું તે બન્યું; એમાં કાંઈ ફરક પડવાનો નથી. હવે તો જરા પેટ ભરી લઉં. તિજોરી તાળાં સંભાળી લઉં પછી

પોક મૂકીને લોકોને ભેગાં કરૂં...'

આ સાંભળી શેઠનો છોકરો તો ચોંકી ઉઠયો ! 'ઓહો ! આ મારી શું મહાસતી પત્ની ? ઓ જુલમ ! હું ક્યાં ભૂલો પડી ગયો ? આટલી બધી હદે આ જઈ શકે છે ?

મને ગાળ ! પોતાના બાપને ગાળ ! ભગવાનને ગાળ ! બધાં બિનહયાત સગાં એ જાણે પિશાચ ! એ એને બિચારીને ખાઈ જનારા ! આમ તો આટઆટલો સ્નેહ બતાવનારી, પાછી હવે મારા મડદા ઉપર શીરા પુરી ખાઈ શક્શે ! આ હું શું જોઈ રહ્યો છું ? ત્યારે દુનિયામાં બધે જ આવું હશે ને ? હોય, અસંભવ નથી લાગતું. કેમકે બધા આમ તો સ્નેહ દેખાડનારા છતાં બીજી અનેક વસ્તુના પ્રેમી હોય છે, સારૂં ખાનપાન ગમે છે, સારૂં કપડું ગમે છે, ઘરેણું ગમે છે. સારાં સન્માન ગમે છે, સારા શબ્દો ગમે છે... યાવત્ પ્રાણ બહુ વહાલા છે. ત્યારે શું આ બધી બીજી વસ્તુ ઉપરના પ્રેમ કરતાં શું આપણા ઉપરનો પ્રેમ બહુ ચઢીયાતો છે એમ માનવું ? એ તો હું બેવકૂફ કે આજ સુધી એમ માન્યું. છે જ નહિ એવો પ્રેમ ! ત્યારે આપણા ઉપરના પ્રેમ કરતાં ચઢીયાતા, અગર સમાન પણ બીજા પ્રેમ જો છે, એ તો અવસરે આપણા નિમિત્તે એ બીજી ગમતી વસ્તુને વાંધો આવતા આપણને દુશ્મન કેમ નહિ દેખે ? પછી એ સહજ છે કે આપણે ખતમ થતા હોઈએ તો હવે એ આપણું





ભલું વિચારવાનું પડતું મૂકી, હવે તો બીજાને સમાવી લેવાનું ઈચ્છશે. અરેરેરે ! હું કેવો આનામાં ભૂલો પડી ઉત્તમ ધર્મસાધના ગુમાવનારો બન્યો ! ખેર ! હજી જોઉં, હજી પરીક્ષા બાકી છે.' એમ કરીને એમ જ પડી રહ્યો સૂતો.

અહીં સુંદરી ઉઠીને ગઈ રસોડામાં ! નિરાંતે પલાઠી મારીને શીરો પુરી વડાં જમી ! જમીને પાછી આવી બબડે છે : 'હાશ હવે સારૂં કૂટાશે. મોટી પોકે પોકે રોઈ શકાશે. પછી કબાટ-ડાબડાં તીજોરી સંભાળી લે છે. એમાં સારા સારા નાણા ઝવેરાત દરદાગીના જોઈને બબડે છે : 'ખરે ! આમને એવા મેં વશ કરી દીધા કે પૈસા નકામા ધર્મમાં એમણે ખર્ચી ન માર્યા. કે બહાર ન ઉડાવ્યા ! એ મર્યા પણ મારે માટે મિલકત મૂડી સારી રહી છે. આટલું સચવાય તોય ઘણું. પણ હા, મૂડીને એકલીને શું કરવાની ? ઉપાડવાની ? હવે દિલના ઉછરંગ ઉમળકા તૃપ્ત ક્યાં કરવાના ? કામના આનંદ ક્યાં લૂંટવાના ?...' એમ બબડતી બેઠી ધર્મદાસ પાસે, અને ઘુમટો તાણી મોટી પોક મૂકીને આક્રંદ કરવા માંડયું.

'ઓ મારા બાપા રે !... આ હું જીવતી મરી રે... આ મારૂં કપાળ ફૂટી ગયું રે... ઓ મારી મા રે... આ હું કપાઈ મરી રે... અરેરે મારૂં પેટ ફૂટયું રે... ઓ મારા ભગવાન રે... તેં તો મને આ જીવતી બાળી રે હેં હે... હેં હેં... હેંહે...'

પોક સાંભળીને લોક એકદમ ભેગું થઈ ગયું. પૂછે છે : 'શું થયું ? શું થયું ?'

'શું કપાળ પૂછો છો ? આ જુઓને કોઈ રાંડે આમને કામણ કર્યું કે શું થયું, આ મરી ગયા. મારૂં નસીબ ફૂટી ગયું... આ મને જહન્નમમાં ઉતારી. ઓ મારી મા... રે... હાય હાય ! આ મરતા ગયા ને મને મારતાં ગયા ! હવે મનેય કેમ મોત નથી આવતું ?'

લોકો સમજ્યા કે પતિ એનો મરી ગયો છે; તેની આ પોક છે, એને સમજાવે છે :

'બેન ! થયું તે થયું. હવે શોક કર્યે શું વળે ? ભગવનાનને ગમ્યું તે ખરૂં.' જાણે ભગવાન એટલે મારનાર ! કેવી ઘેલી માન્યતા ! સુંદરી ભભૂકે છે : 'શું રાખ ભગવાનને ગમ્યું ? ભગવાન તે કેવો હારામી તે કોઈ ડોસલા ન મળ્યા તે અહીં ધાડ લાવ્યો ? અને મને આ જીવતી મારી નાખી ? વળી કોઈ ડાહ્યો કહેનાર નીકળ્યો :

'બેન ! ભગવાન તો કશું કરતાં નથી. ભગવાનને'ય મોત આવ્યું હતું પણ આ તો ભાગ્ય આગળ કોનું ચાલે છે ? હવે તો બાઈ શાંતિ પકડો; અને લાવો ખાપણ-બાંપણ, કરીએ ઠાઠડી તૈયાર. પણ પહેલાં આમને નીચે ઉતારવા પડશે.'





એમ કરી બે જણા ધર્મદાસને ઉપાડવા જાય છે. પણ ત્યાં એક મુશ્કેલી થઈ. ધર્મદાસ સુતો હતો તે વચ્ચમાં રહેલા થાંભલાને બે પગની આંટી મારીને સુતેલો, એટલે પગ છૂટયા નહિ પેલો જરા જોર રાખે છે, પણ આય લટ્ટબાજ છે; પગની આંટી પર જોર રાખે છે, તેથી પગ છૂટતા નથી. એટલે એ મસાણીઆ બાઈને કહે છે,

'બેન ! કરવતી હોય તો લાવો. તો આ થાંભલો કાપી નાંખીએ અને આમને આમ ઉપાડી લઈએ.' ત્યારે બાઈને મનમાં ફફડાટ થયો ! એ પેલાને નજીકમાં બોલાવી કહે છે :

'તમારામાં તે અક્કલ છે ? આ હું વિધવા થઈ. હવે મને કોણ કમાવી દેનાર રહ્યું તે તમે આ રતનનો થાંભલો કાપી નાખો છો ? એ તો હવે આમે'ય મરી ગયા છે; અને એમના મડદાને તો બાળી મૂકવાનું છે. પછી શું કરવું, તે તમે એટલું'ય સમજતાં નથી, મારા ભાઈ ?'

મસાણીયો બોલ્યો : 'હા, હા, ખરી વાત તમારી ! અમે સમજી ગયા, સમજી ગયા, લાવો પગ જ કાપી નાખીએ.'

ધર્મદાસને મરેલો જાણી એની નજીક જ આ વાત થઈ, ને તેથી એના સાંભળવામાં આવી. એ સાંભળીને તો ધર્મદાસ સજ્જડ થઈ ગયો. એને એમ થયું કે 'આ હું શું સાંભળું છું ! આવી સ્ત્રીને હું મહાસતી સીતા ગણતો હતો ?'

ત્યારે કહો જોઉં, પરીક્ષા કરવાની છે, તેમાં આમ શું જોવાનું કે નહિ કે કરવતથી કેટલું કાપે છે જોવા દે ? ના રે ના ! આ ધર્મદાસ તો ઝટ વિચારે છે. આ તો પરીક્ષા ! ખેર ! બાયડી ગમે તેવી, પણ હવે જો ! મારા પગ પર કરવત મૂકે, તો હું તો મર્યો જ સમજો ! હવે મિત્રે કહેલી પરીક્ષાવિધિ પણ પુરી થઈ છે, તેથી હવે ઉઠું. એમ બાઈએ આપેલી કરવત જ્યાં પેલા પગ ઉપર મૂકવા આવ્યા કે ધર્મદાસ સડપ ઉઠ્યો ! એથી કંઈક લોક ભડ્ક્યા અને કંઈક સમજ્યા કે આ તો ધણી ધણીઆણીએ આપણી મશ્કરી કરવાનો ઘાટ ઘડ્યો એમાં પગ પર કરવત મૂકવા સુધી આપણે મૂર્ખા બન્યા તેથી શરમાઈ ગયાં એટલે ત્યાંથી ઝટપટ ઊઠીને નીચે ઉતરી ચાલતા થઈ ગયા.

પણ સુંદરી ક્યાં જાય ? હવે ધર્મદાસ એનો ઉધડો લે છે :

'કેમ શું આ ? આ તમારો પ્રેમ અને આ તમારૂં સતીપણું ? કોઈએ કામણ કર્યું ? કે તમે જ કર્યું ? હું મર્યો માટે હું કપાળ ફૂટેલો અભાગીયો, અને તમે જીવતા માટે આખા કપાળના ? બાપે બીજો સારો ધણી ન કર્યો, માટે બાપ ગધેડો, અને હું ખરાબ ? ત્યારે તમારે તો માત્ર ચકલીની જેમ માત્ર વિષય સુખ જ જોઈતા હતા ? ચામડાની રમત જ ખપતી હતી ? તે તમારાં કરતાં તમે ચકલા સારા માન્યા ! અને તમને





આ બધું દુ :ખ ભગવાને દીધું ? તે ભગવાનનેય હરામી કહેતાં તમને આંચકો ન આવ્યો ? આમ તો તમે મને કહેતા હતા કે 'તમને જરા તકલીફ થાય, ત્યાં મારો તો પ્રાણ જવા જેવું થાય. અને એ જોવા પહેલાં મારૂં મોત કેમ નથી થતું ? તો પછી મારા મડદાં ઉપર આ શીરા પુરી, વડાં ગળે કેમ ઉતર્યા ? અહીં તો મને સામાન્ય તકલીફ નહિ, પણ આખું મૃત્યુ થઈ ગયું. તોય તમને જરાયે તકલીફ પણ ન થઈ ? તેં શીરો ભાવ્યો, પુરી ગમી, વડાં ટેસથી ખાધા ! ઉપર પાછા તિજોરી તાળા સંભાળી મિલ્કત મૂડી બદલ ખુશી થયાં ! ધન્ય તમારા જન્મને ! આમાં કયાંય ધરમ યાદ આવ્યો ? શાનો યાદ આવે ? તમે તો મનેય ધર્મ ભૂલાવી દીધો ! અને હું ધર્મ ભૂલી પાપમાં મસ્ત બન્યો, એથી તમે રાજી થયા ! તો પછી તમારે જાતે શાનો ધર્મ યાદ કરવાનો હોય ? વળી લોકને જે કહેવા નીકળ્યા કે મારૂં કપાળ ફૂટી ગયું કે મારું ? તમે તો જીવતા બેઠા હતા તે હવે સમજીને મોહ દૂર કરી શકત ! ધર્મ કરીને ભવ સુધારી શકત ! પુણ્યવંતા બની શકત ! કપાળ તો મારું ફૂટેલું ગણાય, કે હું તમારી મોહ મદિરા પી તમારા વિષય-કીચડમાં ભૂંડની જેમ મહાલ્યા, ધર્મ ભૂલ્યો. અને એટલા પાપ કર્યાં; તે અહીં જો ખરેખર મર્યો હોત તો મરીને કયાંય દુર્ગતિમાં ગયો હોત ! પાછું બાકી રહ્યું હતું તે મારા અત્યંત

પ્રેમી કહેનારા તમે થાંભલાને બદલે મારા જ પગ પર કરવત મૂકવાનું કર્યું ? ક્યાં છે આમાં પ્રેમનો છાંટો સરખો ય ? દંભ તે કેટલો બધો ? ભલું થજો કે સુઝાડનારે સાચી બુદ્ધિ સુઝાડીને આ તમારી દંભલીલા જોવા મળી ! કોના પેટના તમે ? તમારી તે કઈ જાત અને કઈ ભાત ?'

'અરે ! તને કાંઈ જ શરમ ન આવી ? તને એટલો પણ વિચાર ન આવ્યો કે આ ઉચ્ચ કોટિના માનવજીવનનું ખાવુપીવું એ નથી, પરંતુ કોઈ ઉચ્ચ ગુણસાધના અને ધર્મસાધના છે. આટલી ઈન્દ્રિયોની ગુલામીમાં અહીં જ તું કેટલી બધી મૂર્ખ બની ? જે આપણા મહાન હૃદયમંદિરમાં પરમાત્માને વસાવી શકાય; વસાવવા જોઈએ; એમાં એમને મૂકી આ લક્ષ્મીનો પ્રેમ અને વિષયરાગ રૂપી ચંડાલને વસાવ્યાથી કેટલી અધમ વિચારણા અને અધમ પ્રવૃત્તિમાં પડવું પડ્યું ? આ બધું ધાંધલ ન કર્યું હોત તો ક્યાં આ બધું ખાવાપીવાનું ભાગી જવાનું હતું ? એમાં સારૂ કેટલું દેખાત ! પણ તને કાંઈ મારા પરલોકનો વિચાર આવ્યો ? ના, પોતાના પરલોકનો વિચાર નહિં, તો મારો તો શાનો જ આવે ? જોવું જોઈતું હતું કે ખેર ! આપણે ઠેઠ રતનનો થાંભલો બચાવીને સારૂ ખાઈ પી લીધું. પણ પછીય કોક વાર મરવાનું તો ખરૂને ? તો મર્યા પછી આપણું શું ? ક્યાં જઈ ઊભા રહેવાનું ? ઝાડ-પાન, કીડા-કીડી, પશુ-





પંખી વગેરેની કક્ષાઓ વટાવી આટલી ઊંચી માનવની કક્ષાએ આવી રૂડા વીતરાગ પરમાત્માને ભૂલી એમના ધર્મને ભૂલી જાતેય જીવન બરબાદ કર્યે રાખ્યું અને મને'ય બરબાદીમાં ફસાવ્યો ! ! ત્યારે હુંય કેવો અભાગીયો કે મારી જાતનો હિતવિચાર ભૂલ્યો અને આ મારી વહાલી પત્ની ને પણ મેં ભલું ન સુઝાડયું ! બોલતાં બોલતાં આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા.

સુંદરી આમ તો સજ્જડ થઈ ગઈ હતી; પણ પતિના છેલ્લા ગળગળા થવા ઉપર પોતે'ય રડી ઊઠી. પોતાની ભયંકર ભૂલ સમજી પતિના પગમાં પડી ચોધાર આંસુએ રડે છે. પોતાનું કપટ કબૂલ કરે છે; હવે કહે તેમ વર્તવા તૈયારી બતાવે છે.

અંતે ધર્મદાસ એને ધર્મ સમજાવે છે. ગુરુ મહારાજના ઉપદેશના સંપર્કમાં લઈ જાય છે. ચારિત્રજીવનની તૈયારી માટે ઉચ્ચ ધર્મી ગૃહસ્થ જીવનના વ્રત નિયમો લઈ પાળે છે. દેવભક્તિ, ગુરુભક્તિ, ધર્મની અનેક ક્રિયાઓ ત્યાગ, તપસ્યા, જ્ઞાન, ધ્યાનમાં, લીન બને છે. બ્રહ્મચર્ય પાળે છે, અને અવસર આવતાં બંનેય બળીયા બની ચારિત્ર માર્ગે સંચરી આત્મકલ્યાણ સાધે છે ! ધર્મી મિત્ર પણ એમનું જ દૃષ્ટાંત લઈ સંસારને અસાર-અસ્થિર સમજી સાધુ બને છે. સ્વપરના મહાન ઉપકારને કરી સદ્‌ગતિ પામે છે. ત્રણેય જણે જીવનને એમ ધન્ય બનાવ્યું.

# ૮.

# બહિર્દર્શનની લીલા

*(જીવન ભરખી જાય છે બહિર્દર્શનનું પાપ. આત્મભાવનાની કાવ્ય મધુરલીલા લોપાઈ જાય છે બહિર્દર્શનના પાપે. પતનકાળના ધ્વંસકારી આઘાતો લાગે છે બહિર્દર્શનના પાપો. વૈરાગ્યરસે સિંચાતી જીવનવાડી વેરાન-ઉજ્જડ બને છે બહિર્દર્શનના પાપો. ત્યજો, સવેળા ત્યજો, એ પાપકારી બહિર્દર્શનને.*

*બહિર્દર્શન એટલે સ્વચ્છંદ મનનો અને ઈંદ્રિયોનો સ્વેચ્છિત વિહાર. આ સ્વેચ્છિત વિહારની દેખીતી નાનીશી પ્રવૃત્તિ પર મહાપતનનાં પગરાણ થાય છે. બહિર્દર્શન કરવા આકર્ષાય છે મનુષ્ય કોઈ મનનો તોષ પ્રાપ્ત કરવા, કોઈ કાયાની સુખશય્યા શોધવા ! પરંતુ બહિર્દર્શન એટલે કલ્પનાનું એક લુકૂખું ઉડ્ડયન છે, કે જે સત્ય પર આશ્રિત નથી; અને પારમાર્થિક અસત્યના ગગનમાં ઉડતું એ કલ્પના-યાન જ્યારે પતનની ગર્તામાં તૂટી પડે છે ત્યારે ભાંગ્યા હૈયાની દર્દભરી ચીસો ભલા કોણ સાંભળવા સજ્જ હોય છે ?*

*પૂ. ગુરૂદેવશ્રીએ આ કથામાં બહિર્દર્શનનું એવું માર્મિક ચિત્રાણ કર્યું છે કે એ ચિત્રાણને નિરખતાં જ આંતરદર્શનની દિશામાં હૃદય ઉપડે છે.*

*''પ્રિયદર્શન'')*

D : VARTA VIHAR /**VARTA VIHAR- 8**.pm6.5 -
1st proof/ 5-2-14 / **2nd proof - 15-4-14** / CREATIVE



**એ**ક નગરમાં ધનદ નામે એક શેઠ વસતો હતો. એટલો બધો એ ધનવાન હતો કે નગરમાં કહેવાતું- 'ખુદ કુબેર દેવતા પણ આની આગળ ઝાંખો લાગે !' બાકી જગતમાં તો ધનના પાપે કેટલાય દુષ્કૃત્યો ચાલે છે. પણ અહીંયા બધું છતાં એ સુશીલ હતો, સદાચારી હતો. રંગરાગની સામગ્રી ભરપૂર મળ્યા પછી રંગરાગની સીમા બાંધી અન્યાયી રંગરાગ કે જેને દુરાચાર કહેવાય, એનાથી બચવું કેટકેટલું કઠીન છે ! એ દુનિયામાં નજરે ચઢે છે.

ધનદ શેઠ લક્ષ્મીવાન હોવા છતાં જે સદાચારી હતો, તેમ તેનો સ્વભાવ પણ નમ્ર અને પરોપકારી હતો. આ એની વિશેષતા હતી કે જે કેઈ જન્મોની તપસ્યા પછી સિદ્ધ થાય છે. જો આપણામાં આ વિશેષતા દેખાતી હોય તો આશ્વાસન લેવાનું કે આપણે જગતના અનંતા જીવો કરતાં અને અનંત કાળપૂર્વેની આપણી જ સ્થિતિ કરતાં ઘણા ઉંચે ચઢ્યા છીએ.

ધનદની પત્ની પણ એવી છે. હા, કંઈક અહંત્વવાળી ખરી; છતાં સુશીલ અને પરોપકારી છે. આ બધું હોવા છતાં આપણે એ જોવાનું છે કે બહિર્દર્શન જીવને કેવો અવસરે ભૂલાવે છે !

એક વખતનો પ્રસંગ છે. શેઠ વેપાર અર્થે પરદેશ ગયેલા છે. અહીં નગરમાં એક સંગીતકાર આવેલો છે. એ એવું તો દિલચસ્પી ગાય છે કે સાંભળનારને એકતાન કરી દે છે ! કવિ

D : VARTA VIHAR /**VARTA VIHAR- 8**.pm6.5 -
1st proof/ 5-2-14 / **2nd proof - 15-4-14** / CREATIVE

તો માત્ર કાવ્યમાં શૃંગાર, વીર, અદ્‌ભુત કે શાંત વગેરે રસો ભરે, પણ આ સંગીતકાર તો મનુષ્યને એનો સીધો જ સ્વાદ ચખાડે છે, એનું સીધું જ સંવેદન કરાવી નચાવે છે નગરના લોકો એના ગીત આગળ ઉમટી પડે છે. જીવને જન્મ્યા પછી શું જોઈએ છે ? બહિર્દર્શન કે આંતરદર્શન ? ત્યારે પૂછો કે :

પ્ર. પણ ભાઈસાબ ! સારૂં જોવાનું મળે; પછી મન ન થાય ?

ઉ.- ના, ન થાય. અંદરમાં જોવાનું ઓછું હોય તો થાય; પણ અંદરમાં ઓછું ક્યાં છે ?

જેવું બહાર મોટું જગત છે, એવું અંદર પણ વિશાળ જગત છે ! આત્માનો અનંતો ભૂતકાળ, એમાં એની કેવી કેવી જાતની દુર્દશા થયેલી ! છતાંય કેવી કેવી અવળચંડાઈ, કેવા કેવા વિચિત્ર ભવો, આ બધું જોવા વિચારવાનું મળે છે, તેવી રીતે પરમાત્માની કઈ કઈ વિશેષતાઓ, એમનું સ્વરૂપ, એમના અનંતગુણ, એમનું ભવ્યજીવન, એમની અલૌકિક શક્તિઓ, એમના લોકોત્તર ઉપકારો વગેરે ઘણું ઘણું અંદરમાં જોવાનું પડેલું છે. પણ લોકને આ જોવાનું ક્યાંથી આવડે ? ક્યાંથી સુલભ હોય ? તેથી લોકને બહારનું કંઈ મળતાં કૂદે જ ને ?

સંગીત સાંભળવા ગવૈયાની આગળ રોજ લોકો ટોળે વળવા માંડયા. એમાં એક દિવસ આ શેઠાણીની દાસીઓ પણ બહાર ગયેલી તે સાંભળવા ઊભી. રસ પડયો એટલે ક્યાંય સુધી





ઊભી રહી. ગાયન પુરૂં થતાં માડેથી ઘર ભેગી થઈ. અહીં તો શેઠાણી ધુંઆ-ફુઆં થઈ ગયેલી ! જેવી દાસીઓ ઘરમાં આવી, કે એની જડતી લઈ નાખે છે !

લક્ષ્મીવાન માણસો કેટલીકવાર આવા પ્રસંગથી ઘમંડી દેખાય છે, પરંતુ એવું પણ બને છે કે નોકરીયાત માણસો અગર હાથ નીચેના માણસો પર જો અંકુશ નથી રાખવામાં આવતો તો એ શિસ્ત અને વિવેક ભૂલી જાય છે. માટે અંકુશની ખાસ જરૂર હોય છે. છતાં એટલું ચોક્કસ છે કે ઉદાર અને પ્રેમાળ દિલથી એ અંકુશ દાખવવો જોઈએ. શેઠાણી દાસીઓને ધમકાવે છે.

ક્યાં ગઈ હતી અત્યાર સુધી ? ભાન નથી ? ભટકતીઓ... આમ નોકરા થતા હશે ? શું સમજો છો તમારા મનમાં... ? શેઠાણીએ ખૂબ તતડાવી, એટલે દાસીઓ કહે છે :

'પણ સાંભળો તો ખરા, બાઈ સાહેબ ! અમે શું કંઈ સમજતા નથી ? એમ જ વાર થઈ હશે ?...

એટલે દાસી કહે છે : 'આજે તો એક અદ્‌ભુત ગવૈયો જોયો નગરમાં ! શું એનું ગાયન ? શું એનો કંઠ ! જાણે સ્વર્ગમાંથી ગંધર્વ ઉતારી આવ્યો ! એ એમને એમ બતાવી શકાય એમ નથી ટૂંકમાં જ સમજી જાઓ, કે અપૂર્વ ચીજ ! દાસીએ એવાં વર્ણન કર્યાં કે : બાઈસાહેબ, શું વાત કરૂં !

નગરનાં ટોળેટાળાં એ સંગીત સાંભળવા ઉમટે છે ! કેવું સરસ એનું મહામધુરૂં ગીત ! શું એનો ગળાનો રણકો નીકળે છે ! દાસી જ્યાં રણકો બોલે છે, કે શેઠાણીને સામે રણકો દેખાય છે ! માણસ ક્યાં ભૂલે છે તેનો કોઈ નિયમ છે ? આમ તો શેઠાણી પવિત્ર છે. પતિ બહારગામ છે, છતાં પોતે ઘરે બેઠી પતિનું આંતરદર્શન કરી આનંદ માને છે ! પતિના વિરહમાં એને ગાયિકાની જેમ બીજાઓના રૂપરંગ જોવાનું, તેવા તેવા વેશ-ચેનચાળા કરવાનું, જ્યાં ત્યાં ભટકવાનું કે ટાયલાં કરવાનું એને આવડતું નથી. છતાં બહિર્દર્શન ભૂંડા તે ભૂંડા જ ! બાહ્ય ઈન્દ્રિયના કોઈ ને કોઈ વિષય કે એના વર્ણન જીવને આકર્ષી ક્યાંનો ક્યાંય ઉંચકી પછાડે છે. જો જો, એક સામાન્ય દૂષણથી માંડી વધારે પડતો ઉધમાત એકવાર માણસમાં પેસે કે આજના કાળમાં દુરાચારી બનવું સાવ સહેલું ! કોઈ ટોકનાર ન મળે.

દાસીના વર્ણન પર શેઠાણીને વિચાર આવ્યો કે 'મારાથી એવા ગાયન કેમ સંભળાય ? તે વળી બહાર જઈને ? ગાયન કોણ જાણે કેવાં ય બિભત્સ કે શૃંગારી હોય તો ? એમાં મારી ખાનદાની લાજે ! સુશીલતા ઘવાય... ત્યારે સારૂં સાંભળવા કાંઈ એવા રખડતા માણસને શું ઘરમાં બોલાવાય ? કાંઈ નહિ. આ બધુ જ અણઘટતું છે.' મનોમન આમ વિચારીને દાસીને કહે છે :





'આપણે કાંઈ સાંભળવું નથી.'

કુલવટ અને સુશીલતાના ખ્યાલે એક વાર તો બહિર્દર્શનને ફાલવા ફૂલવા ન દીધું. તો પૂછો ને-

પ્ર.- ત્યારે એમ બધું જતું કરીએ તો જોયા વિના રહી જ જવાય ને ?

ઉ.- એમ માનશો તો પછી જગતમાં ઘણું ઘણું અપરંપાર પડયું છે, કે જે જોયા વિના તમે રહી ગયા અને રહી જવાના છો; એટલે હવે શું કરવું છે ? રહી ગયાની પોક મૂકવી છે ? કે જોવા માટે બહાર નીકળી પડવું છે ? અરે ! સમજે છે કેટલુંક સામે આવી ઊભું હશે, છતાં સુશીલતાની રૂએ જોઈ ન શકાય ! જોવા જાણવા જેવું કેટલુંય સજ્જનતાની રૂએ પૂછી નહિ શકાય. ત્યારે આમ સજ્જનતાની દૃષ્ટિએ અશક્યતાના હિસાબે પણ ઘણું જોવાનું રહી જાય છે, તો એનો શોક શો કરવો ? ના, બસ તેવી રીતે મનને સમજાવી દેવાનું, કે આમે'ય દુનિયામાં ઘણું જોયા જાણ્યા વિનાનું જાય છે; તો વધારામાં આ સામે આવેલું ય જતું કરવાનું.

અહીં પહલે તબકકે તો શેઠાણીએ મન દબાવ્યું. પણ પેલી દાસી હલકા લોહીની, તે જપે એમ નહોતી ! દાસી કહે છે :

'બાઈ સાહેબ ! આ સાધારણ સંગીત સમજતા નહિ. આ તો સ્વર્ગપુરીનું સંગીત, સ્વર્ગપુરીનું ! બીજુ ઘણું ઘણું જતું

કરો, પણ આ જતું કરવા જેવું નથી. પછી ચારેકોર લોકોની પ્રશંસા સાંભળીને એમ થશે કે સહેજ જોવામાંથી ય આપણે રહી ગયા ! આપના ઉપર મારો અધિકાર નથી. આ તો મને લાગે છે તે કહું છું; બાકી આપની આગળ તો હું સાવ મૂર્ખ છું. મને કાંઈક લાગ્યું છે, તેથી આગ્રહ કરું ત્યારે આપણે પણ જરાક અનુભવ તો કરવો કે સંગીત એનું કેવુંક છે ! અને જરાક એવું સાંભળવામાં બગડેય છે શું ?

અયોગ્ય કાર્ય અને અણછાજતી પ્રવૃત્તિને જરાક પ્રમાણમાં પણ વાંધા વિનાની માનો, એટલે સમજી લ્યો કે બાર વાગ્યા ! એ મનાવે છે તે શેતાનવૃત્તિ છે ! દિવ્યવૃત્તિ તો એમ કરાવે કે ખરાબ તે ખરાબ. એની ગંધ પણ નહિ લેવાની. અનુચિત કાર્યનો પડછાયો પણ ન જોઈએ. હશે, જરાકમાં વાંધો નહિ. તે એવી, એથીય મોટી શેતાનની વૃત્તિના હૃદયમાં કેટલીકવાર ઝઘડા ચાલે છે. જીવ જે પક્ષમાં હોય તેનો વિજય થાય છે. શેઠાણી હવે શેતાનવૃત્તિની પડખે ચઢી ! દાસીને કહે છે :

'જો એમ હોય તો એવું સ્થળ અને સમય નક્કી કર, કે જ્યાં આપણે છૂપી રીતે જઈ સાંભળી લઈએ.'

દાસીઓએ સમય નક્કી કર્યા મુજબ શેઠાણી રાત્રે નીકળી. દાસીઓ સાથે છે. ગામબહાર પહોંચી તો ખરી પણ ત્યાં





દાસીઓ તપાસ કરે છે તો પેલા ગવૈયાને સુતેલો જોયો. કાર્યક્રમ પતી ગયો હતો એટલે મંદિરના ઓટલે ગવૈયો સૂઈ ગયો હતો. દાસીઓ શેઠાણીને કહે છે : 'કહો તો જગાડીએ...' પણ અહીં શેઠાણી એકાએક ના કહે છે ! કેમ વારૂ ? શું સંગીત નથી સાંભળવું ? સાંભળવું છે. પરંતુ બહિર્દર્શનના નાટક વિચિત્ર છે. જેને બહિર્દર્શનનો રંગ લાગ્યો પછી તો બીજું બહિર્દર્શન પણ એને ખેંચે છે. કેમકે જગતમાં ચીજ-વસ્તુનો પાર નથી. એમાં વળી મનને તરંગો અપરંપાર ! લાગણીઓના પલટા ઘણા ! કંઈક બહિર્દર્શન જાગ્યું કે હવે સંગીતકારને સાંભળવો નથી ! શાથી ?

દાસીને શેઠાણી કહે છે : 'ના, ના, જગાડવાનું કંઈ કામ નથી. જોઈ લીધો તમારા સંગીતકારને. જેના રૂપરંગના ઠેકાણાં નથી, એ શું ગાતો હશે ?' કર્મ કેવા કામ કરે છે, તે જુઓ. આ ગવૈયાનો સુસ્વર એવો છે, કે બધાને ટપી જાય ! જ્યારે બીજીબાજુ નાક ચીબડું છે ! પેટ મોટું છે ને છાતી નાની છે ! માથું ત્રિકોણ છે, કદે ઠીંગણો છે ! શેઠાણી આને જોઈને વિચારે છે : 'આનામાં તે વળી શું બળ્યું હશે ? દાસી ભલેને વખાણ કરે. કંઈ કામ નથી એનું. ચાલો પાછા !' એમ વિચારી શેઠાણી પાછી વળવા જાય છે, પણ એક અડપલું કરીને જાય છે ! પોતાના રૂપનું શેઠાણીને ગુમાન છે એટલે આ કદરૂપા

ગવૈયા પર થૂંકીને ગઈ.

ગવૈયાની આજુબાજુના બીજા માણસો જાગતા હતા. એટલે શેઠાણીના ગયા પછી આ ગવૈયો તરત જાગ્યો કે પેલા લોકોએ કહ્યું : 'શું ઉંઘ્યા કરે છે ? આજે નગરનો નામી શેઠ જે કહેવાય તેની પત્ની આવેલી. તે તારા પર 'કેવો કુબડો...' એમ કરી થૂંકીને ગઈ.' લોક પણ કેવું છે ! લડાઈ શાંત કરવા નહિ પણ ઝઘડાવવા તૈયાર ! ગંભીરતામાં નહિ પણ ચાડીમાં ચાલાક !

ગવૈયો કહે છે :

'એમ ? ઠીક છે. આજે એના બરાબર બાર વગાડું. સવાર ન થવા દઉં. હું પણ કલાબાજ છું.' કલાબાજ કે તાલંબાજ ? કળાના આવા ખેલ બતાવવા ઈચ્છે તે કલાબાજ કહેવાય કે તાલંબાજ ? ભલેને વેપારની કળાવાળો હોય, પણ 'આજે બજાર આખાને બતાવી આપું; કોર્નર કરૂં. તો તેને શું કહેવાય ? બહિર્દર્શનના નાટક કેવા ભયંકર છે ? આ સંગીતકારને શેઠાણીના ગુમાનનાં દર્શન થતાં અંદરથી શેતાન જાગ્યો !

ગવૈયાએ બરાબર શેઠશેઠાણીની બાતમી મેળવી લીધી. શેઠ કોણ છે, ક્યાં છે ? વગેરે જાણી લીધું અને એના પર એક આખ્યાન જોડ્યું. ગળું પાસે જ છે ! શેઠની શેરી આગળ જ મોરચો નાખ્યો ! વીણા અને સારંગીના તાર મેળવીને ચાલુ કર્યું.





'હે... તમો તો શેઠ મહાસોભાગી...'

'વાહ ! શેઠ ! તમારૂં નામ જ સોભાગી ! તમારી ચીજો પણ સોભાગી... તમે તો શેઠ, ઉપડ્યા દેશાવર... ઓહો ! ત્યાં તમારા માલનાં નાણાં તો બમણાં ને ત્રણ ગુણાં... દસ ગુણાં.. થઈ ગયાં ! શેઠ ! તમે તો મહાસોભાગી... !

'ચાંદીના બદલે હવે તો તમે રત્નોની કોથળીઓ ભરો છો ! આહા... તે સમાચાર મેં તમારા ઘેર ન પહોંચાડ્યા... તમે તો મહાસોભાગી...'

સંગીતનો મહિમા એવો છે કે, જેવું સંગીતમાં બોલાય, તેવા સામાના તાર ઝણઝણાવે !

શેઠાણી બહારથી આવીને સૂતી નહિ હોય, ત્યાં સંગીતકારનું સંગીત શરૂ થયું છે ! શરૂ થતાં જ શેઠાણીના કાન સળવા થયા; વિચારે-'ઓહો ! શું આવો સૂર પણ જગતમાં હોય છે ? અને પાછી વાત બધી મારા સ્વાર્થની કરે છે ! બહુ સરસ ! શેઠાણીના હૃદયમાં આ મનોમંથન ચાલે છે, ત્યાં તો પેલાએ આગળ ચલાવ્યું :

'શેઠજી ! શું તમારાં સન્માન ! ત્યાંના રાજાએ તમને મહેલ આપ્યો ! એ... રોજ તેડવા મૂકવા તમારે માટે ખાસ શિબિકા આવે છે !... એ... એ... વેપાર આગળ વધ્યો... નાણાં વધ્યાં... એ... શેઠજી, તમે મહાસોભાગી !'

શેઠાણી જેમ જેમ સાંભળતી જાય છે, તેમ તેમ ઈંતેજારી વધતી જાય છે ! મનમાં કહે છે : 'હવે આગળ શું થયું. તે કહેને...'

ત્યાં પેલા ગવૈયાએ આગળ લલકાર્યું :

'એ... એ... પછી તો બંધ કર્યો વ્યાપાર, વળીયાં પાછા ઘરને દ્વાર.

વાહ શેઠ ! રાજાનો પરિવારને સૈન્ય તમને વાજતે-ગાજતે મૂકવા આવ્યો ! તમે ગામ બહાર આવી લાગ્યા... લોક તો બિચારૂ રડે છે ચોધાર આસુંએ, એ...હે... હે... હે... નગર સુધી આવી લાગ્યા... હવે તો અહીંથી ત્રણ ગામનું જ છેટું છે ! એ.... શેઠ તમે મહાસોભાગી ! ના, ના, હવે તો ત્રણ ગાઉનું જ છેટું રહ્યું છે... અહીંના રાજાને પણ ખબર પડી ગઈ... તેણે પણ શેઠ, તમારા સન્માન કેવાં કર્યાં... !

ગવૈયો એમ કલ્પના-કાવ્યમાં શેઠને ઠેઠ નગરના નાકે લઈ આવ્યો !

'હવે તો રાજા ખુદ શેઠનાં વધામણાં કરે છે ! આખું નગર શેઠની સમૃદ્ધિ જોવા ઊમટી પડયું... વાહ શેઠ વાહ ! તમારા તો હું શું ગુણગાન ગાઉં... ! શેઠજી, તમે તો હવે શેરીના નાકે આવી પહોંચ્યા... એ !'

આ સાંભળતાં જ પેલી શેઠાણી, પાંચમાં મજલે અગાશીમાં





ઊભી છે, તે શેઠને મળવા આગળ ધસે છે ! શ્રોત્રેન્દ્રિયના બહિર્દર્શનમાં શેઠાણી ભૂલી પડી ગઈ ! અગાશીમાં શેઠાણી આગળ ચાલી !

કાવ્યનો પ્રવાહ હવે જોરદાર ચાલ્યો.

'ઓહો ! હવે તો એમના મહેલના દરવાજે આવી પહોંચ્યા...'

બાઈના મનમાં 'હેં શેઠ આવી ગયા ? હું વધામણાં કરૂં...' એમ કરીને તે આગળ ચાલી. અગાશી ખુલ્લી છે... આગળ ચાલતાં શેઠાણી પડી નીચે ! ધડાક દઈને ભડાકો થયો ! ચારેકોર શેરીવાળા જાગી ગયા... પેલા ગવૈયાએ પણ જાણ્યું કે પોતાનું ધાર્યું પતી ગયું છે... એટલે ઉઠીને એ પલાયન થઈ ગયો ! શેઠાણી પહોંચી ગઈ જમના દ્વારે !

બહિર્દર્શનની આ તાંડવલીલા ! વિચારવું જોઈએ કે જગતમાં તો જોવાનું પાર વિનાનું છે, પરંતુ ડાફોળિયા મારી મારી એ જોવા જઈએ છીએ એમાંથી આપણને શું સારભૂત મળે છે ? કશું જ નહિ. બાહ્યદર્શન વ્યર્થ છે. માટે આંતરદર્શન કરો.

# ૯.

# ચંબૂજી ચપ્પણીયાવાળા

*(સ્વભાવે શુદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન અને નિરાકાર આતમ આજે અશુદ્ધ-અજ્ઞાની-બદ્ધ-કર્મઅંજનથી રંગાયેલો અને દેહધારી કેમ ભલા ?*

*નિર્વિકારી અને અજર-અમર એવો આતમ આજે વિકારોની લોહ-શૃંખલાઓથી જકડાયેલો, જરા અને મરણની તાંડવ-લીલામાં નૃત્ય કરતો કેમ રે ?*

*સદાશિવ, અચલ, અવિનાશી, અનંતવાસી અને અખંડ એવો આતમ રિબામણીમાં હિબકીને રોતો, કાળની અવિરત અરઘટમાં ભમતો અવિનાશની કાલિમાથી ગ્રસ્ત, અને આત્મગુણોની સમૃદ્ધિના ખંડ-ખંડ કરી લય પામી જતો શાને ?*

*અનંત-યૌવના એવી મોક્ષશ્રીના વિલાસ અને અનંત-સુગુણસમૃદ્ધિના ઐશ્વર્યનો માલિક એવો આતમ આજે સંસારને સુખલોક કલ્પી ઈન્દ્રિયોના મારક વિષયોમાં મહાલતો અને અનંત દુર્ગુણોની ઉદધિમાં ડૂબી જતો શાને ?*

*આ મૂંઝવતી પ્રશ્ન-પરંપરાના ઉકેલો આ ખોબે ખોબે રસસિંચન કરતી વાર્તાને જ આપવા દ્યો... !*

*''પ્રિયદર્શન'')*





**એ**ક લોકપુર નામે નગર હતું. ત્યાં અનેક એવી શેરીઓ હતી, કે જેમાં વિચિત્ર વિચિત્ર ઘટનાઓ સદા બન્યા જ કરતી. પછી કોઈ શેરીમાં અમુક જાતની, તો બીજી શેરીમાં એથી જુદી જાતની. એમ વિવિધ ઘટનાઓ બનતી. પણ ખરી રીતે જોતાં, એમાં જે અગણિત લોક રહેતું, તે દુ:ખી હતું. ત્યારે બીજી બાજુએ નગરના ઉપરના સીમાડા પર થોડા પણ એવાય લોક હતા કે જે મહાન સુખી હતા. એ અનામી નિરંજનનાથ મહંતો કહેવાતા. એમની દરેકની પાસે આઠ-આઠ મહાનિધાનો, ખજાનાઓ હતા. એ એવા અખૂટ ભંડાર કે 'એમાં કેટલું છે ?' તે માપી શકાય જ નહિ ! વળી એમાં એકસરખી નહિ પણ આઠ જાતની સમૃદ્ધિ હતી; જેના ભોગવટામાં આ મહંતો સદા એવા લયલીન રહેતા કે કોઈ બીજી ઝંખના-તૃષ્ણાનું ત્યાં નામ-નિશાન નહિ. એટલો બધો અનંત આનંદ હતો કે બીજી કોઈ જ ચિંતા ફિકર કે એવું કશું થાય નહિ.

એકવાર એવું બન્યું કે આમની ખ્યાતિ અને સમૃદ્ધિ સાંભળી કેટલાક લુચ્ચાઓને ઈર્ષ્યા આવી; ગુમાન આવ્યું. મનને એમ થયું કે આપણે આમાંના કોકને ખોખરો અને દરિદ્ર ચીંથરેહાલ કરીએ. એમ વિચારીને એ આવ્યા એક મહંતના મઠમાં. પહેલાં તો મહંતનો દમામ અને રૂઆબ જોઈ ખચકાયા ! પણ પાછા ખંધા ખરાને ? તે હિંમત રાખી અંદર આગળ વધ્યા; ત્યાં

મહંત ગાજી ઉઠે છે :

'કોણ છે એ ?'

'એએએ... એ તો અમે સેવકો છીએ.'

'કોની રજાથી અહીં પેઠા ?' મહંત જડતી લે છે.

પણ પેલા ક્યાં કાચા છે ? કહે છે : 'એ તો સેવકો આપના દર્શનાર્થે આવ્યા છીએ. આ તો અમે બહાર આપશ્રીની મહાન ખ્યાતિ સાંભળી તથા અમને ઉમળકો થયો કે, 'અહો ! ભલે કદાચ એવા અનામી નિરંજનનાથના દર્શન પણ ન કર્યા તો જીવન ગર્ભાવાસમાં જ ગુમાવ્યું ગણાય ! તેથી આપશ્રીના દર્શનથી પવિત્ર થવા આવ્યા છીએ ?'

મહંત કહે છે : 'બહુ ચાલાક લાગો છો ! જવાના ક્યારે ?'

'ચાલાક તો શાના ? ભાઈ સાહેબ ? અમે તો ભોઠ ગમાર છીએ. પણ આપશ્રીની મહેરબાની તે વળી આટલું સારૂં સૂઝયું અને આપશ્રીના દર્શન પામ્યા ! અહો ! કેવી આપની કાંતિ! કેવી રમણીય અને પવિત્ર મુદ્રા ! ત્યારે આપના એકેક બોલમાંથી તો જાણે અમી વરસી રહી છે ! અમને તો આપશ્રીમાં અગણ્ય ગુણો દેખાય છે. અહીંથી ખસવાનું મન થતું નથી. જો કૃપા હોય આપની તો, અમે જો કે જાણીએ છીએ કે વર્ષોના વર્ષો આપશ્રીનાં દર્શનનું અમૃત પીવા છતાં પણ ધરાવાના નથી.





છતાં આપશ્રીની રહેમ નજરથી બે-ચાર દિવસ અહીં રહી આપશ્રીની રહેમ નજરથી આપશ્રીના દર્શન કરી પવિત્ર થઈએ. આપશ્રીને જરાય ડખલ નહિ કરીએ.'

આમની સફાઈભરી વાણી ઉપર મહંત મૌન રહ્યો. પેલા ત્યાં રહ્યાં, પરંતુ દુર્જન છે. અજાણ્યાંને ઓળખ્યા વિના સંસર્ગમાં રાખવા એ કેટલું ભયંકર છે ! પેલા એમ સખણા (સુલક્ષણા) થોડા જ બેસી રહે એમ હતા ? એ તો વધ્યા આગળ. દિવસમાં કેટલીકવાર મહંત બાવાને ઝૂકી ઝૂકીને પ્રણામ કરતા થયા, મહંતની ખૂબખૂબ પ્રશંસા કરતા થયા તેમજ બાવાજીની પગચંપી વગેરેથી સેવા કરવા માંડ્યાં. મહંત બાવા નરમ પડ્યા ! બે-ચારને બદલે બાવીશ દહાડા નીકળી ગયા. એમાં એવી સિફતથી વિનયનું વશીકરણ કર્યું કે બાવાની હવે રોકટોક તો ન રહી, પણ ઉલટું મીઠી નજરે થઈ ! વિનયમાં જાદુ છે. વિનય વિના ગુરુ પાસેથી માલ પામવાની વાત વાહિયાત છે. બુદ્ધિબળે ગ્રંથની વિદ્વત્તા આવે એ જુદુ; પણ ગુરુના વિનયથી એ પદાર્થો હૃદયમાં પરિણમે અને વિસ્તાર પામે છે એ જ સાચું જ્ઞાન છે. માટે હંમેશા વડિલો, શિક્ષકો, ને ગુરુઓનો વિનય ન ચૂકશો.

ચાર ધૂતારાઓએ પોતાની જાળ પાથરી દીધી. ધીમે ધીમે મહંતજીની બધી સેવા ઉઠાવવા લાગ્યા. કોઈ પણ પ્રયોજન ઊભું થાય એ વખતે તરત હાથ જોડી સામે ઊભા રહેવું, કોઈ

પણ કામ કરવા તૈયાર થાય ત્યાં ઝટ સહાય કરવી, બની શકે તો બાવાજીને એમજ બેસાડી રાખી બધું કાર્ય પોતે જ કરી લેવું. વગેરે વગેરે સેવાઓ ઉઠાવવા માંડી. એમ કરતાં બાવાજીને લોકનાં સંપર્કમાં લઈ જવા લાગ્યા. પછી તો આ લુચ્ચાઓને ફાવટ સારી આવી. કેમકે લોકની સામે કંઈને કંઈ અથડામણ બાવાજીને થાય, ત્યારે આ લોક બાવાજીનો પક્ષ લઈ મોટી ધાંધલ કરી નાખે. પોતાનું ઉપરાણું આ લોક લે છે. એ જોઈ ખુશ થાય ! અરે ! એટલું જ નહિ, પણ પછી તો આ દુર્જનો ખોટી ખોટી સલાહ આપે તેમ બાવાજીએ વર્તવા માંડયું ! વિનાશકાળે વિપરીત બુદ્ધિ !

લુચ્ચાઓ પર બાવાજીની આસ્થા વધી, પ્રેમ વધ્યો, એમાં એકવાર એ બાવાજીને કહે છે : 'જુઓ સ્વામી ! આપની શક્તિ અને આપનું તેજ કમાલ છે. આપ એટલા બધા સુબુદ્ધ અને શ્રેષ્ઠ છો કે આપને પરમાત્મા કહીએ તો વાંધો નથી ! આપની સેવા અમને મળી છે, એ અમારા મહાન અહોભાગ્ય છે ! અમને તો એમ થાય છે 'સમસ્ત જગત કેમ આપનું સેવક ન બની જાય ? માત્ર એમાં આપની મહેરબાની જરૂરી છે. અમારા બીજા સ્નેહીઓ બિચારા આપની સેવા કરવાનું ઝંખી રહ્યા છે. તલસે છે એ, કે 'કયારે આપની કૃપા થાય, અને અમને સેવાનો અધિકાર મળે.' બાવાજી આવું બધું સાંભળતા





જાય અને કૂલણજી ફૂલાઈને ફાળકા થતા જાય ! માણસ ફૂલે તો અભિમાનમાં અંધો થયા પછી તેને ક્યાં સારાસાર જોવા હતો ? એટલે બોઘડશંકરની જેમ હુકમ કાઢી આપ્યો, 'ઠીક છે, જાઓ, દાખલ થવાની રજા આપું છું.'

ગર્વ ઘેલો જીવ પોતાના મહાઅનર્થને કરનારાનો સંપર્ક જાણે અજાણે સાધવાનું જાતે ઉભું કરે છે. પ્રશંસાના પૂરમાં તણાતો એ જીવ અયોગ્ય આત્મા ઉપર બીજો વિચાર કર્યા વિના વિશ્વાસ મૂકી બેસે છે ! પછી, વિચારો, કેવી ગફલતમાં જઈ ચઢે ? ઉંદર તો હાથે કરીને બિલાડીના મુખમાં નથી જતો પણ આ પ્રશંસા ભૂખ્યો જીવ એમાં લપટાઈને હાથે કરીને દુષ્ટના પંજામાં જઈ પડે છે ! માણસની પ્રશંસા કોઈ કરે ત્યાં એણે સાવધ બની જવું જોઈએ. નહિતર તો,

(૧) સામો જો પોતાનો કોઈ સ્વાર્થ સાધવાનો દાવ ફેંકવા આવ્યો હોય તો એની પ્રશંસા વધાવનારે પછી તો સામાન્ય દાવમાં ફસાયે જ છૂટકો થાય ! અને,

(૨) કદાચ સામો ભલે નિ :સ્વાર્થ અને સરળભાવે પ્રશંસા કરતો હોય, તો'ય પ્રશંસા સ્વીકારી લેનારને એના અહેસાન નીચે આવવું પડે છે. તેથી આજે નહિ તો ભવિષ્યમાં દાક્ષિણ્યતાથી એના સ્વાર્થમાં ફસાવું પડે છે.

(૩) પ્રશંસા ઝીલવામાં એ પણ બને છે કે આપણી જાત પૂર્ણ

લાગવા માંડે છે. તેથી આગળ વિકાસ કરવામાં પ્રવૃત્તિઓ અટકી જાય છે. મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે જેટલું સારૂં સારૂં લાગે છે એના મનમાં ખૂબ રમ્યા કરે છે, એ હિસાબે કોઈની ગાયેલી પ્રંશસા પોતાના હૈયામાં એવી રહ્યા કરશે કે આગળ શું કરવાનું છે, ક્યાં વધવાનું છે, તે ભૂલી જશે.

બાવાજીનું એવું જ થયું. પ્રશંસા સાંભળી ફસાયા ને સાવધાની ભૂલ્યા. એથી લુચ્ચાઓના સાગરીતોને નોતરૂં આપ્યું ! પેલા તો તરત કૂદ્યા. કામ, ઈર્ષ્યાદિ નામની આખી મંડળી ઝટ લઈ આવ્યા. એણે તો વલી વિચિત્ર પ્રકારના દારૂ પાઈને બાવાજીને એવી નવીન તરેહની સરભરા કરવા માંડી, કે એમાં બાવો લટ્ટુ બની ગયો ! દારૂના કેફની અને મંડળીની નિકટતાથી હસવું, ખેલવું નાચવું, સ્ત્રીઓ સાથે હળવું-મળવું, બીજાને તુચ્છકારવું, અન્ય પર ઈર્ષ્યા કરવી, વગેરે વગેરે ચેષ્ટાઓની વૃત્તિઓ જાગવા માંડી. રસભર્યા ખાનપાન, ગાંધર્વગીત, મખમલની શય્યાઓ વગેરેની તૃષ્ણાઓ થવા માંડી અને વધવા લાગી, એ સાગરીતોમાં એક કર્મ નામનો તો વળી એવો સાગરીત આવ્યો હતો કે બાવો આ મલિન વૃત્તિઓ અને તૃષ્ણાઓને આધીન બને એટલી વાર; પછી તો એને બાંધીને કૂટે એવો એ શત્રુ હતો.

એમાં પાછી કુબુદ્ધિઓ અને અસત્ વિદ્યાઓને લાવવામાં





આવી. એણે તો બાવાની સાથે એવી દોસ્તી કરી કે, બાવો એને પૂરો આધીન થઈ ગયો. એ જે કહે તે માનવા લાગ્યો. રાતને દિવસ કહે તો ‘હા.’ દિવસને રાત કહે તો ‘હા’ ! એના યોગે રાગ, દ્વેષ, કામ, હાસ્ય વગેરે લાગણીઓ થવા માંડી. હવે પેલા મુખ્ય ચાર ઠગારાઓએ જોયું કે બાવાજી બરાબર આધીન બની ગયા છે. એટલે એકવાર લાગ જોઈને એમણે ભોજનમાં ભેગું એવું કાંક ખવરાવી દીધું કે બાવાજીને એનું ચઢ્યું ઘેન ! પછી લુચ્ચાએ બાવાની આંખે કચકચાવીને પાટા બાંધ્યા, શરીરે બંધન વીંટયા અને બેડીથી હાથે-પગે બાંધ્યા. લુચ્ચાના હાથમાં આવ્યા પછી શું કરવા બાકી રાખે ? અને બાવો હવે નિર્બળ અને નિ :સત્ત્વ બની ગયો હતો. પછી માથે જે વરસે તે સહન કર્યે જ છૂટકો. માટે દુન્યવી સુખ-સગવડ કે માનપાનના લોભમાં પડી નિર્બળ બની જવાય છે, એ વસ્તુનું ખૂબ લક્ષ રાખી એવાઓથી દૂર રહેવું એ જ હિતકર છે. એથી પછી કોઈના ફંદામાં ફસાવું પડતું નથી. કોઈની શેહશરમમાં તણાવું પડતું નથી. બાવો અહીં તો પરવશ બનીને બેડીમાં બંધાયો.

એટલું જ નહિ., પણ એના મોટા ખજાનાના ઓરડા પર લુચ્ચાઓએ તાળા લગાવી દીધા. એટલે હવે બાવાજીને એમાંથી કાંઈ મળે નહિ. જુઓ, શું કમાયો બાવો ? સેવા-સગવડ અને

સન્માન-ગુણગાન લેવામાં ગુમાવ્યું બધું ! એવા ઘણા મૂરખ જગતમાં હોય છે, કે જે આમ જ ફૂલણજી બનીને અંતે પાયમાલ થાય છે. બાવાની નુકસાની આટલે જ ન અટકી. પછી જ્યારે એને ઘેન ઉતરી ગયું ત્યારે પણ પેલાઓએ ખવરાવેલી વિચિત્ર વનસ્પતિથી એની સ્મરણશક્તિ તદ્દન નષ્ટ થઈ ગઈ. તેથી એને બિચારાને હવે પોતાનું કશું યાદ નથી આવતું. પોતાની મહત્તા, પોતાના ખજાના, પોતાની સ્વતંત્રતા વગેરે બધું ભૂલાઈ ગયું. જાણે એવું કાંઈ પોતાને હતું જ નહિ, એવી એની માનસિક સ્થિતિ થઈ ગઈ. એથી તદ્દન જાણે જડ જેવો બની ગયો. પહેલાં તો એવા દિવ્યભોજન હતાં કે એથી મહાતૃપ્તિ રહેતી. હવે એ નથી એટલે મહાભૂખ લાગે છે. પહેલાના દિવ્યઅંજનથી દિવ્યદૃષ્ટિ હતી. આખી દુનિયામાં દૂર દૂર સુધી જોઈ શકતો. પર્વતો વગેરેની આડે રહેલા કે ભોંયરામાં છૂપાયેલા પદાર્થોનું પણ પ્રત્યક્ષ જ્ઞાન કરી શકતો. પરંતુ હવે ગઈ એ શક્તિ. હવે તો સાવ આંધળો બન્યો. પહેલાં શરીર મહાનિરોગી, સ્વસ્થ અને સ્ફૂર્તિવાળું. હવે શરીરમાં રોગો થયા. શરીર કળવા માંડે. ભૂખ તરસની પણ ઘોરપીડાઓ છે. પછી બીજી બાજુ પેલા શોક વગેરેની ચેષ્ટાઓ તો છે જ. મનમાં હવે પૂર્વની સ્થિતિનું એક અંશમાત્ર સ્મરણ નથી. એમ સમજોને કે પોતે એવો હતો જ નહિ. ત્યાં લુચ્ચાઓ એને પૂછે છે : 'કેમ આપ કોણ





છો ?' બાવો પોતાનું સ્વરૂપ જ ભૂલી ગયો છે તે શું કહે ? યાદ કરવા જાય છે 'હું કોણ ?' પણ યાદ આવતું નથી ! એટલે સામો પૂછે છે : 'તમે જ કહોને હું કોણ છું ? ક્યાં રહેલો છું ? મારૂં શું શું છે ?' હવે લુચ્ચાઓ ખીલ્યા. કેમકે એમને નક્કી લાગ્યું કે હવે આના કબજામાં ખજાનો તો નથી, પણ ખજાનાનું સ્મરણ પણ નથી !' પાછો આપણા વશમાં છે, ઠીક સંક્જામાં આવી ગયો છે એમ માની ખુશ થાય છે.

શિકારીઓની ખુશી શાના ઉપર ? શિકારને કબજે કરવા ઉપર, ત્યારે દયાળુની ખુશવૃત્તિ ? ફસેલાને છોડવવવા ઉપર. બિચારો બાવો ! ફસાયો શિકારીની જાળમાં ? હવે એના ઉપર દુઃખના ડુંગરા તૂટી પડવાના ! એક સ્થિતિમાં પરાવર્તન થયા પછી આપણે આગળ વધ્યા કે પાછળ હઠ્યા ? સુખી થયા કે દુઃખી ? ગુણી થયા કે દોષવાળા ? એના પર આપણે જાળમાંથી છુટ્યા કે જાળમાં ફસાયા, એનું માપ નીકળે છે. પ્રગતિ, સુખ અને ગુણ પામવા પર છૂટકારાનો આધાર છે. કોઈ એમ નહિ કહે કે માણસ દુઃખ અને દોષોમાં પડ્યો એ છૂટ્યો ગણાય, એને તો ફસાયો ગણશે, ચોર કે જુઠ્ઠા બને છે તો આ શું ગણાશે ? માનવજીવન પામેલું આ બાળક માતા-પિતા રૂપી પારધીની જાળમાં ફસાયું જ ગણાશે ? તો આપણે બીજાઓના શિકાર છીએ કે સુરક્ષિત ? તેમ જ આપણે પોતે

બીજાઓનો શિકાર કરનારા છીએ કે બીજા પર દયાળુ ? અર્થાત્ આપણા માટે બીજાઓ, અને બીજા માટે આપણે કોણ છીએ, પારધી કે દયાળુ ? એ વિચારવા જેવું છે.

હવે પેલા લુચ્ચાઓએ શું કર્યું જાણો છો ? બાવાએ પૂછ્યું ને કે તમે જ કહોને 'હું કોણ છું' તેથી આ કહે છે :

'ઓહો ! તમને તમારી ખબર નથી ? બરાબર, બરાબર તમને મંદવાડ લાગ્યો છે. લ્યો ત્યારે જુઓ એમ કરો, આ એક સરસ દવા છે તે ખાઈ લ્યો. એનાથી મગજ એવું સ્ફૂર્તિવાળું અને સશકત બનશે કે તમે મહાબુદ્ધિમાન થશો અને બધું જાણી શકશો.'

બાવો કહે કે 'એમ ? તો તો ભાઈસા'બ ! બહુ સારૂં. લાવો ત્યારે ઝટ લાવો એ દવા.'

પછી લુચ્ચાઓએ બાવાને એવી એક વિચિત્ર ઝેરી દવા ખવરાવી દીધી કે જેથી જો કે બાવાનું મગજ કામ કરતું તો થયું, પરંતુ ઊંધુ ! જેમ કહેવાય છે કે એવો દારૂ પીછલાને પીળી ઈંટ સોનાની દેખાય છે તેમ આ બાવો પણ હવે પોતાની જાતને પૂર્વની કોઈ સ્થિતિવાળો નહિ એટલે કે આત્મારૂપે નહિ, પરંતુ જડ દેહરૂપ જુએ છે ! પોતાની ચીજ તરીકે પૂર્વની અખૂટ ખજાનાની સમૃદ્ધિ નહિ પણ આ લુચ્ચાઓ અને એના સાગરીતો જે દેખાડે છે, તેને પોતાની વસ્તુ ગણે છે ! પાછું આવી દુર્દશા





કરનારા આ બધાને પોતાના હિતૈષી માને છે !

કેવું કરૂણ ઊંધુ દર્શન અને ઊંધી મતિ !

ત્યાં સાથે સાથે એ મંડળીના પેલા કર્મ નામના શત્રુએ બાવાને એક ચાંદીનું ચપ્પણીયું પણ પકડાવી દીધું છે. બધા મળીને પાછા બાવાને કહે છે : 'જુઓ, હવે તમે જાણો છો ને કે તમે કોણ ? આ તમારૂં સુંદર ઘાટીલું શરીર સરસ ચંબૂ (કુંજો, ભોટવો, જે કહેવાય છે તેના) જેવું છે; તેથી તમે ચંબૂજી ચપ્પાણીયાવાલા છો. આ તમને પહેલાં કહેત તો તમને વિશ્વાસ ન પડત. પરંતુ તમે જરા દવા-બવા ખાધી એટલે મગજ સ્વસ્થ થયું. તેથી હવે આ બધું બરાબર જાણી શકતા હશો કેમ ખરૂં ને ?'

મૂર્ખ બાવો ફસાયા પછી દવા અને ચપ્પાણીયાના પ્રભાવે ઊંધું માનતો થયો છે. આમ તો આંખે પાટા છે; પરંતુ આના પ્રભાવે હવે ઈન્દ્રિયોની શક્તિઓ, જોવા-ચાખવા વગેરેની આવી છે. પણ ઊંધુ સમજાવનારી ! આત્મઘાતક જગતની ચીજોને સારી તરીકે દેખાડનારી એ શક્તિ ! નિત્યતૃપ્ત જીવને ભૂખ ને તરસ્યો મનાવનારી એ શક્તિ ! એને શું કરે ? એ તો મારનારી બનશે. પરંતુ લુચ્ચાઓને પરવશ બન્યા પછી કોણ એ વસ્તુ સમજાવે ? બાવાને ગમ નથી પડતી. સીધું કાંઈ સમજતો નથી. છતાં શુદ્ધ જાત ભૂલી કાયાને જ પોતાની જાત

ગણીને એ માની બેઠા છીએ કે 'હું ભૂખ્યો છું, હું તરસ્યો છું...' માટે મારે સારા ભોજનપાણી જોઈએ જ. વળી જાતના અનંતજ્ઞાન-ધ્યાનની સારી સંપત્તિ મૂકી, જગતની ચીજોને સારી માનવા હોંશિયાર છીએ. કુમતિ અને એના સાગરીતોને આપણા હિતકારી માની બેઠા છીએ.

હવે ચંબૂજી કહે છે : 'મને ભૂખ લાગી છે, ખાવા આપો... મારે આરામ કરવા પથારી જોઈએ છે...' તે વખતે લુચ્ચાઓ શા હાલ કરે છે ? તે જુઓ :

## દેવ શેરી

લુચ્ચાઓ ચંબૂજી ચપ્પાણીયાવાલાને નગરીની એક શેરીમાં લઈ ગયા. શેરી સારી સજાવટભરી હતી. લોકો ભલા હતા, સુખી હતા, દેખાવડા હતા. અહીં પેલા લુચ્ચાઓ કહે છે કે,

'કેમ ચંબુજી ! ભૂખ્યા થયા છો ને ?'

'હા ભાઈસા'બ ! બહુ ભૂખ્યો થયો છું.'

લુચ્ચા પૂછે છે : 'શું જોઈએ ?'

'તમારી મહેરબાની હોય તો સારા ભોજન, મધુરરસ, સુંવાળી શય્યા, સુંગધી ફૂલો, બધું જોઈએ છે.' ચંબૂજીએ દીનતાપૂર્વક મોટું લીસ્ટ રજૂ કર્યું. જુઓ લુચ્ચાઓની અસર નીચે એની ભૂખ અને જરૂર કેટલી મોટી થઈ ગઈ છે ? પૂર્વે જ્યારે એ





પોતાના મઠમાં હતો અને સ્વસ્થ તથા સ્વતંત્ર હતો ત્યારે સદા તૃપ્ત રહેતો. આવા કચરાપટ્ટી પરાયા માલની તો ઈચ્છા ય નહોતી; અને પોતાના માલનો ઉપયોગ પણ વિના ઝંખનાએ અને વિના દીનતાએ કરતો ! પણ લુચ્ચાઓની સંગતે એ દહાડા હવે ગયા.

એ શેઠ લોકો તો કહે છે : 'જુઓ ચંબૂજી, આ શેરીના લોકો બહુ ભલા છે, ઘણું ઘણું આપનારા છે, પણ માત્ર એક શરતે.'

'શરત ! શી શરતે ?'

'ગભરાશો નહિ, શરત મોટી નથી માત્ર નાચવાની શરત છે. અમારા કહ્યા મુજબ તમે નાચશો એટલે તમને આપશે.'

બાવો પૂછે છે : 'એવું વિચિત્ર કેમ ?'

'વિચિત્ર નથી. આ તો આ દેશનો રિવાજ એવો છે. એમ તો એ લોકોને પણ જે મળે છે તે એમ જ બીજાની આગળ અમારા કહ્યા મુજબ નાચીને પછી મળે છે. શું સમજ્યા ? બધા ય નાચી નાચી મેળવે છે. એટલે નાચવાનું એ તો એક સજ્જન અને સુબુધના વ્યવહાર તરીકે મનાય છે. ઉલટું જે ન નાચે એ નાત બહાર ! ન નાચનારા ગમાર અને બાપડા ગણાય છે. વળી અહીં તમને ચપ્પણીયાવાલી બાયડીઓ

પરણાવી આપીએ છીએ; એમની સાથે અન્યોન્ય નાચ સારા થશે. સમજી ગયો ?

બાવા બોલે છે : 'હા, હા, સમજી ગયો, તો તો આપણને કાંઈ વાંધો જ નથી. આપણે તો લોકોની સાથે રહેનારા છીએ, પછી શા માટે બાપડા અને ગમારમાં ખપવું ?'

બસ, ચપ્પણીયાવાળી બાયડીઓ પરણાવવામાં આવી એની સાથે અને બહાર હવે ચપ્પાણીયું લઈ ને બાવો મંડયો નાચવા ! વેશ પણ સારો મળ્યો છે, નાચતો જાય છે, અને ગાતો ગાતો ભીખ માંગતો જાય છે.

'એય બાપા ! આમાં ખૂબ ખૂબ તુમે દેતા જજો.'

આ ચંબૂનું ચપ્પણીયું ભરતા જજો... એ બાપુ આમાં.'

સારી રીતે નાચ કરે એટલે સ્ત્રીઓ અને લોકો આપે છે. ભોજન ખીલાવે, ગોરી ગુલાબી મુલાયમ ચામડીના રૂપ દેખાડે, સુંવાળી ગાદી વગેરેનો સ્પર્શ કરાવે, ગીત સુણાવે, સુગંધી બગીચામાં બેસાડે. ચાલ્યું કામ ધમધોકાર !

ત્યારે અહીં પૂછો, કે બાવાને તો આંખે પાટા એવા કસકસીને સજ્જડ તાણી બાંધ્યા છે કે એને તો સાવ અંધાપા જેવું છે. તો અહીં દેખવાનું શી રીતે બન્યું ?

એનો ઉત્તર એ છે કે પેલા લુચ્ચાઓ પાછા જાદુગર છે;





તેથી બાવાને એમણે એવી બનાવટી જાદુઈ આંખ અપાવી છે, કે જેમાંથી આ ચંબૂજી બાવો ચપ્પણીયા સામે આવતી ચીજો જોઈ જાણી શકે; એટલું જ નહિ પણ જે કાંઈ જુએ એના પર નાચવા મંડી પડે. માત્ર જોવામાં અને નાચમાં ફરક એટલો કે જોવાનું ઘેલછાભર્યું અને નાચવાનું, એ જાતનું મનગમતું, રૂપાળું, દેખાવડું જુએ તો ખુશી મનાવવારૂપ નાચ કરે; અને કદરૂપુ, અણગમતું દેખે તો દિલગીરીનું નૃત્ય શરૂ કરે. લુચ્ચાઓએ આવી બનાવટી બીજી પણ ચારેય ઈન્દ્રિયો અપાવી હતી. એના જોર પર એણે તો અખંડ નાચ ચાલુ કરી દીધા છે. ઘડીમાં આંખે જોવાનો ચાખવાનો નાચ... એમ નાચ્યા કરે છે. જાતજાતના નૃત્ય કરે છે. એય સાથે બે પ્રકારના રાગડા ગાઈને.

એમાં જયાં સારૂં મનગમતું લાગે ત્યાં, 'અહો ! કેવું સરસ ! કેવું હાઈકલાસ ! બસ, આવું તો જોયું જ નહોતું. આપનારા બહુ ભલા, ભગવાનથી પણ ! હવે આ ટકી રહે તો ઘણું ઉત્તમ... વગેરે વગેરે રાગડો ગાતાં નાચવું; અને જ્યાં ખરાબ લાગે ત્યાં ઉહું કેટલું ખરાબ ! ડેમકલાસ ! મને આ કયાંથી ભટકાણું ? ક્યારે આ ટલે ? આપનારા કેવા હરામખોર છે ? એમને ભાન-બાન છે કે આ અમે ચંબૂજી ચપ્પાણીયાવાળાને કેવું આપીએ છીએ ? અરેરેરે ! મરી ગયા. વગેરે વગેરે રોતડ ગાતાં નાચવાનું.

નાચ પણ જુદી જુદી જાતના છે. એમાં મનગમતાં ખુશી ખુશી દેખાડવી એ હર્ષનો નાચ. સારૂં સારૂં વખાણવું એ પ્રશંસાનો નાચ, દિલ આસક્તિમાં ઠેકે એ સંગનો નાચ, લોલુપતા લંપટતાનો નાચ, ઈષ્ટ સંયોગના આર્તધ્યાનનો આહ ! બસ, હવે આ બરાબર ટકો' એવા ચિંતનનો નાચ; આશાનો અને મનોરથોનો નાચ, તૃષ્ણા અને પ્રપંચનો નાચ, હાસ્યનો નાચ, સામાને પગે લાગવાનો નાચ, સામાની દાઢીમાં હાથ ઘાલવાનો નાચ, સામાને પગ ચાટવાનો નાચ, વહાલ બતાવતી બાયડીને 'તું તો મારા પ્રાણ છે.' વગેરે વગેરે ચાટું કરવાનો નાચ, એની સાથે ગદ્ધારમતનો નાચ-આવા તો કેઈ વિવિધ નાચમાં બાવો લાગી ગયો. ત્યારે અણગમતામાં ઉદ્વેગનો નાચ, ચીસ-રુદનનો નાચ, શોકનો નાચ, ગુસ્સાનો નાચ, દ્વેષનો નાચ, પોતાનાથી વધારે સુખીને દેખી બળવાનો નાચ, નિંદા-જુગુપ્સાનો નાચ, નિરાશા નિરુત્સાહનો નાચ, સંતાપ-પશ્ચાત્તાપનો નાચ, ઈર્ષ્યા-મદ-અસૂયાનો નાચ, કલેશ-ચાડીચુગલીનો નાચ, સ્વયં રીસ કરવાનો અને રીસાયેલાને મનાવવાનો નાચ, દીનતા ગરીબડાપણું ને ઓશીયાળાપણું દેખાડવાનો નાચ, રીસાયેલી સ્ત્રીને 'હેં બા ! શું થયું તને ? મારી સાથે તું રીસાય ? તું કહેને તે કરવા તૈયાર છું. સમજજે તારી ખાતર આખી દુનિયાને હું એકબાજુ મૂકી દઉં ! બોલ





બા ! શું જોઈએ તારે ? તું તો મારા માથાનો મુગટ છું, મારાં હૈયાનો હાર છું. હવે બા તું આમ કેમ કરે ત્યારે મારૂં કોણ... ?' એમ બાઈડીને બા બા કહીને મનાવવાનો નાચ, એમાં એ ન માને ત્યારે સાચો કે ખોટો રોયાનો નાચ; હે ભગવાન મરી ગયો છું... આવા આવા પણ કંઈ વિવિધ નાચને ચોબા બનેલા ચંબૂજીએ પોતાના જીવનમાં ઉતારી દીધા.

નિરંજનનાથને અસલ સ્વરૂપે આવી કોઈ લાગણી હોતી નથી. તેથી એવી હર્ષની કે શોકની લાગણીઓ નાચ સમાન છે.

ચંબૂજીને મન આમ લહેરમાં દહાડા પસાર થઈ રહ્યા હતા. એટલામાં ચાંદીનું ચપ્પણીયું ઘસાઈ ગયું એટલે એકાએક પેલાઓએ ઉપાડી દીધું. ત્યાં શેરીમાંથી બાવાને કાઢી મૂકવામાં આવ્યો. શેરીમાં ચપ્પણીયાના આધારે તો નાચવાનું અને માગી ખાવાનું હતું, હવે એ જવાથી બાવો મૂંઝાયો કે શું કરવું ? ભૂખ પણ જોરદાર લાગી છે. પૂછે છે લુચ્ચાઓને, હેં મારા બેલી ! શું કરૂં ? ભૂખ લાગી છે. પેલી શેરીમાંથી તો મને કાઢી મૂક્યો.

'એમાં શું ? આ બીજું ચપ્પણીયું અમે તમારા ભલા માટે તૈયાર જ રાખ્યું છે.'

'ઓહો ! તમે કેવા સરસ મારા હિતૈષી છો ? તમે ન હોત તો મારૂં શું થાત ? તમારા કેટલા ગુણ ગાઉં ? ભલું કરે

ભગવાન તમારૂં.'

'કંઈ નહિ, કંઈ નહિ, અમે તો તમારો પ્રેમ જોઈને તમારી સેવામાં છીએ.'

હવે ચપ્પણીયું લોઢાનું આપ્યું. એ પકડવાને ચંબૂજીને નવી તિર્યંચ શેરીમાં લઈ ગયા.

## તિર્યંચ શેરી

અહીં લુચ્ચાઓનો ઓર્ડર છુટ્યો :

'જુઓ, આ શેરીના રિવાજ જુદા છે. અહીં તમારે ત્રણ કામ બજાવવા પડશે તો જ આ લોકો ખાવાપીવાનું આપશે !'

બાવો કહે છે : 'હા, એમ ? શા શા કામ છે, ઝટ કહો; એ કરવા લાગું, અને જલદી રોટલા ભેગો થાઉં. બસ, એને ખાવાની વાત પહેલી છે.

પેલા કહે છે : 'પણ તમારાથી એ બની શકશે ?'

'અરે ! એમાં શંકા છે ?' બાવાએ જવાબ વાળતાં કહ્યું : 'તમે તો મારા ભગવાન છો. ભગવાન જે કહે તે જરૂર બને. તમે થોડું જ મારા અહિતનું કહો.'

'તો જુઓ, અહીં એક નાચ કરવાનો, બીજું મજૂરી કરવાની અને ત્રીજું ચાબુક વગેરેના ફટકા ખાવાનો ખેલ ભજવવાનો. કહો બરાબર છે ને ? પાછો અહીં એક મહાન લાભ એ કે





વગર લગ્ને અહીંની તમારા જેવા ચપ્પાણીયાવાળી બધી બાયડી તમારી.

ગમાર ચંબૂ કહે છે : 'બરાબર, તો તો બહુ સરસ !' પત્યું ! લોખંડી ચપ્પાણીયા સાથે શેરીમાં ચંબૂજીને પેસાડ્યા, ત્યાં તો માનવશેરીના ચપ્પણીયાવાળા લોકવડે આ બિચારાની કાંધ પર ગાડા જોતરવામાં આવ્યા. ૩૦-૩૦, ૪૦-૪૦ મણના ભાર ખેંચવાની મજૂરી ! ઉપરથી ચામડાની પાંચ પાંચ શેરોના ચાબુકના સટાક સટાક એવા પડે છે. ભારે ચમચમ થાય અને સોળ ઊઠી આવે ! છતાં જાણે એમાં બાકી રહ્યું તે લોખંડની તીક્ષ્ણ આરો ભોંકવામાં આવે ! એમાં પૂર્વે કહ્યું તેમ ચીસા ચીસ પાડવાનો અને રોવાનો નાચ, દ્વેષનો નાચ ઈત્યાદિ ચાલુ. આ ચપ્પણીયું જ એવું છે. પછી મોટા રાજાને ત્યાં અશ્વરત્ન થાય, તોય ગુલામી-પરાધીનતા એવી છે કે રાત્રે પણ ડાંસ મચ્છરના ચટકા વેઠી ક્લેશના નાચ સહવા પડે છે.

બીજી મુશ્કેલી એ થઈ કે જુદી જાતના લોકોને પનારે પડવાનું. તેથી આ ચપ્પાણીયાથી ફરી ગયેલા ચંબુજીની ભાષા'ય ન સમજી શકે. એટલે આ માર-ત્રાસમાં એ ઘણીય દયા માગે, કરગરીને કહે કે 'હું સારી રીતે બોજ ઉપાડી ખેંચીશ.' પણ પેલાને સમજણ ન પડે. તેથી આને બિચારાને ટીપ્યે રાખે. ભૂખ-તરસની પીડા પણ આ બિચારો કહી બતાવે, છતાં પેલા સમજે

જ નહિ. એટલે સાંકળે બાંધી મૂકેલા અને સામે ઘાસ પાણી પડેલા દેખતાં છતાં, ભૂખ તરસમાં શેકાવું પડે.

માલિકના છોકરા ગમે તેમ પથરા મારે, લાકડી મારે, તોય સહન જ કરવું પડે. એમાં જો જરાક પણ એનાથી શિંગડું બતાવાઈ જાય કે પૂછડું મરાઈ જાય તો તો બિચારાના બાર જ વાગ્યા. બધા ભેગા થઈને મંડે એને પીટવા ને કૂટવા કેવી કેવી કરૂણદશા ! ત્યારે ખાવામાં શું ? ઘાસ, કુશકાને એંઠવાડ ! જરૂર પડ્યે વિષ્ટામાંય મોં ઘાલે, ખાય ! ક્યાં મૂળ સાહ્યબી ? ને ક્યાં આ ?

વળી એક દુઃખ એ થયું કે સાંકળેથી જરા છૂટો થાય ત્યાં પેલાઓએ કહ્યું હતું બધી સ્ત્રીઓ પોતાની પત્ની છે એમ માની એને ભેટવા દોડે ત્યાં તો એના જેવા ચપ્પણીયાવાળા બીજા તિર્યંચો એની મિટ્ટી બગાડી નાંખે. એના ઉપર પાછું, એના માલિકોય આ ચંબૂની સાંઢાઈ-જોઈ ગુસ્સે થઈને આ ચંબૂજીને સાટકાથી સણાસણ માર મારે. એમાં વળી આના માલિકને લાગે કે આ ચંબૂજી આમ બહુ દોડે છે, માટે તોફાની છે, તેથી એને શાંત કરો, એમ કહીને એને ખસી કરી નાખે, એના શરીરે ઉના ઉના તપાવેલા સળીયાના ડામ દે ! થયું ? પત્નીઓ ગઈ !

બાકી રોજની ભયંકર મજૂરી તો ચાલું જ છે. એથી હાંફી





જવાનું થાય, ચાર ડગલા ચાલ્યો, ને ચાબુક ! તેમ આઠ ડગલા ચાલ્યો ને આર ભોંકાણી જ છે ! એથી અંદર લાય ઉઠે કેવી કરુણ દશા ! એમાં મથીને કોઈ દિ છૂટવા તોફાન કર્યું, અરે ! નીચે બેસી ગયો, તો એનું બિચારાનું આવી જ બન્યું ! ધોવાના ધોકા અને નેતરની કે ચામડાની ચાબુકો સટાસટ એના પર વીંઝવા મંડાઈ જ છે એનો ત્રાસ અસહ્ય છતાં જીવ બચાવવા એના માર ખાઈ ખાઈ અધમુઆ બનેલા શરીરે ઊઠી પાછો ભાર ખેંચે.

આ બધામાં ખૂબી એ છે કે જે એને આ ચપ્પણીયું પકડાવીને લઈ આવ્યા છે, એને ચંબુજી બચાવવા વિનવે છે. તો પેલા ઉપરથી એવો ઊંધો રસ્તો સુઝાડે છે કે જે કરવા જતાં આ વધુ માર ખાય. અને વધુ ભૂખ્યો-તરસ્યો બાંધી રાખીને રીબાવાય. અર્થાત્ પેલા લુચ્ચાઓ ગુસ્સો, માયા, તોફાન શિખવે છે. એમ કરવા જતાં આ પીટાય છે ત્યાં આ ગમાર ચંબૂ એમ નથી સમજતો કે આ બધી દશાનું મૂળ કારણ એ લુચ્ચાઓની ટોળકી છે. પોતે એનામાં ક્યાં ફસાયો, એ પસ્તાવો કદી નહિ; માત્ર માર-પીટના લીધે આંતરિક પોક મૂકે; મારનારને ગાળ દે, ખરાબ માને, પણ લુચ્ચાઓ જ મૂળ પીડનારા છે એ માનવાનું નહિ.

ત્યારે મુસીબત તો એ કે આમાંથી મરવાનું મન થાય તો ય

શી રીતે મરાય ? નદી-સરોવર જેવામાં ડૂબી મરવાની હિંમત નથી, ને જ્યાં સુધી એ ચપ્પણીયું ન ઘસાય ત્યાં સુધી મોત આવે તેમ નથી. એથી કેટલોય દીર્ઘકાળ ઘોરત્રાસમાં પસાર કરી અંતે મર્યો. એટલે કે મહામુશ્કેલીએ ચપ્પણીયું ઘસાયું, તે લઈ લેવામાં આવ્યું, અને ત્યાંથી કાઢી મૂકાયો.

## મનુષ્ય શેરી

પૂર્વે બહુ માર ખાધો છે તેથી હવે એને તાંબાનું નવું ચપ્પાણીયું આપવામાં આવ્યું, ને વળી એને એક બીજી મનુષ્યશેરી નામની શેરીમાં લઈ જવામાં આવ્યો. શઠમંડળી કહે છે કે જુઓ અહીં તમારે નાચ નોકરી અને મજૂરી કરવાની. એક શેઠ બઝાડી આપ્યા, ત્યાં લુચ્ચાઓ પણ સાથે જ અંતરંગ ખાતે રહે છે.

શેઠ પહેલાં તો ભલમનસાઈ દેખાડે છે. તેથી આ ચંબૂજી ચપ્પાણીયા વાળો પણ ખુશ ખુશ થવાનો નાચ, ખડ ખડ હસવાનો નાચ, શેઠના પગે પડવાનો, દાઢી અને ગાલ પંપાળવાનો, પગચંપી કરવાનો... વગેરે કેઈ નાચ કરે છે. શેઠની ખુશી વધી તો કંઈક ઠીક ખાવા-પહેરવા આપે છે, એટલે તો વળી ચંબૂજીના નાચ ઓર વધે છે. તે શેઠ જરા માંદા પડે તો શેઠને ઊઠવા ન દે. પથારીમાં ને પથારીમાં રાખી શેઠને ઝાડો-પેશાબ કરાવે ! મેલું બહાર નાખી આવે ! શેઠના બગડેલા કપડા હાથેથી ધોઈ નાખે ! રાતના ઉજાગરા વેઠે ! ભૂખ વેઠે !





તરસ વેઠે ! પણ શેઠની ચાકરી ચકોરતાથી કરે ! ક્યાં પૂર્વનો મહાશ્રીમંત મહંત ! અને ક્યાં આ ગુલામ ચંબૂ ! ભાન ભૂલી લુચ્ચાને વશ પડેલો ચક્રવર્તી મહંત હવે ભંગી સુધીનું કામ કરનારો ચંબૂજી બન્યો ! કેવી દુર્દશા ! એમાં શેઠને જરા રાજી જોઈ પોતે ખુશ ખુશ થાય, અને નવી મજૂરીમાં મચી પડે.

આટલું છતાં શેઠ શું આપે ? શેઠ મોટા મોટા ધક્કા ને ટાપા આપે. ગદ્ધા મજૂરી કરાવે ! સાત માળનાં મકાન ઝાડવાનાં આપે. ઉપરથી નીચે, ને નીચેથી ઉપર ! દિવસમાં કંઈ વાર ચઢવા-ઉતરવાનું આવે ! બીજાં કામ જેમકે શેઠનું મોટું કુટુંબ એટલે રોજ ૫૦-૬૦ મેલા કપડાં ધોઈ ઊજળા બાફ બનાવવાના; પોણોસો એક વાસણ માંજવાના; તોફાની છોકરાં સાચવવાનાં; ધાન્ય દળવાનું, મસાલા પીસવા-કૂટવાનું, અનાજ વીણવાનું, વગેરે રોજીંદા કામોની મજૂરીનો જાણે પાર નહિ.

આમાં પાછું કોઈને કાંઈ કામ ન ગમ્યું, બીજાને બીજું ન ગમ્યું એટલે તો એના પર ગાળો વરસે ! ભારે અપમાન થાય, તમાચા-ધાપાય પડે ! શેઠ ગુસ્સે થયા એટલે તો વળી જોરથી એવી ધોલ મારે કે લાત પણ ઠોકે કે જાય ગોઠમડાં ખાતો આઘો; અને ઉપરથી ભીંત સાથે લાતોથી કુટાય, અને ભૂખ્યો રખાય કે હલકું ખાવાનું અપાય ત્યાં એ માફી માંગવાના, કરુણ રુદન કરવાના, પગમાં પડવાના નાચ કરે ત્યારે છુટકારો થાય.

પણ વળી બીજી સહેજ પણ ભૂલ થઈ કે પાછી ટપલાં તરત ચાલું. બધા આની ગરીબ પ્રકૃતિ પારખી ગયેલા તેથી સારી રીતે એને મેથીપાક ખવડાવે, વળી ગાળ તો કોઈવાર એના મા-બાપના નામ પર એવી ખરાબ દે કે બિચારો ચંબૂ અંતરમાં બળે. ત્યાં એને ય હવે ગુસ્સો ચઢે, 'હું જો શેઠ હોઉં તો આ બધાને ફટકારી ફટકારીને સીધાદોર કરી નાખું. હરામખોરો શું સમજે છે ? ગરીબને મારવાનો ? એ તો જોરદાર લગાવવાને જ લાયક છે ! અને એ બહુ ગરબડ કરે તો મારી નાખવા લાયક છે ! વગેરે વગેરે કંઈ રૌદ્રધ્યાનના વિકલ્પો કરે. એથી પેલા લુચ્ચા એને ભયંકર અતિ ભયંકર નરકશેરીમાં લઈ જવાનું નક્કી કરે.

બીજી બાજુ શેઠના કુટુંબની ભોગલીલા જોઈ અંતરથી કામની જ્વાળા સળગે. તેથી વચમાં સમય કાઢીને કે મોડી રાતે પહોંચે વાઘરીવાડામાં. ત્યાં ભારે કુકર્મો કરે. ઘેર આવે ને શેઠ જેવા વળી પૂછે કે 'ક્યાં ગયો હતો !' તો જૂઠા જવાબ દે. બીજા ત્રીજા કપટથી શેઠને ખુશ કરી દે. વાઘરી-વાડાની વાઘરણોનો ટેસ લાગ્યો એટલે તે ચોરીયો કરી કરીને પૈસા લઈ જાય ને એને આપે, ને એને ખુશ કરી રંગરાગ ખેલે. વળી ખોટું ખોટું રીસાય ત્યારે આ એને મનાવવા કોઈ અધમ ચાટુ કરે ! તોય ઉપરથી પેલી લાત મારે એટલે 'આ 'બા, તને પગે વાગશે'





એમ કહી એના પગ ચાટે ! કોના ? વાઘરણના ! કોણ ચાટે ? એક વખતનો અનંત સુખ સમૃદ્ધિવાળો નિરંજન નાથ ! લુચ્ચાની સંગત ભૂંડી. આમ ખેલવામાં જો ક્યાંક એનો ધણી જાણી જાય તો આને મારવા લે. ત્યારે આ લટ્ટુબાજ ચંબૂ સામે લડે ! ભારે માર ખાય, ને મારે ! આ કામની જ્વાળા, એ જૂઠ, કપટ, ચોરી, રંગરાગ, ચાટુ, લડાઈ, ઈત્યાદિ બધું શું ? પેલા લુચ્ચાઓના શિખવેલા નાચ.

એમા વળી બાકી, તે જુગારના નાચ પણ ખેલે, ચડસા-ચડસી, દ્વેષ, ઈર્ષ્યા, કલેશ-કજીયા, છળપ્રપંચ, બીજાની ચાપલુસી વગેરેના નૃત્ય પણ કરે. ત્યા જો લેશ્યાના અને બીજા સુખીના સુખ પર બળી મરવાના અને સુખીનું સુખ પડાવી લેવાના નાચ પણ કરે છે ! એક વખતનો નિર્વિકાર મહાસ્વસ્થ મહંત આજે દુરાચારી, જૂઠ, ચોરી વગેરે અનેક વિકારોથી ખદબદતો થઈ ગયો. કેમ ? લુચ્ચાની સોબત.

આમ કરતાં કરતાં આ ચપ્પણીયાનો કાળ પૂરો થયો. એટલે એ ખૂંચવી લેવામાં આવ્યું; અને હવે માટીનું ચપ્પણીયું આપી એવી નરકની શેરીમાં ચંબૂજીને લઈ જવામાં આવ્યો કે જ્યાં માત્ર અણગમતાના નાચ અને ભૂખ-તરસ, છેદન-ભેદન વગેરેના કારમા ત્રાસ છે.

## નરક શેરી

આ શેરીમાં તો ભયંકર દશા છે. એકલા ત્રાસ વેઠવાના ને નાચ કરવાના ! વળી પૂર્વની ત્રણ શેરીમાં તો ભૂખે'ય થોડી, અને ખાવાનું'ય મળતું હતું. અહીં તો ભૂખ એટલી બધી મોટી કે જાણે આખી દુનિયાના ધાન્ય ખાઈ જાઉં. છતાં ખાવામાં એક કણીયો મળવાની વાત નહિ. ત્યારે તરસ પણ એટલી બધી ભારે ઉગ્ર કે જાણે આખા સમુદ્રના સમુદ્રો ગટગટાવી જાઉં, પણ મળવામાં એક ટીપુંય પાણી ક્યાં છે ? ઉલટું ખાવા માંગે તો એના જ શરીરમાંથી માંસ કાપીને ખાવા આપે, ને પીવાનું માંગે તો ગટરીયા પેશાબ ઉના કરી લાય જેવા પીવા આપે.

પ્ર.- તો પછી એ ત્યાં જીવે શી રીતે ?

ઉ.- આ જીવવાનું કૃત્રિમ છે. અસલ તો પોતે અજર અમર છે. પણ પૂર્વે જોયું તો ચપ્પણીયા ખૂંચવાઈ જાય એટલે મર્યો એમ કહેવાય છે એટલું જ. અહીંનું એવું જાદુઈ ચપ્પણીયુ છે કે ભૂખ્યો તરસ્યો ઘોર દુઃખ સહે પણ મરે નહિ. એટલું જ નહિ કિન્તુ મારપીટમાં તો છેદન ભેદનના ત્રાસ સહે, છતાં મરવાનું થાય નહિ; એટલે બિચારાને દુઃખની ભારે રીબામણ.

પહેલાં તો આ શેરીમાં જ્યારે મૂકવામાં આવ્યો ત્યારે પ્રારંભમાં જ ભીંતમાં એક સાંકડી લાંબી નળીવાળા ગોખલામાં પેસાડ્યો.





અહીં ભીંતની બીજી બાજુએ ત્યાંના પરમાધામી નામના લોકોએ એને એમાંથી એ નળીવાટે બહાર ખેંચી કાઢ્યો. એમાં જે શરીર પીલાયું, કચરાયું તેથી રાડેરાડ પાડી ઉઠયો. એ રાડ પૂરી થઈ ન થઈ ત્યાં ફટકા મરાવા શરૂ થયા. માથા પર જોર જોરથી લોખંડી ઘોકા ઝીંકાવા મંડ્યા ! બરડામાં ફટાફટ લાકડીઓના પ્રહારો થવા લાગ્યા ! ચંબૂ બિચારો ચીસાચીસ પાડીને કૂદાકૂદ કરી મૂકે છે, ત્યાં લોખંડી પગથી લાત લગાવી પત્થરીયા ભીંત સાથે એને અફળાવવામાં આવે છે. એવું એક વાર નહિ પણ વારંવાર કરી ભીંતની જોડે એવું માથું ટીચી ટીચીને લોહી વહેતું કરી નખાય છે.

આટલું કરીને એક પરમાધામી ત્યાંથી ગયો કે તરત ચંબૂજી જેવા ત્યાંના બીજા ચપ્પણીયાવાળા દોડીને સામા મારવા આવે છે. ત્યાંની જમીન એવી કે એમાંથી તલવાર, બરછી વગેરે શસ્ત્રોના જાણે પાક એકાએક ઉગી નીકળે છે. એ લઈને આ લોકો માંહેમાંહે કાપાકાપી ચલાવે છે. એટલામાં તો બીજો પરમાધામી ગુસ્સે થઈને આવીને ઉભો જ છે. હરામીઓ લડો છો ? કૂટી આપું. તે તીક્ષ્ણ કાતરથી શરીરના અંગોપાંગ પર કાપ મૂકે છે; શરીરમાં ધારદાર છરીઓ ભોંકે છે; તીક્ષ્ણ સોયા અને ખીલા ભોંકે છે. પછી પરમાધામી ધોબી જેમ ધોતીયાને પત્થર પર ઝીકે, ને ધોકાથી કૂટે તેમ; ચંબૂજીને પગેથી ઉંચકી

માથાને નીચે પથ્થર પર ઝીકે છે; અને શિલા પર સુવાડી ધોકાથી કૂટે છે; અહીં ચંબૂ ચીસાચીસ પાડી ઊઠે છે : 'ઓ બાપ ! ભૂલ નહિ કરૂં, માફ કરો.' એમ ચોધાર આંસુએ કરગરે છે ! ત્યારે પેલા કહે છે : 'હવે ? પૂર્વે કેવા નાચ નાચ્યો હતો ? કેવું ભાન ભૂલ્યો હતો ? લેતો જા એનું ફળ' એમ કરી વળી અફાળવા અને કૂટવા માંડે છે.

આમાં પછી ખૂબી એ કે એવી છેદાવા-ભેદાવાની, ને કૂટવા-પીટવાની ઘોર દુઃખદાયી ક્રિયામાં ચપ્પણીયાના પ્રભાવે મૃત્યુ તો નથી થતું; પણ એ અંગોપાંગ પાછાને પાછા અખંડ થઈ જાય છે ! જો કે વેદના અંદરખાને તો પૂર્વે અને પછી પણ ઘણી ઘણી અસહ્ય હોય છે; પણ મોત પ્રતિ પળે માંગવા છતાં મળતું નથી. આવું આગળના ભયંકર ત્રાસ અને જુલમોમાં સમજવાનું છે. તેથી વિચારો કે તો પછી જ્યાં ફરી ફરી કાપણ-કૂટણ માટે અંગોપાંગ તૈયાર, અને એના પર એવા જ ઘોર ત્રાસ શરૂ, ત્યાં પીડા કેટલી ? વેદના કેવી ?

વળી એક જઈને બીજો પરમાધામી આવે છે, એનું ત્રાસ-નાટક વળી ઔર જુદું. એ તો મોટી ધીખતી સગડીઓ પર આ ચંબૂજીએ સાણસાથી મજબુત પકડીને મકાઈ ડોડાની જેમ ફેરવી ફેરવી શેકે છે. એથી એ ગમે તેટલી ચીસાચીસ ને રાડારાડ પાડી ઉઠે, પણ અહીં કોણ દયા ખાવા તૈયાર છે ? ઉપરથી





મોઢામાં ભડભડ સળગતા લાકડાં ને અંગારા ખોસે છે. આ માફી માગે 'ભાઈસા'બ ! છોડો,' ત્યારે પેલા ટોણો મારે છે કે 'પૂર્વે જૂઠું બોલતાં ને ઝઘડતાં સારૂં લાગ્યું હતું ને ?' એના આ સ્વાદ ચાખ્યા કરો. 'કોઈ શિખામણ આપે એની સામે દાંત કચડતા હતા ?' એમ કહી કહીને અહીં હથોડાથી બિચારાના દાંત તોડી નાખે છે.

આટલું બધું છતાં પેલા મૂળ લુચ્ચાઓના શીખવેલા અનિષ્ટ અંગેના નાચ પાછા ચાલુ છે. તે ગુસ્સો, રૌદ્ર ધ્યાન, અતિ-દીનતા, બળતરા, હાયવોય વગેરે છૂટતા નથી ! કેવું આશ્ચર્ય ! જે શઠના નામથી આટલી કારમી વેદના ભોગવે છે, એય છોડવાની વાત નહિ ! કેવી મહામૂર્ખાઈ !

અહીં તો પરમાધામી ઉપર પરમાધામી આવ્યે જ જાય છે. કોઈ ચંબુજીને દડાની જેમ અદ્ધર ઉછાળી ઉછાળી ભાલાની અણી પર ઝીલે છે; તો કોઈ પરમાધામીઓ વળી કૂટબોલના દડાની જેમ સામસામી પગેથી મારામાર કરતા ઉછાળે છે. ત્યાં સામાવાળા લોખંડી મુટ્ઠી કે લોખંડી પગેથી મારામાર કરતા ઉછાળે છે. ત્યારે બીજા વળી ઘાણીમાં પીલે છે, કોલુમાં પીલી લોહી કાઢે છે અને બહાર નીકળેલા કૂચા જેવા એને, ઉપર ઘણના ઘાથી ટીપે છે.

ત્યારે અન્ય પરમાધામીઓ એને મોટી ભટ્ઠીઓમાં ઈંટ ઘડાની

જેમ દીર્ઘકાળ સુધી શેકે છે; અને એમાંથી બહાર કાઢી મોટી કડાઈઓમાં કડકડતા તેલમાં પૂરીની જેમ તળે છે, તો વળી, બીજા પરમાધામી એને કાચી કેરીની જેમ ચામડી છોલી નાખે છે ! કેવો ત્રાસ ! કેવી લા'ય ! એક વખતના મહાસુખીને આ ભયંકર દુઃખ ! શાથી ? વિચારજો કે આપણે એવા આંતરિક આ ભયંકર દુઃખ ! શાથી ? વિચારજો કે આપણે એવા આંતરિક લુચ્ચા શત્રુઓના સંગથી શું પામીશું ? પાછું ચંબૂજીને મીઠાના ખારા પાણીમાં ઝબોળે છે.

બીજા કરવત વડે ચંબૂના માથેથી વહેરવા જ મંડે છે; પછી છરીથી કાકડીની જેમ શરીરના નાના પીતા-નાના ટૂકડા કરે છે. ચપ્પણીયાના મહિમાથી પાછા આ ટૂકડા પારાની જેમ ભેગા થઈ એકરૂપ બની જાય છે. એટલે ફરી પાછા ટૂકડા થવાનું. છે પીડાનો પાર ? પરમાધામી આવીને ઊભી તીક્ષ્ણ અણીદાર શૂળી પર એને બેસાડી ગુદા દ્વારા ઠેઠ પેટ અને છાતી સુધી શૂળીમાં પરોવી દે છે. પાછો આવોને આવો પરોવેલો સીધો અગ્નિની ઝાળ પર ધરી રાખે છે.

આ પત્યું ના પત્યું ત્યાં વળી કોઈ પરમાધામી ધારદાર વાંકી કિરપાણ પેટમાં ખોસી અંદરના લોચા બહાર ખેંચી કાઢે છે ! તો ઔર બીજો કોઈ લાલચોળ તપાવેલી અણીયાળી સોય એકસામટી સો- બસો શરીરમાં ભોંકે છે ! એમાંય નખના





અને બીજા કોમળ ભાગોમાં તથા મર્મ સ્થાનોમાં એની પીડા તો અતિ ઉગ્ર કોટિની બને છે ! ચંબૂ ચીસાચીસ પાડે છે.

એ ગયો ત્યાં વળી નવો પરમાધામી આવીને ધીખતા અગ્નિમય લોખંડી પૂતળીયો સાથે એને ભેટાવે છે, ત્યાં એ લા'ય લા'ય બળે છે. એમાં જો પૂતળીને જાતે મૂકી દઈ છૂટો થવા જાય તો પાછળથી તીક્ષ્ણ ભાલા, કાતર, છરા તૈયાર તે ઝટ ભોંકાય છે, કે કડકડતા તેલમાં એને ઝીંકાવું પડે છે !

આ પીડાઓ ઉપરાંત વચમાં અન્યોન્ય જાત ભાઈઓની કાપાકાપી, દંડાદંડી, મારામારી વગેરે ચાલુ છે.

એટલું જ નહિ પણ ત્યાંની હવા, ધરતી વગેરે પણ ભયંકર, ત્યાંની હવા ખેરના અંગારા કરતાં'ય એટલી બધી ઉષ્ણ કે જો ત્યાંથી એ જીવને અહીં લાવી ખેરના અંગારા પર સુવરાવવામાં આવે તો એ છ મહીના ઘસઘસાટ ઊંઘે ! ત્યારે ધરતી તો જાણે અસ્ત્રાની ધાર જેવી તીક્ષ્ણ ! ઝાડ જેવા દેખાય કે જ્યાં વિસામો લેવા એ જીવ જાય ત્યાં ઊપરથી તલવારની ધાર જેવા અણીયાળાં ભારે પાન, અને લોખંડી ગોળા જેવા ભારે ફળ માથા પર ઝીંકાય !

ચંબૂજીએ આ બધામાં એક સરખી કારમી વેદનાઓ અસંખ્યકાળ સુધી વેઠી વેઠીને છેવટે એ ચપ્પણીયાનો કાળ પૂરો થયો તે લઈ લેવામાં આવતાં મહામુસીબતે છૂટકારો મળ્યો.

## તુચ્છ જીવની શેરીમાં

ત્યાંથી મનુષ્ય- તિર્યંચ- દેવવાળી બીજી શેરીઓના ચપ્પણીયા લઈ, પાછા નરકશેરીમાં આવી અનંતકાળ પસાર કર્યો. એમાંય વચમાં વચમાં તો તિર્યંચશેરીમાં એવી દશા થઈ કે ક્યાંક તો પાંચ ઈન્દ્રિયોની શક્તિઓ મળતી હતી. પરંતુ એથી ય નીચાં તિર્યંચશેરીના વિચિત્ર ચપ્પણીયાં મળતાં ગયાં. એવા કે જેમાં એક જ 'સ્પર્શ' ઈન્દ્રિયની શક્તિ મળે. જાણે એકલું શરીર, પણ મોં નહિ, જીભ નહિ, નાક-આંખ-કાન કશું નહિ. તેમાં માટી-મીઠું-પાણી-અગ્નિ-વાયુ-ઝાડપાન વગેરેની જેમ દળાવાનું-પીસાવાનું-બળવાનું-ઉકળવાનું... ઈત્યાદિનો હિસાબ નહિ ! અથવા બે ઈન્દ્રિયો, ત્રણ ઈન્દ્રિયો, ચાર ઈન્દ્રિયોની શક્તિ મળે. એમાં પાણીના પોરા, જળો, માંકડ, કીડા, કીડી, માખી, ડાંસ, મચ્છર વગેરેની ચપ્પણીયા ધરી ધરીને ચંબૂજીને ઘોર ત્રાસ સહવાના ! કેવા ? કે કીડી કોઈના પગ નીચે પીસાઈ. માખી જીવતીને જીવતી ગરોળીથી ગળાઈ. ડાંસ હાથના ઝપાટે મરાયા, કીડા આગમાં ફસાયા, મંકોડા ઉપર પડેલા ભાર નીચે કચરાયા આવા અવતાર અસંખ્ય-અનંતવાર ! આમ કેઈ અપરંપાર વેદનાનો વરસાદ ! ત્યારે પાંચેય ઈન્દ્રિયવાળા તિર્યંચના ચપ્પણીયાએ તો એના પર કાળો કેર વરતાવ્યો. જીવતી મરઘી ભાતની જેમ ઉકળતા પાણીમાં





બફાય ! માછલાની જીવતા જીવે શરીરે સોયા ભોંકાય ઉપર લુણના પાણી છંટાય અને પછી તેલમાં તળાય ! ઘઉંના બાટાને શેકવાની જેમ નાના ભુંડને જીવતાં ને જીવતાં અગ્નિની ભઠ્ઠીમાં નાંખી દેવામાં આવે ! બકરા-પાડાને ક્રૂર રીતે કાપી નાંખવામાં આવે ! વાછરડાની કોમળ ચામડી ઉતારી લેવા બહુવાર એના પર ઉકળતા પાણી નાખી એને ધોકાથી ઝૂડી-પીટી નાંખવામાં આવે અને પછી ચામડી ઉતારી લે ! આવી આવી અનેક દારૂણ પીડાઓ ચંબૂજીએ સહી ! ત્યાં એ ચીસો પાડે પણ કોણ દયા ખાય ? ચોધાર આંસુએ રડે, હૃદય થરથર ધ્રુજે, હાયને વોય કરે પણ બધું ફોગટ. લુચ્ચાઓની સંગતને લીધે કારમું વેઠ્યે જ છૂટકો.

## મનુષ્ય શેરીમાં સંતને લાત

અનંતોકાળ આવી વેદનામાં રીબાઈ શેરીઓમાં ભટકતા ભટકતા એકવાર મનુષ્યશેરીમાં ચંબૂજી આવ્યા છે; ત્યાં વળી જરા શેઠાઈ મળી છે. તે એકવાર લહેરથી રસ્તે ચાલ્યા જતા હતા. ત્યાં સામેથી સફેદ ચાદર ઓઢેલાં સંતપુરુષોનો ભેટો થઈ જાય છે. જો કે પૂર્વે પણ મળેલા; પણ ત્યારે તો એમની સામુંય જોયા વિના ચાલી ગયેલો.

એ સંત પુરુષો સામાન્ય રૂપે આને ઓળખે છે. કેમકે પોતે પણ પહેલાં એની જેમ જ ચપ્પણીયા સાથે શેરીઓમાં ભટકતા

હતા, નાચતા હતા. મજૂરી કરતા હતા. પણ એમને બીજા સંતો મળ્યા, મૂળ સ્થિતિ ઓળખાવી, બધું છોડાવીને સંત બનાવ્યા, અને સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્ર ભણાવ્યા એટલે તો પૂછવું જ શું ? એ જ્ઞાનથી બધી સ્થિતિ એમણે ઓળખી લીધી. પોતાની જેમ જ આ ચંબૂજીનો કરૂણ ભૂતકાળ સમજી જઈ એના પર ખૂબ જ દયાર્દ્ર બની ગયા. વિચારે છે કે 'આ બિચારો ખરી રીતે અનંત સમૃદ્ધિનો સ્વામી મહંત છતાં કેવા કેવા નરકાદિ શેરીમાં દારૂણ દુઃખોમાં ડુબી આવ્યો ! હજીય પેલા લુચ્ચાઓને સાથે રાખી રમી રહ્યો છે, તેથી વળી પાછો નરકાદિ શેરીઓમાં એને ઘસડાઈ જવું પડશે. તો દીર્ઘકાળ દુઃખમાં શેકાશે. તો લાવો એ બિચારાને સાવધાન કરીએ ! એમ વિચારી એને ઊભો રાખી સંતો આ પ્રમાણે કહે છે.

'મહાનુભાવ ! કોણ તું ?'

'હું ? કેમ મને ઓળખ્યો નહિ ! હું ચંબુજી ચપ્પણીયાવાળો.'

'ના ભાઈ ! ના, અમે સમજીએ છીએ ત્યાં સુધી તું તો અનામી નિરંજનનાથ મહંત છો.'

'હું મહંત ? છટ્ એવું જૂઠ્ઠું કહેતા નહિ.'

સંત કહે છે : 'જુઠ્ઠું નથી, સાચું છે. આ તું લુચ્ચા દુશ્મનોના હાથમાં ફસાઈ ગયો છે એટલે...'





આ સાંભળતા જ ચંબૂજીને ગુસ્સો આવ્યો. તાડુકી ઊઠે છે, 'શું બોલ્યા ? મારા મિત્રોને દુશ્મન કહો છો ? જાઓ તમારી સાથે હું વાત કરવા માગતો નથી.' એમ કહી ચાલતો થઈ ગયો. જે લુચ્ચાઓ કારમા દુઃખ અપાવે છે, તેને આ પાગલ મિત્ર માને છે ! સંતો ભાવિભાવ સમજી પોતાના પંથે પડ્યા. કેવી ચંબુજીની હીનભાગિતા ! દુશ્મનને દુશ્મન તરીકે સ્વયં ઓળખતો નથી, પણ ઓળખાણ સાંભળવી પણ નથી ! એ લુચ્ચાઓના નાચ કરી કરી એણે આજ સુધીમાં શું ઓછું સહ્યું છે. પણ હજી અજ્ઞાનતાનું ઘેન ઉતરતું નથી.

એથી એ તો પોતાની શેઠાઈના ભયંકર ઘમંડ, રોફ, રોષ, બીજાને મારપીટ, દુરાચાર, જૂઠ, અનીતિ વગેરેના કેટલાય નાચ નાચ્યે ગયો. એમાં કાળમર્યાદા પૂરી થવાથી ચપ્પણીયું પડાવી લેવામાં આવ્યું, અને એને માનવશેરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો.

ત્યાંથી એને નરકશેરીનું ચપ્પણીયું આપી તે શેરીમાં લઈ જવામાં આવ્યો; ત્યાં અસંખ્ય વર્ષો સુધી ભયંકર યાતનાઓ વેઠી. પછી બીજી શેરી અને આ શેરીમાં... એમ બહુ ભટકયો. એમાં માનવશેરીમાં વળી ક્યાંક સંતો મળ્યા તોય એમને ગણવાની વાત નહિ. મ્લેચ્છપણું, રાજાપણું, કસાઈપણું, વગેરેના જે ચપ્પણીયા મળ્યા. તેનો ઉપયોગ લુચ્ચાઓના શિખવેલા

રંગરાગ, પ્રેમ, દ્વેષ, માયા, તૃષ્ણા, વગેરેના અધમ નૃત્ય અને ખાનપાનની લીલાઓમાં કર્યો તેમજ એ માટે જ મજૂરી કરવામાં અને એના પરિણામે માર ખાવામાં સમય વીતાવ્યો, એમાં તિર્યંચ શેરીના અનેકાનેક પ્રકારના ચપ્પણીયા લઈને તો એવા ખેલ કર્યા કે જેનું મોટું વર્ણન થાય.

એવું કેટલુંય ચાલ્યા પછી એકવારનો અવસર છે કે એ માનવશેરીમાં અંતે સંત પુરુષની વાણી સાંભળવામાં થોભ્યા.

સંત પુરુષ કહે છે : 'ભાગ્યવાન ! સમજ કે અસલ તું અનામી નિરંજનનાથ મહંત છે. તારે આઠ અપૂર્વ અવર્ણનીય અક્ષય ખજાના છે. એથી તારે સુખનો પાર નહિ ! તે સુખ પણ આ દુનિયાના સુખની જેમ (૧) પરાધીન (૨) ક્ષણિક અને (૩) દુઃખમિશ્રિત તથા (૪) નવું દુઃખ જન્માવનારું નહી. એ તો અનંત આનંદ અને સહજતૃપ્તિ ! દુઃખનું નામનિશાન ત્યાં ન મળે. પણ આજે એ બધું તારા માટે સ્વપ્ન જેવું છે. અરે ! તને સ્વપ્નમાં પણ એનો ખ્યાલ નથી ! આજે જ નથી એમ નહિ, અનંતાનંતકાળથી એ ખ્યાલ તને નથી.'

ચંબૂજી પૂછે છે : 'પ્રભુ ! એનું શું કારણ ?'

સંતો કહે છે : 'એનું કારણ એ છે કે તું લુચ્ચાઓના વિશ્વાસમાં એમને પનારે પડયો છે. એ લુચ્ચાઓની આખી જમાતે તને





કામણ ખવરાવી, દારૂ પાઈ, અંધો અને મૂઢ કર્યો છે. અંધાપાથી તારી જાત જ તને ભૂલાવી દીધી છે. ઊલટું મૂઢતાથી તારામાં મિથ્યામતિ ઊભી કરાવીને ભળતી જ વસ્તુમાં તને મમત્વ કરાવ્યો છે ! તું ચંબૂ જેવો ય નહિ અને ચપ્પણીયાવાળો'ય નહિ. કેમકે તું તો અરૂપી અને અશરીરી છે. તું જાણતો નથી પણ તને બેડીઓથી જકડ્યો છે. ન જાણવાનું કારણ એ, કે એ જકડામણ તારે રોજીંદી થઈ ગઈ, એટલે તું એમ જ માની બેઠો કે સ્વાભાવિક રીતે જ હાથ-પગ આમ રહેતા હશે ! એ પછી તને ભૂખ-તરસ ઊભી કરી, ચપ્પણીયાં આપ્યાં અને આખા લોકપુરમાં જુદી જુદી શેરીઓમાં તને ભટકતો કર્યો ! એમાં તારી પાસે કેઈ કેઈ નાચ કરાવ્યા ! (અહીં સંતે ગમતા-અણગમતા પરના અનેક પ્રકારના નાચનું વર્ણન કરી બતાવ્યું.)

એની સાથે મજૂરી પણ કેઈ પ્રકારની ઠેઠ નીચમાં નીચ કોટિ સુધીની કરાવી ! અત્યારે પણ તું એ જ નાચ અને એ જ મજૂરી કરી રહ્યો છે. ઉપરાંતમાં તિર્યંચશેરીનાં અને નરક શેરીમાં ઘોર ત્રાસ, ને ભયંકર દુઃખ તેં અપનાવ્યા. આટલું છતાં તું થાકયો નહિ, સમજ્યો નહિ, તેથી લુચ્ચાની સંગત થઈ અને એના ફરમાવેલા નાચથી તું આજ સુધીમાં પાછો વળ્યો નહિ. અમારા જેવા સંત તને પૂર્વે પણ મળેલા હશે. પરંતુ લુચ્ચાઓની દવા-દારૂના કેફમાં તેં એમને ગણકાર્યા નહિ. પરંતુ બચ્ચા !

ધ્યાન રાખ કે સંત મળવાનું સ્થાન માનવ શેરી છે અને એ શેરીમાં આવવાનું ઘણું મુશ્કેલીભર્યું છે. હવે જો એમાં આવ્યા પછી હજી પણ સંતનું શરણ નહિ લે, તો સમજી રાખજે કે, જેવો પૂર્વે મહાદુઃખદાયી ભૂતકાળ દેખ્યો, તેવો દુઃખદ ભવિષ્યકાળ હજી દેખશે ! અમારે તારી પાસેથી કોઈ સ્વાર્થ નથી; પણ આ લુચ્ચાઓથી તારા જેવા નિરંજનનાથની ઘોર વિડંબણા થતી જોઈ તારા માટે અમારૂં દિલ દ્રવી જાય છે ! એથી આટલું કહેવાનું મન થાય છે. વળી જો કે અમે પણ એકવાર તારા જેવા અજ્ઞાન મૂઢ હતા અને અમે પણ ઘણું રીબાયા હતા, છતાં આ લુચ્ચાઓથી ભરમાવેલા અમે એનકવાર સંત પુરુષોની સલાહને ઠોકરે મારી હતી ! ઉલટુ, અમે એમને - સંતોને અજ્ઞાની ગણતા હતા. એ તો વળી કાળ પાકયો અને આંતરચક્ષુ ખુલી. તે મહાત્માઓનું શરણું લઈ લુચ્ચાઓની અમુક અમુક જાળમાંથી છૂટ્યા. છતાં હજીય એનું પકડાવેલું આ ચપ્પણીયું ખસતું નથી. પણ સામો પ્રયત્ન અમારો ચાલુ છે, તેથી આખરે મૂળ સ્થિતિ મળશે.

માટે સમજી જા. જેમ માનસરોવરમાં મસ્ત એવા રાજહંસને ગટરમાં ઝીલવાનું હોય નહિ, તેમ અસલ અક્ષય ખજાનામાં મસ્ત એવા નિરંજનાથને આ ચપ્પણીયાની લીલા તથા નૃત્ય અને મજૂરી જેવી ગટરમાં ઝીલાવાનું હોય નહિ.





ચંબૂજી આ બધું એકાગ્રતાથી અને રસપૂર્વક સાંભળીને એના પર શ્રદ્ધાવાળો બન્યો અને લુચ્ચાઓથી ભડકયો ! પોતાની મૂળ સ્થિતિ હજી દેખાતી નથી. છતાં 'એમ જ છે.' એ રીતની વસ્તુ ઉપર શ્રદ્ધા બેઠી. એટલે પૂછે છે : 'હેં પ્રભુ ! પણ આપ જ કહો છો કે હજી અમારાથીય ચપ્પાણીયું છૂટતું નથી, તો મારાથી એકદમ એ શી રીતે છૂટે ? અને ચપ્પણીયું હોય ત્યાં સુધી નાચ, મજૂરી વગેરે તો કરવી જ પડે ને ?

એના ઉત્તરમાં કરુણાસિંધુ સંત કહે છે કે 'જો ચપ્પણીયું ભરવા નાચ, મજૂરી કરવી જ પડે એવું નથી. તું જુએ છે ને કે આ અમે ક્યાં કરીએ છીએ.. ?'

'પણ તો તમને લોકો કેમ આપે છે ?'

'અમારૂં જીવન જ એવું છે કે તારા જેવા સારા માણસો અમારી પાસેથી કોઈ જ આશા રાખ્યા વિના અમને ખુશીથી આપે છે, અને બીજું એ પણ છે કે અમારે દરેક પાસેથી લેવાનું કેટલું ? નામનું જરાક જરાક. તો બોલ, ચાલે કે નહિ ?'

'ચાલે જરૂર ચાલે, તો પછી નાચ, મજૂરી વિના તમારે આખો દિવસ કરવાનું શું ?'

'અરે ભલા ! કરવાનું પૂછે છે ? પૂર્વના કરમ-સંત પુરુષોએ એ લુચ્ચાઓને, એની દવાની અસરોને, એમ એની બેડી બંધન

અને આંખના પાટાને મૂળમાંથી ઉખેડી નાખવા માટે જે ઔષધિ પ્રયોગ, મંત્ર-જાપ., કષ્ટ સહન, અને ચોક્કસ જીવનની ચર્યાઓ, મર્યાદાઓ વગેરે સેવવાનું કહ્યું છે, તે બધું ઘણું કરવાનું છે.'

આ બધું સાંભળીને ચંબૂજી બુઝયો. સંતના વચન પર બરાબર શ્રદ્ધા કરીને પહેલાં અમુક સમય એ સેવનનો અમુક અલ્પાંશે અભ્યાસ કર્યો. પછી તો મન મક્કમ કરી નાચ અને મજૂરી ફગાવી દીધા, અને સર્વાંશે સંતનું જીવન અંગીકાર કરી લીધું. એની સાધના કરતાં કરતાં લુચ્ચાઓની લુચ્ચાઈ અને ભયંકર ક્રૂરતા હવે નજરમાં આવવા લાગ્યા. એમ કરતાં કરતાં ચપ્પાણીયાનો કાળ પૂરો થયો. પણ ચપ્પણીયું આપનાર કર્મશત્રુએ હવે જોયું કે આ ચંબૂ હવે શઠમંડળીમાં નાચ નથી કરતો, તેથી ખુશ થઈને સારૂં દેવશેરીનું ચપ્પણીયું એને આપ્યું. કેમ જાણે પરીક્ષા કરવા, કે ચંબૂજી ત્યાં પાછા નાચમાં લપટાય છે કે કેમ ? પરંતુ આ તો સંતવાણીથી પવિત્ર અને દેખતા બનેલા હૃદયને ધારણ કરે છે. તેથી દેવશેરીમાં કદાચ બાહ્યાવ્યવહારમાં થોડું દેખાડવું પડે તો પણ, અંતરથી ઉદાસીન અને મંત્રાધીન સાધનાની ચિંતામાં રહે છે; એ સાધના માટેના યોગ્ય માનવશેરીના ચપ્પણીયાની રાહ જુએ છે ! એમ કરતાં દેવશેરીની અવધિ પૂરી થવાથી એને માનવશેરીનું ચપ્પણીયું મળ્યું. ત્યાં





લગભગ પ્રારંભમાંથી સંતો મળ્યા. એમની પાસેથી એણે સંતજીવન લઈ જોરદાર ઔષધ પ્રયોગ, મંત્ર-જાપ વગેરે એવા સાધ્યા કે કેફ તદ્દન ઉતરી ગયો. પછી તો અપૂર્વ પરાક્રમથી બધા બંધન તોડી નાંખ્યાં. અંતે અસલ નિરંજન નિર્મળ સ્વરૂપવાળો થઈ કાયમ માટે પોતાના મઠ ભેગો થઈ ગયો.

# કથાનો ઉપનય

**આ** દષ્ટાંતમાં ખૂબ રહસ્ય છે. આપણા અનાદિથી ચાલ્યા આવતા સંસારનો ઈતિહાસ છે. સમજવાનું એ છે કે **ચંબુજી એ સંસારી જીવ છે. મુખ્ય ચાર લુચ્ચાઓની** ચંડાળ ચોકડી એ ચારે કષાય ક્રોધ, માન, માયા અને લોભ છે. એણે આવીને મહંતને ભરમાવી વશ કર્યો અને મોહનો દારૂ પાયો. એટલે મહંતનું મગજ ગેબ થવાથી ખરૂં પોતાનું બધું ભૂલી ગયો એમ આ જીવ મોહવશ પોતાનું આત્મપણું વગેરે ભૂલ્યો. **બીજી બાજુ લુચ્ચાઓએ બીજા સાગરીતો કામ-હાસ્ય-શોક-હર્ષ-ઉદ્વેગ-ઈર્ષ્યા-દીનતા** વગેરેને અહીં બઝાડી દીધા. એ બધાના સંગથી ભયંકર એ થયું કે જીવ બેડી એટલે કે કર્મના બંધનમાં ફસાયો ! ત્યાં એના અખૂટ આઠ ખજાના એટલે કે જે અનંત જ્ઞાન-અનંત દર્શન વીતરાગતા-અનંત વીર્યાદિ-અનંત સુખ, અક્ષય સ્થિતિ, અરૂપીપણું-અને અગુરૂ-લઘુતા; એ આઠ આત્મગુણોના નિધાન હતા; એના પર કર્મના તાળાં લાગ્યા.

**જુદું જુદું જે ચપ્પાણીયું મળતું એ સંસારી શરીરો છે,** અને દેવશેરી વગેરે ચારશેરી એ સંસારની ગતિ છે.





### દષ્ટાંતમાં અસમાનતાઃ-

અહીં એ ખાસ સમજવાનું છે કે ચંબૂજી જેમ પહેલાં નિરંજનનાથ હતો પણ પછીથી ચંબૂજી બન્યો. પહેલાં એ વગર બંધનનો, વગર બેડીવાળો વગર ચપ્પણીયું અને વગર શઠ- સંપર્કવાળો હતો; પણ પાછળથી એ લુચ્ચાઓ, એ બેડી વગેરે આવ્યું, પહેલા ખજાના ખુલ્લા હતા, અને પાછળથી એના પર તાળાં લાગ્યાં, કથામાં આમ હતું.

પરંતુ જીવના સંબંધમાં એવું નથી કે ''મૂળ પહેલાં તો એ નિરંજન નિરાકાર સિદ્ધ અવસ્થામાં એટલે કે મોક્ષમાં હતો, પણ પછી સંસારી બન્યો; તેમ પહેલાં બંધન, બેડી, ચપ્પણીયું વગેરે કાંઈ જ નહોતું, કિંતુ પાછળથી કર્મની બેડીઓ લાગી; પાછળથી કષાય લુચ્ચાઓ આવ્યા; શરીરરૂપી ચપ્પણીયા મળતાં ગયા. એમ ખુલ્લા અનંતજ્ઞાનાદિગુણો પાછળથી બંધ થયા, કર્મના તાળાથી ઢંકાઈ ગયા.'' આવું નથી, **પરંતુ સાચી વસ્તુ એ છે કે જીવ અનાદિકાળથી જ સંસારી છે, પહેલાં કદી મુક્ત નહોતો. અનાદિકાળથી કર્મે બંધાયેલો જ કષાયોના સંપર્કમાં છે; શરીરરૂપી ચપ્પાણીયા ધારણ કરતો આવ્યો છે. ગુણ ખજાના બંધ છે.**

**આ બધું અનાદિનું છે.** અર્થાત્ બહુ પૂર્વે તો આત્મા શુદ્ધ હતો, સિદ્ધ હતો. મોક્ષમાં હતો અને પછી સંસારમાં પતન થયું એવું નથી. સંસાર તો અનાદિથી છે. કાર્ય- કારણભાવના તર્કને

અનુસારે પણ અનાદિસિદ્ધિ થાય છે. અહીં પ્રશ્ન થશે છે,

પ્ર.ꞈ તો પછી દષ્ટાન્ત ન ઘટતું કેમ આવ્યું ?

ઉ.- બાળ જીવને સમજાવવા માટે દષ્ટાન્ત એમ કલ્પેલું છે. જીવની પોતાની ખરી સ્થિતિ કઈ, અને લુચ્ચાઓના સંસર્ગમાં બેહાલ સ્થિતિ કેવી થાય છે, એ બતાવવા એમ કહ્યું છે, બાકી દષ્ટાન્ત એકાંતે ઘટતું નથી, પણ ઘણેખરે અંશે ઘટતું છે, એ અહીંયા આગળ સમજાશે. કોઈપણ દષ્ટાન્ત સર્વાંશે ઘટે ખરૂં ?

પ્ર.- અનાદિને બદલે જીવમાં પણ પહેલાં મોક્ષ અને પછી લુચ્ચાઓનો સંપર્ક, એમની પ્રપંચલીલા તથા બેડીબંધન- સંસાર નવા થયા, એમ માનવામાં શો વાંધો ?

ઉ.- વાંધો મોટો, તો તો પછી હવે ફરી મોક્ષ માટે મથવું નકામું છે. કેમકે પછીય પાછો સંસાર ખડો થવાની સંભાવના છે. ખરી રીતે શુદ્ધ આત્મા પર કંઈજ આક્રમણ લાગી શકતું નથી. શુદ્ધમાં મલિનતા લાગવાને કોઈ કારણ જ નથી. મહંતની હકીકત તો લૌકિક જેવી હોવાથી, પહેલાં એ નિરાંતે પોતાની સંપત્તિમાં બેઠેલો, એને લુચ્ચાઓ ભરમાવી ફસાવે એ સંભવિત છે. પણ આત્મિક સંપત્તિની દષ્ટિએ તો જો આત્મા ખરેખર નિરંજન એટલે કે કર્મ અને મોહના અંજન વિનાનો હોય તો તો એનામાં રાગ, દ્વેષ, મોહ, હર્ષ, શોક, આકર્ષણ, તૃષ્ણા વગેરેનો કોઈપણ વિકાર હોય જ નહિ; તેથી આખા જગતમાં અનેકાનેક વિચિત્ર ઘટના





બનવાનું જોવા છતાં કે લુચ્ચા લોક ગમે તેવી એમની પ્રશંસાદિ કરે છતાં, એમના શુદ્ધ સ્વરૂપના હિસાબે આત્મામાં કાંઈ જ વિકાર, અશુદ્ધિ કે બંધન ઊભું થઈ શકે જ નહિ; માટે જ અશુદ્ધિ અનાદિની છે.

ચાર મુખ્ય લુચ્ચાઓ સાથે જે બીજા સાગ્રીતો મળ્યા છે; તે હાસ્ય, શોક, રતિ-અરતિ, ભય-કામ વગેરે બીજા દોષો સમજવાનો છે. તેમજ દારૂ **પાયો તે મોહરૂપી** દારૂ સમજવો. અને તેવી **દવા ખવરાવી, તે મિથ્યાત્વ** સમજવું. **બેડી-બંધન** બાંધ્યા તે **વિવિધ કર્મ** - જ્ઞાનાવરણીય આદિ સમજવા. ચપ્પણીયા રૂપી શરીર આપનાર એ છે, એમાં **આયુષ્ય કર્મ એ એની મર્યાદા** છે. એ પૂરી થાય એટલે શરીર ખુંચવાઈ જઈ ચંબૂજી જીવને કાઢી મૂકવામાં આવે છે. તે પછી પાછું નવું શરીર ચપ્પણીયું તરત મળે છે. શરીરમાં ઈન્દ્રિયો અને ગાત્ર છે. જીવ એમાં જગતના વિષયો અને આહારાદિ પદાર્થો માગી ખાય છે.

એ માટે નાચ નાચવાનું કહ્યું તે ત્યાં સ્પષ્ટ કરેલું છે. ગમતી વાત ઉપર ઝંખના, રાગ, મમત્વ, હર્ષ, પ્રશંસા, પ્રેરણા વગેરેની લાગણીઓ એ નાચ છે. અણગમતીમાં ઈતરાજી, દ્વેષ, વિયોગ, શોક, નિદ્રા, ઈત્યાદિના નાચ છે. મજૂરી જગતમાં સુપ્રસિદ્ધ છે, ત્યારે માર ખાવાની તો ક્યાં નવાઈ કે અજાણકારી છે ?

ચારેય ગતિમાં એક બાજુ અનેક પ્રકારની મોહની લાગણીઓ

D : VARTA VIHAR /**VARTA VIHAR- 9**.pm6.5 -
1st proof/ 5-2-14 / **2nd proof - 15-4-14** / CREATIVE

અને કુકર્મનાં પાપના આચરણ; તથા બીજી બાજુ દુઃખ, કષ્ટ વગેરે સહવાના; એ બધાનો તો બરાબર ખ્યાલ પૂર્વે વર્ણવેલાં ચંબૂજીના હાલ ઉપરથી આવે એવો છે.

**સાચો સંત** એટલે **સાધુ ભગવંતો** છે. બીજા કુગુરુઓ તો સંસારની શેરીઓમાં રખડાવે તેવો માર્ગ દેખાડે છે. ત્યારે સાધુ ભગવંતો સાચો આત્મશુદ્ધિનો માર્ગ ઉપદેશે છે. ચંબૂજી જેવા મૂર્ખ જીવને એ ગમતું નથી. તેથી કેટલી'ય વાર સાધુ ભગવંત મળે છતાં તેમને અવગણે છે. છેવટે કાળ પાકયાથી સાધુ પુરૂષનો ઉપદેશ રસથી સાંભળે છે; એના પર શ્રદ્ધા કરે છે; આગળ વધીને દાન, શીલ, તપ, ભાવનો ઔષધ પ્રયોગ કરે છે. પ્રારંભે શ્રાવક ધર્મના વ્રત અને આચારધર્મનો પ્રયોગ કરે છે; પછી સાધુ ધર્મના મહાવ્રત અને બાહ્ય અભ્યંતર તપયુક્ત પંચાચારના ઔષધનો પ્રયોગ આચરે છે. મંત્રજાપમાં જૈન શાસ્ત્રનો સ્વાધ્યાય કરે છે. કઠોર ચર્યામાં સંવર માર્ગે પરિષહ વિગેરે આદરે છે. જ્ઞાનધ્યાનમાં મસ્ત રહી મોહ અને કર્મના બંધન કાપીને અનામી નિરંજન નિરાકાર પરમાત્મા બની સદાને માટે સ્વાત્મસમૃદ્ધિમાં મસ્ત રહે છે.

આ ઉપનયને બરાબર લક્ષમાં રાખીને દષ્ટાંત ફરીથી વાંચતા સ્થળે સ્થળે ઉપરોક્ત ઉપનય ઘટાડવા વગેરેની પુખ્ત વિચારણા સાથે મનન કરવા જેવું છે.

**સમાપ્ત**





D : VARTA VIHAR /**VARTA VIHAR- 9**.pm6.5 -
1st proof/ 5-2-14 / **2nd proof - 15-4-14** / CREATIVE